અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

13 FEBRUARY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 222 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  જેલમાં બંધ ઈમરાનને એક આંખે દેખાવાનું બંધ થયું: PAK પૂર્વ PMએ 85% દ્રષ્ટિ ગુમાવી

4  બાંગ્લાદેશ ચૂંટણી અને રાજકીય રક્તપાત વચ્ચે જૂનો સંબંધ

6  ASSIનું 'મન હવા...' શક્તિ, સત્ય, સંકલ્પથી ભાવનાને ઉત્તેજિત કરે છે

7  સેન્સેક્સ 559 પોઈન્ટ ઘટીને 83,675 પર બંધ: નિફ્ટી પણ 147 પોઈન્ટ ઘટીને બંધ થયો

# 114 નવા રાફેલ જેટ અને 6 P-81 એરક્રાફ્ટ ખરીદશે ભારત, સૌથી મોટી ડિફેન્સ ડીલને DACની મંજૂરી...

**નવી દિલ્હી, તા.12**

ભારતની રક્ષણાત્મક શક્તિને નવી ઊંચાઈએ લઈ જવા માટે સંરક્ષણ મંત્રાલયે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC) ની બેઠકમાં ભારતીય વાયુસેના (IAF) માટે વધારાના 114 રાફેલ ફાઈટર જેટની ખરીદીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ સોદો અંદાજે 3.25 લાખ કરોડનો હોવાનું મનાય છે.



ભારતીય વાયુસેનાને હાલમાં 42 સ્ક્વોડ્રનની જરૂરિયાત સામે માત્ર 29 સ્ક્વોડ્રન જ કાર્યરત છે. જૂના થઈ રહેલા મિગ-21 (MiG-21) વિમાનોને સેવામાંથી હટાવ્યા બાદ સર્જાયેલી અછતને પૂરવા માટે આધુનિક ફાઈટર જેટ્સની તાતી જરૂરિયાત હતી.

વર્તમાન સ્થિતિ: ભારત પાસે અત્યારે 36 રાફેલ જેટ્સ છે, જે અંબાલા અને હાશીમારા એરબેઝ પર તૈનાત છે.

ચીન-પાકિસ્તાન પડકાર: લદ્દાખ સ્ટેન્ડઓફ અને સરહદી સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાયુસેનાને વધુ આધુનિક હથિયારોથી સજ્જ કરવું અનિવાર્ય બન્યું છે.

આ સોદાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ પૂર્ણ થશે. ફ્રાન્સની દસોલ્ટ એવિએશન (Dassault Aviation) કંપની ભારતની સ્થાનિક પાર્ટનર કંપની સાથે મળીને ભારતમાં જ આ જેટ્સનું ઉત્પાદન કરશે. આ પ્રોજેક્ટથી ભારતમાં હજારો નવી નોકરીઓનું સર્જન થશે અને અત્યાધુનિક સંરક્ષણ ટેકનોલોજી ભારતને મળશે. શરૂઆતના 18 જેટ્સ 'રેડી-ટુ-ફ્લાય' સ્થિતિમાં આવશે, જ્યારે બાકીના ભારતમાં બનાવવામાં આવશે.

આગામી પગલું: DAC ની મંજૂરી બાદ હવે આ પ્રસ્તાવ કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS) પાસે જશે, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં અંતિમ મહોર મારવામાં આવશે.

રાજદ્વારી મહત્વ: આ નિર્ણય ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની આગામી (15-17 ફેબ્રુઆરી) ભારત મુલાકાત પહેલા લેવામાં આવ્યો છે, જે બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધો દર્શાવે છે.

મેટિયોર (Meteor) અને સ્કલ્પ (SCALP) જેવી લાંબા અંતરની મિસાઈલોથી સજ્જ છે, જે દુશ્મનને દેખાયા વગર જ હવામાં તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.

આ સોદો ભારતને વૈશ્વિક સ્તરે વાયુસેનાની તાકાતમાં અગ્રેસર બનાવશે. જોકે, સ્વદેશી 'તેજસ MK-2' અને વિદેશી 'રાફેલ' વચ્ચે બજેટનું સંતુલન જાળવવું એ સરકાર માટે આગામી પડકાર રહેશે.

રાફેલ જેટ્સની ક્ષમતા વધારવા માટે ફ્રાન્સની અત્યાધુનિક સ્કાલ્પ ક્રૂઝ મિસાઈલની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી. અહેવાલો અનુસાર, સંરક્ષણ મંત્રાલયે રાફેલ જેટ્સની સાથે મોટી માત્રામાં આ સ્કાલ્પ ક્રૂઝ મિસાઈલો ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી દીધી છે. આ મિસાઈલ દુશ્મનના વિસ્તારમાં ઘૂસીને ખૂબ જ ચોકસાઈ સાથે હુમલો કરવામાં સક્ષમ છે, જે ભારતીય વાયુસેનાને વ્યૂહાત્મક રીતે મજબૂત બનાવશે.

એક તરફ ફ્રાન્સ સાથે સંરક્ષણ સંબંધો મજબૂત થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ ભારત અમેરિકા સાથે પણ મહત્વના સોદાઓ કરવા જઈ રહ્યું છે. P-8I વિમાનોની ખરીદીને DAC ની બેઠકમાં અમેરિકા સાથે અંદાજે 3 અબજ ડોલર (આશરે 25,000 કરોડ) ની સંરક્ષણ ખરીદી પર સહમતિ બને તેવી શક્યતા છે. આ અંતર્ગત 6 'P-8I' (સમુદ્રી દેખરેખ અને એન્ટી-સબમરીન વોરફેર) વિમાનો ખરીદવાના પ્રસ્તાવ પર ગંભીર ચર્ચા કરવામાં આવી છે. આ વિમાનો સમુદ્રમાં ચીની સબમરીન પર નજર રાખવા માટે અત્યંત મહત્વના સાબિત થશે.

# અમેરિકા સાથે ટ્રેડ ડીલમાં કેન્દ્રએ ભારત માતાને વેચી દીધા : રાહુલ

## મોદી પર અમેરિકા સાથે ડીલ કરવા દબાણ, અદાણીને અમેરિકાના કેસમાં સમન્સ છતા 18 મહિનાથી સરકારે જવાબ ન આપ્યો : રાહુલ

**નવી દિલ્હી, તા.12**

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અને અદાણીને સમન્સ તેમજ એપસ્ટીન ફાઈલ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી હતી. સંસદમાં કેન્દ્રીય બજેટ પર ચર્ચામાં ભાગ લેતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારે અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં ભારત માતાને વેચી નાખ્યા છે. આ ટ્રેડ ડીલ હોલ્સેલ સરેન્ડર છે, ભારતની એનર્જી સિક્યોરિટીને અમેરિકાને સોંપી દેવામાં આવી છે સાથે જ ભારતના ખેડૂતોના હિતો સાથે બાંધછોડ કરવામાં આવી છે. દબાણ વગર કોઈ પણ વડાપ્રધાન આવી ડીલ માટે સંમત ના થાય. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરતા કહ્યું હતું કે મોદીની આંખોમાં ડર દેખાઈ રહ્યો છે, આ ડરના બે મુખ્ય કારણો છે. જેમાં એક છે એપસ્ટીન, એપસ્ટીનનું નામ બોલતા જ સ્પીકરે રાહુલ ગાંધીને અટકાવ્યા હતા. બાદમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારના સંરક્ષણ બજેટમાં અદાણીને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. અદાણી



કોઈ સામાન્ય બિઝનેસમેન નથી, ના તો તેમની કંપની સાધારણ છે. તેમની કંપની પર અમેરિકામાં કેસ છે, આ કંપની ભાજપનું નાણાકીય સ્ટ્રક્ચર છે. અમેરિકામાં ચાલી રહેલા કેસમાં અદાણી સામે સમન્સ જારી થયા છે, છેલ્લા ૧૮ મહિનાથી ભારત સરકારે તેનો કોઈ જ જવાબ નથી આપ્યો. નરેન્દ્ર મોદી પર અમેરિકા સાથે ડીલ કરવા માટે સીધુ દબાણ છે.

બાદમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અનિલ અંબાણી જેલમાં કેમ નથી તેનું કારણ છે એપસ્ટીન ફાઈલ, હરદીપ પુરી મંત્રી છે અને આ જ ગૃહના સભ્ય છે. રાહુલ ગાંધીએ અમેરિકા સાથેની ટ્રેડ ડીલ પર વાત કરતા કહ્યું હતું કે આ ડીલમાં કેન્દ્ર સરકારે સરેન્ડર કરી દીધુ છે, અમેરિકાના હાથમાં ભારતના નિર્ણયો સોંપી દેવાયા છે. આપણા કૃષિ ક્ષેત્રને અમેરિકા માટે ખોલી નાખવામાં આવ્યુ છે. સરકારે ખેડૂતોના હિતમાં કઈ જ ના વિચાર્યું. ભારતને વેચીને પણ સત્તાધીશોને શરમ નથી આવી રહી. અમેરિકાનો ભારતની વસ્તુઓ પરનો ટેરિફ ત્રણ ટકાથી વધીને ૧૮ ટકાએ પહોંચાડી દેવામાં આવ્યો. ભારતે ડેટા હેન્ડઓવર કરી દીધા. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટમાં દાવો કર્યો હતો કે અમેરિકા સાથે મોદીએ જે ટ્રેડ ડીલ કરી છે તેમાં ભારત તરફથી જે બાંધછોડ કરવામાં આવી છે આવું દબાણ વગર કોઈ પણ વડાપ્રધાન ના કરી શકે. દેશના યુવાઓની નોકરી, ભારતના ખેડૂતોના પાક આ તમામને આ ડીલમાં દાવ પર મુકી દેવાયા છે. ભારે દબાણ હોય ત્યારે જ કોઈ વડાપ્રધાન આ રીતે સરેન્ડર કરે. અદાણી કેસ હોય કે એપસ્ટીન ફાઈલ મોદીજીએ સત્તાને બચાવવા માટે દેશના હિત સાથે બાંધછોડ કરી છે. જ્યારે સંસદમાં રાહુલે કહ્યું હતું કે આ ટ્રેડ ડીલમાં ખેડૂતોના હિતોને દાવ પર લગાવાયા, ટેક્સટાઈલ્સને હટાવી દેવાઈ, એનર્જી સિક્યોરિટી અમેરિકાને સોંપી દેવાઈ, આ હોલ્સેલ સરેન્ડર છે.



# સગાઈ તોડી એટલે પથ્થર મારી મોઢું છૂંદી નાખ્યું : પિતાને ફોન કરી કહ્યું, તમારી દીકરીને પતાવી દીધી



**અમદાવાદ, તા.12**

અમદાવાદમાં ગઈકાલે (11 ફેબ્રુઆરી) રાત્રે બે હત્યા થતાં ચકચાર મચી છે. પહેલા બનાવમાં કાંકરિયાના ગેટ નંબર 7 પાસે એક યુવકે સગીરાની હત્યા કરી દીધી હતી. મૃતક સગીરા અને આરોપીની બે દિવસ પહેલાં જ સગાઈ તૂટી હતી. સગાઈ તૂટતાં આરોપી સગીરાને વાત કરવાનું કહીને સાથે લઈ ગયો હતો. બાદમાં કોટા સ્ટોનનો ધારદાર અણીવાળો પથ્થર મારી મોઢું છૂંદી નાખ્યું. હત્યા બાદ મૃતક સગીરાના પિતાને ફોન કરી કહ્યું કે તમારી દીકરીને પતાવી દીધી છે અને હું પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કરી રહ્યો છું. હાલ તો સમગ્ર મામલે મણિનગર પોલીસે હત્યા કરનાર હેવાન મહંમદ આવેઝ પઠાણની ધરપકડ કરી લીધી છે. તો વટવામાં આસીફ શેખ નામના યુવકે શકીલ નામના યુવકની હત્યા કરી છે. આસીફ અને શકીલ બેસીને વાતો કરી રહ્યા હતા ત્યારે આ હિંસક બનાવ બન્યો હતો.

ગોમતીપુરમાં રહેતી 17 વર્ષની સગીરાની મહંમદ આવેઝ પઠાણ નામના યુવક સાથે સગાઈ થઈ હતી. 11 ફેબ્રુઆરી રાતના સમયે સગીરા અને આવેઝ રાતના 10:30 વાગ્યાની આસપાસ કાંકરિયા ગેટ નંબર 7 પાસે મળ્યાં હતાં. આવેઝને કેટલાક સમયથી સગીરા પર શંકા હતી, જેથી આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આવેઝે ગુસ્સામાં કોટા સ્ટોનનો ધારદાર અણીવાળો પથ્થર મારીને હત્યા કરી હતી. પોતાની મંગેતરની હત્યા કર્યા બાદ આરોપી આવેઝ સામેથી મણિનગર પોલીસ સ્ટેશન હાજર થઈ ગયો હતો. મણિનગર પોલીસને બનાવની જાણ થતાં ડીસીપી, પીઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે બનાવની જગ્યા કોર્ડન કરીને સગીરાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

આ મામલે ઝોન 6 ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે યુવકે સગીરાને પથ્થર મારીને હત્યા કરી છે. યુવકને સગીરા પર શંકા હતી અને તેના જ કારણે હત્યા કરી હોવાની પ્રાથમિક વિગત મળી છે. પોલીસ દ્વારા આરોપીની પૂછપરછ બાદ હત્યાનું ચોક્કસ કારણ જાણવા મળશે.

મૃતક સગીરાના ભાઈએ જણાવ્યું હતું કે આરોપી આવેઝ મારી બહેનને અવારનવાર ફોન કરીને પરેશાન કરતો હતો. અમે 2 દિવસ અગાઉ જ સગાઈ તોડી નાખી હતી. અમે સગાઈ તોડી ત્યારે જ અમને ધમકી આપી હતી કે મારી બહેનને ઘરમાં આવીને મારી નાખશે. આજે મારી બહેનનું મોઢું ઓળખાય નહીં એ રીતે મોઢા પર પથ્થર મારીને હત્યા કરી દીધી છે.

મૃતકના પિતાએ જણાવ્યું હતું કે મારી દીકરી દુકાને હતી ત્યારે વાત કરવાનું કહીને આવેઝ તેની સાથે લઈ ગયો હતો, સાથે લઈ ગયા બાદ હત્યા કરીને મને સામેથી ફોન કરીને કહે છે કે તમારી દીકરીની હત્યા કરીને હું પોલીસને સરેન્ડર કરી રહ્યો છે. સગાઈ તોડી એટલે હત્યા કરી છે. મારી દીકરીનું મોઢું ઓળખાય એવું રાખ્યું નથી. અમારી માગ છે કે હત્યારાને ફાંસીની સજા આપવામાં આવે.

તો વટવામાં પણ એક યુવકની હત્યાનો બનાવ સામે આવ્યો છે. આસીફ શેખ નામના યુવકે શકીલ નામના યુવકની હત્યા કરી છે. આસીફ અને શકીલ બેસીને વાતો કરી રહ્યા હતા ત્યારે આ હિંસક બનાવ બન્યો હતો.

વટવા વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયામાં રહેતા મોહમદ સમીર અંસારીએ વટવા પોલીસ સ્ટેશનમાં આસીફ શેખ (રહે શ્યામપ્રસાદ મુખરજીનગર ચાર માળીયા, વટવા) વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. સમીર તેના સસરા ઐયુબ શેખના મકાનમાં વર્ષ 2011થી રહે છે અને શીવરંજની ખાતે નોકરી કરે છે. આ પહેલા સમીર બાપુનગર ખાતે આવેલા ચારોડીયાના મકાનમાં રહેતા હતા. બાપુનગરના મકાનો કટીંગમાં જતા સમીર પત્નિ અને સંતાનો સાથે સસરાના મકાનમાં રહેવા માટે આવી ગયો હતો.

સમીરને બે ભાઈ છે જેમાં એકનું નામ શબ્બીર છે અને બીજાનું નામ શકીલ છે. શકીલને શ્યામાપ્રસાદ મુખરજીનગર ચારમાળીયામાં રહેતા સદામ નામના યુવક સાથે બબાલ થઈ હતી. સદામનો બનેવી આસીફ શેખ પણ શ્યામાપ્રસાદ મુખરજીનગર ચાર માળીયામાં રહે છે. ગઈકાલે રાત્રે સમીર ઘરે સૂઈ રહ્યો હતો ત્યારે બે વાગ્યાની આસપાસ તેની માતા નસીમબાનુનો ફોન આવ્યો હતો અને કહેવા લાગી હતી કે તારા ભાઈ શકીલને વટવા શ્યામાપ્રસાદ મુખરજીનગર ચારમાળીયામાં કોઈએ હત્યા કરી નાખી છે.

બંને તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા તો શકીલ લોહીલુહાણ હાલતમાં જમીન પર પડ્યો હતો. શકીલની લાશ જોતાની સાથે જ તેની માતા પર આભ ફાટી પડ્યું હતું. શકીલના માથાના ભાગે હુમલો કરીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો.

આ દરમિયાનમાં સમીરને રૂબી નામની મહિલાએ જણાવ્યુ હતું કે આસીફ શેખ નામના યુવકે શકીલની હત્યા કરી છે. આસીફ અને શકીલ બેસીને વાતો કરી રહ્યા હતા ત્યારે આ હિંસક બનાવ બન્યો હતો. ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ તેમજ ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સમીરની ફરિયાદના આધારે પોલીસે આસીફ શેખ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## મોંઘી કારમાં દારૂની હેરાફેરી

# સફારીમાં ગાડીની ડેકી, દરવાજા અને બોનેટમાં ખુફિયા ખાના બનાવી લાખોનો દારૂ છુપાવ્યો



**અમદાવાદ, તા.12**

ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાંય બુટલેગર વિવિધ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને દારૂનો જથ્થો અમદાવાદમાં ઘૂસાડી રહ્યા છે. થોડા દિવસ પહેલા હેલ્મેટની આડમાં લાખો રૂપિયાના દારૂનો પર્દાફાશ પીસીબીની ટીમે કર્યો હતો. જ્યારે પાર્સલમાં આવતા દારૂનો ભાંડો પણ ક્રાઈમ બ્રાંચે ફોડ્યો હતો. ગઈકાલે ઝોન 4ની લોકલ ક્રાઈમ બ્રાંચ તેમજ નરોડા પોલીસ સંયુક્ત ઓપરેશ હાથ ધરીને દારૂ ભરેલી સફારી કાર ઝડપી પાડી છે. નંબર પ્લેટ બીજી લગાવીને દારૂની હેરફેર થઈ રહી હતી. સફારી કારમાં અલગ-અલગ જગ્યાએ ચોરખાના બનાવી લાવવામાં આવેલો 2.58 લાખના દારૂ ઝડપી પાડ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે, ટાટા સફારી સ્ટ્રોમ કારમાં દારૂની હેરફેર થઈ રહી છે. બાતમીના આધારે પોલીસની ટીમ વોચમાં હતી, ત્યારે એક ટાટા સફારી કાર આવી રહી હતી. નરોડા ગેલેક્સી સર્કલ પાસે કારને રોકીને સચીન જસબીરસિંહ બાંગડ (રહે ઉદયપુર), વિકાશ રણવીર કશ્યપ (રહે, હરીયાણા) અને અરબાઝ ઈસ્તેખાર અહેમદ (રહે, રખીયાલ) ની ધરપકડ કરી હતી. કારમાંથી પોલીસને લાખો રૂપિયાનો દારૂ મળી આવ્યો છે. મોડીરાતે સાડાત્રણ વાગ્યાની આસપાસ નરોડા ગેલેક્ષી ચાર રસ્તા ખાતે જાહેર રોડ ઉપર આરોપીઓ પાસેથી દારૂનો જથ્થો મળ્યો હતો, જેને દિનેશ નામના વ્યકિતએ મોકલાવ્યો હતો. એકબીજાની મદદગારીથી વગર પાસ પરમીટે પોતાની સફેદ કલરની ટાટા સફારી સ્ટ્રોમ ગાડીમાં દારૂ લાવ્યા હતા.

પોલીસે કારમાં તપાસમાં દરવાજાની અંદર સ્ક્રુ વડે ખોલીને જોતા દરવાજામાંથી દારૂ મળ્યો, ડેકીમાં સ્પેર વ્હીલની જગ્યા પાસેથી, બોનેટમાં એન્જિન પાસેથી એમ કારમાં અલગ-અલગ જગ્યા ચોરખાનું બનાવી લખો રૂપિયાની દારૂ લાવવામાં આવ્યો હતો, જેને પોલીસ ઝડપી પાડ્યો છે.

કારની તપાસ કરતા જાણવા મળ્યુ હતું કે, આરોપીઓએ ખોટી નંબર પ્લેટ લાગવી છે. પોલીસે ટાટા સફારી સ્ટ્રોમ ગાડીનો એન્જીન નંબર જોતા તેમજ ચેસીસ નંબર જોયો હતો. બાદમાં ઈ-ગુજકોપ એપ્લીકતેશનમાં સર્ચ કરતા આરટીઓની નંબર પ્લેટ ખોટુ હોવાનું સામે આવ્યુ હતું. ટાટા સફારી સ્ટ્રોમ ગાડીમાં ખોટી નંબર પ્લેટ લગાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી અને ગુનાહીત કાવતરૂ રચ્યુ હતું. પોલીસે આ મામલે ત્રણેયની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. આરોપીઓ પાસેથી પોલીસને 2.58 લાખ રૂપિયાનો દારૂ, બે મોબાઈલ ફોન સહિતનો મુદ્દામલ જપ્ત કર્યો છે.

## સિવિલમાં ગીરવતભાઈના અંગદાનથી બેને નવજીવન

# આણંદના ઉમરેઠના પરિવારના હૃદયસ્પર્શી નિર્ણયથી અત્યાર સુધીમાં કુલ 971 અંગો-પેશીઓનું દાન થયું...



**આણંદ, તા.12**

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરી એકવાર માનવતાએ મૃત્યુ પર વિજય મેળવ્યો છે. આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના અરદી ગામના વતની 45 વર્ષીય ગીરવતભાઈ સોઢા પરમારના અંગદાન થકી બે ગંભીર દર્દીઓને નવજીવન પ્રાપ્ત થયું છે. 7 ફેબ્રુઆરીના રોજ નડિયાદ પાસે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ગીરવતભાઈને માથામાં ગંભીર ઈજા થઈ હતી. નડિયાદ બાદ વધુ સારવાર માટે તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલના ICUમાં ખસેડાયા હતા, જ્યાં 10 ફેબ્રુઆરી 2026ના રોજ તબીબોએ તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કર્યા હતા. પતિના અકાળે અવસાનથી પત્ની મંજુલાબેન અને પુત્ર રજનીકાંત ભાઈ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. આમ છતાં, આ કપરા સમયે મંજુલાબેને અત્યંત માનસિક મક્કમતા દાખવી પોતાના સ્વજનના અંગદાનનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. આ નિર્ણયથી મૃત્યુની રાહ જોતા બે લાચાર દર્દીઓના જીવનમાં આશાનો નવો કિરણ ફેલાયો છે. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. રાકેશ જોશીએ જણાવ્યું કે ગીરવતભાઈનું લીવર અને એક કિડની સિવિલ મેડિસિટી કેમ્પસની જ કિડની હોસ્પિટલમાં પ્રત્યારોપિત કરવામાં આવશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાનની પ્રવૃત્તિ હવે એક વટવૃક્ષ બની ગઈ છે. હોસ્પિટલના સત્તાવાર આંકડા મુજબ, અત્યાર સુધીમાં 228 બ્રેઈન ડેડ વ્યક્તિઓના પરિવારોએ અંગદાન કર્યું છે, જેના દ્વારા કુલ 754 અંગો પ્રાપ્ત થયા છે. જો આમાં 180 ચક્ષુ અને 37 ચામડી (કુલ 217 પેશીઓ) ઉમેરવામાં આવે, તો અત્યાર સુધીમાં કુલ 971 અંગો અને પેશીઓનું સફળ દાન મેળવવામાં આવ્યું છે. હોસ્પિટલના રેકોર્ડ અનુસાર, અત્યાર સુધીમાં સફળતાપૂર્વક મેળવાયેલા અંગોમાં 202 લીવર, 419 કિડની, 73 હૃદય, 34 ફેફસાં, 18 સ્વાદુપિંડ, 6 હાથ અને 2 નાના આંતરડાંનો સમાવેશ થાય છે. ડો. રાકેશ જોશીએ ગીરવતભાઈના પરિવારના સાહસિક નિર્ણયની પ્રશંસા કરતા જણાવ્યું કે, આવા કિસ્સાઓ સમાજમાં અંગદાન પ્રત્યેની જાગૃતિ લાવવા માટે મશાલ સમાન છે. ગીરવતભાઈના અંગો દ્વારા કોઈના શ્વાસ ફરી ચાલશે, તે જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

# નડિયાદમાં વિદ્યાર્થીની આત્મહત્યા કેસમાં આરોપીની ધરપકડ ન થતાં રોષ

## દલિત સમાજે ન્યાયની માગ સાથે કલેક્ટર કચેરીએ ધરણા પ્રદર્શન કર્યું



**નડિયાદ, તા.12**

નડિયાદની નર્સિંગ કોલેજના વિદ્યાર્થીના આપઘાત કેસમાં દસ દિવસ વીતી ગયા હોવા છતાં આરોપીઓની ધરપકડ ન થતા દલિત સમાજમાં રોષ વ્યાપી ગયો છે. ન્યાયની માંગ સાથે પીડિત પરિવાર અને સામાજિક આગેવાનોએ આજે કલેક્ટર કચેરી બહાર ધરણા પ્રદર્શન કર્યું હતું.

આઠ દિવસ અગાઉ આ મામલે પાંચ આરોપીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જોકે, આરોપીઓએ ધરપકડ ટાળવા માટે હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા અરજી કરી છે. હાઈકોર્ટમાં આ કેસની આગામી સુનાવણી 17મી તારીખે નિર્ધારિત છે, પરંતુ પ્રદર્શનકારીઓ 17મી પહેલા આરોપીઓની ધરપકડની માંગ કરી રહ્યા છે.

સામાજિક આગેવાન હિતેન્દ્ર પરમારે જણાવ્યું હતું કે, પોલીસ પ્રશાસન આરોપીઓને છાવરી રહ્યું હોવાનું જણાય છે. ગુનો નોંધાયાના આટલા દિવસો બાદ પણ કાર્યવાહી ન થતા, તેમણે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. પરમારે ઉમેર્યું કે, આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને પોલીસ કોઈ પગલાં નથી લઈ રહી.

આ મામલે ભારતીબેને પણ પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું કે જો આરોપીઓ હાઈકોર્ટમાં અરજી કરી શકે છે, તો પોલીસ તેમને કેમ પકડી શકતી નથી? પરિવારે પોલીસને કોઈપણ રાજકીય કે સામાજિક દબાણ વગર તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે.

કલેક્ટર કચેરી બહાર દલિત સમાજના ધરણાને કારણે વાતાવરણ તંગ બન્યું છે. આગેવાનોએ ચેતવણી આપી છે કે જો 17મી તારીખ પહેલા કોઈ નક્કર કાર્યવાહી નહીં થાય, તો ન્યાય માટે આંદોલનને વધુ તીવ્ર બનાવવામાં આવશે.

નડિયાદના મંજીપુરા વિસ્તારમાં રહેતા અને દિનશા પટેલ નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જય વિજયકુમાર પાટીલે 1 ફેબ્રુઆરીના રોજ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું હતું. આત્મહત્યા પહેલા વિદ્યાર્થીએ સુસાઇડ નોટ લખી હતી. વિદ્યાર્થીએ સુસાઇડ નોટ માં લખ્યું હતું કે સોરી મમ્મી હું સુસાઇડ કરું છું પણ હું કંટાળી ગયો છું મેં કોઈપણ મેડમને કંઈ જ નથી બોલ્યો મેડમ પ્રૂફ વગર મારા પર બ્લેમ કરે છે. મારે મમ્મી તમને એક મારી જિંદગી આપવી હતી હું કોઈ ખોટો માણસ નથી હું ક્યારેય પણ કોઈને તેમના બોડી પર કોઈ મજાક નથી ઉડાવતો અને હું નથી બોલ્યો એટલે સુસાઇડ કરું છું બોલ્યો હોત તો કંઈ જ શરમ ના હોત. સોરી મમ્મી મારા લીધે તમને આટલા બધા પ્રોબ્લેમ થયા ભગવાને તમને એક સારો છોકરો આપવાનો હતો પણ હું ખોટો નથી. નાનો હતો ત્યારથી કોઈ એક દિવસ સારો નહીં જોયો અને અત્યારે લોકોને નડું છું. સમગ્ર બાબતે વિદ્યાર્થીના પિતા વિજય પાટીલે 5 લોકો સામે એટ્રોસિટીના ગુનો નોંધાવ્યો હતો. જેમાં આરોપીઓ દ્વારા હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવાની અરજી કરવામાં આવી હતી.

# નડિયાદ લેબર બાર એસોસિએશનના વકીલો હડતાલ પર: નવા લેબર કોડનો વિરોધ, કામગીરીથી અલિપ્ત રહ્યા....



**નડિયાદ, તા.12**

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલા ચાર નવા લેબર કોડના વિરોધમાં નડિયાદ લેબર બાર એસોસિએશનના વકીલો દેશવ્યાપી હડતાલમાં જોડાયા હતા. વકીલોએ કોર્ટની કામગીરીથી અલિપ્ત રહીને સરકારની શ્રમિક વિરોધી નીતિઓ સામે વિરોધ નોંધાવ્યો હતો.

વકીલોનો મુખ્ય આક્ષેપ છે કે આ નવા લેબર કોડથી કામદાર વર્ગનું મોટાપાયે શોષણ થશે. તેઓએ ચિંતા વ્યક્ત કરી હતી કે આ કાયદાઓ ઉદ્યોગપતિઓના હિતમાં અને શ્રમિકોના અહિતમાં હોવાથી મજૂર આલમની સ્થિતિ કફોડી બનશે.

આ લડતને મજબૂત બનાવવા માટે લેબર લો પ્રેક્ટિશનર એસોસિએશને પણ પોતાનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. વકીલોના મતે, આ નવા કોડના કારણે કામદારો અને કર્મચારીઓના દાયકાઓ જૂના મૂળભૂત અધિકારો જેવા કે પીએફ, ગ્રેચ્યુઈટી અને નોકરીની સુરક્ષા છીનવાઈ રહ્યા છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન વકીલોએ ભાજપ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સરકાર અંગ્રેજોની કુનીતિ અપનાવી રહી છે. બ્રિટિશ શાસન જેવી નીતિઓ ઘડીને કામદારોને પાયમાલ કરવાનો આ પ્રયાસ લોકશાહી દેશ માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે. ગુજરાતના તમામ ટ્રેડ યુનિયનોની સંકલન સમિતિ દ્વારા અપાયેલા દેશવ્યાપી હડતાલના એલાનને નડિયાદમાં વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. નડિયાદના લેબર વકીલોએ નવા કોડનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી આ કાયદાઓ પરત ખેંચવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

વકીલ મંડળે સરકારને ચીમકી આપી હતી કે જો કામદારોના હિતોનું રક્ષણ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં આ લડત વધુ ઉગ્ર બનાવવામાં આવશે. તેઓએ ચારેય લેબર કોડ તાત્કાલિક અસરથી પાછા ખેંચી લેવા અને જૂના શ્રમ કાયદાઓ જાળવી રાખવા માટે મક્કમતા સાથે માગણી કરી છે.

## હાઈબ્રિડ ગાંજા મામલે કસ્ટમ તપાસનો ધમધમાટ:

# ક્રૂ મેમ્બર, સફાઈ કર્મચારી અને સિક્યોરિટીની પૂછપરછ શરૂ



**અમદાવાદ, તા.12**

બેંગકોકથી સુરત આવતી ફ્લાઈટમાં ઉપરાઉપરી સતત બે દિવસ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો મળી આવતા કસ્ટમ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. પેડલરો હાઈબ્રિડ ગાંજો ફ્લાઈટમાં બિનવારસી હાલતમાં છોડી દેતા હતા, તો ગાંજો બહાર કેવી રીતે નીકળ્યો તે લિંક શોધવા માટે કસ્ટમ્સના સિનિયર અધિકારીઓ દ્વારા ફ્લાઈટના ક્રૂ મેમ્બર, ફ્લાઈટમાં સાફ-સફાઈ કરતાં સફાઈ કર્મચારીઓ, ફ્લાઈટમાં અવરજવર કરતા લોડર સ્ટાફ અને સિક્યોરિટી ટીમની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ફ્લાઈટ જ્યારે એરપોર્ટ પર લેન્ડ થઈ ત્યારબાદ થયેલી મૂવમેન્ટના સીસીટીવી ફૂટેજની પણ તપાસ ચાલી રહી છે.

સુરત એરપોર્ટ પર હાઈબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપાયો છે. અમદાવાદ એરપોર્ટ પર પણ બેંગકોકથી આવતી ફ્લાઈટમાં આંતરે દિવસે હાઈબ્રિડ ગાંજો આવી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જેને પગલે કસ્ટમ્સના અધિકારીઓ દ્વારા કરાયેલા રિપોર્ટને આધારે દેશભરમાં બેંગકોકથી આવતી સીધી ફ્લાઈટ અથવા વાયા બેંગકોકથી આવતી ફ્લાઈટના મુસાફરો પર વોચ રાખવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. જે પેડલર અગાઉ પકડાઈ ચૂક્યા હોય તેમની પ્રોફાઈલ પણ તમામ એરપોર્ટ પર હાથવગી રાખીને તેના આધારે તપાસ કરવામાં આવી રહી છે.

# દિયરના સ્પર્મથી IVF કરાવવા દબાણ કર્યું: પતિ પિતા બનવા અક્ષમ, અમદાવાદમાં ડોક્ટર પરિણીતાની PSI સસરા સહિત સાસરિયાં સામે ફરિયાદ

**અમદાવાદ, તા.12**

અમદાવાદ શહેરમાં રહેતી એક ડોક્ટર યુવતીએ તેનાં સાસરિયાં સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ડોક્ટર યુવતીને લગ્ન બાદ પતિ પિતા બનવાની સમક્ષતા ન ધરાવતો હોવાનું મેડિકલમાં સામે આવતાં સાસરિયાંએ દિયરના સ્પર્મથી IVF પ્રોસેસ કરવા દબાણ કર્યું હતું. જ્યારે યુવતીના સસરા પણ પોલીસમાં PSI હોવાથી અવારનવાર ધમકી આપતા હતા.

યુવતીનો પતિ સરકારી વિભાગમાં હોવાથી ટ્રેનિંગ બહાને થાઈલેન્ડ ઊપડી ગયો હતો. યુવતીને આ બાબતે જાણ થતાં જ તેણે ઝઘડો કરતાં સાસરિયાંએ માર પણ માર્યો હતો. આ સમગ્ર મામલે વેજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરના જુહાપુરામાં રહેતી 29 વર્ષીય યુવતી અર્બન હેલ્થ સેન્ટરમાં ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. યુવતીએ વર્ષ 2023માં સરકારી વિભાગમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા યુવક સાથે લગ્ન કર્યા હતા. લગ્નના ત્રણ માસ બાદ પતિએ પોતાના હાથ પર દોરાવેલા ટેટૂ બાબતે પત્ની સાથે ઝગડો કર્યો હતો. યુવતીએ પતિના ફોનની તપાસ કરતાં અનેક સ્ત્રીઓ સાથેની ચેટ મળી હતી, જ્યારે યુવતીના સસરા પણ પોલીસ અધિકારી હોવાથી તેને ધમકાવતા હતા.

યુવતીના લગ્નના એકાદ વર્ષ બાદ બાળક ન થતાં પતિનું મેડિકલ કરાવ્યું હતું, જેમાં તે પિતા બનવા માટે સક્ષમ ન હોવાનું તારણ આવ્યું હતું, જેથી સાસરિયાંએ આઈવીએફનું દબાણ કરતાં યુવતીએ પ્રોસેસ શરૂ કરાવી હતી. ત્રણવાર કરેલી પ્રોસેસ બાદ પરિણામ ન મળતાં સાસરિયાંએ યુવતીને દિયરના સ્પર્મથી આઈવીએફ પ્રોસેસ કરાવવા દબાણ કર્યું હતું. યુવતીએ આ બાબતે મનાઈ કરતાં પતિએ અકુદરતી સંબંધ બાધવા દબાણ કર્યું હતું. જ્યારે પરિણીતા આ સંબંધો માટે મનાઈ કરે ત્યારે પતિ તેને માનસિક શારીરિક ત્રાસ આપતો હતો. થોડા




સમય પહેલાં પતિએ સૌરાષ્ટ્ર ખાતે બ્રિજના ચેકિંગ અને ટ્રેનિંગ માટે જવાનું બહાનું કર્યું હતું, જોકે એ સમયે પરિણીતાને પતિની વિદેશયાત્રાની ટિકિટ મળતાં તેણે પતિને ફોન કરતાં ફોન ઉપાડ્યો નહોતો. એ બાદ પરિણીતાના સસરાએ દવાખાને પહોંચી ગયા હતા અને પુત્રવધૂ સાથે ઝગડો કર્યો હતો. સસરાએ દીકરો તો કેરળ ગયો હોવાનું બહાનું બતાવીને ધમકી આપી હતી. પરિણીતાએ પતિનું લોકેશન તપાસતાં તે થાઈલેન્ડ હોવાની જાણ થતાં પતિની ઓફિસે જઈને તપાસ કરી હતી. ત્યારે પતિ તો 15 દિવસની રજા પર ગયો હોવાનું સામે આવ્યું હતું. પતિની ઓફિસે જવા બાબતે પણ સસરાએ પરિણીતાને ધમકાવી હતી. એક દિવસ યુવતીને તેના પતિએ તાત્કાલિક ઘરે બોલાવી હતી. યુવતી ઘરે પહોંચી ત્યારે તેના રૂમને તાળું મારી દીધું હતું. માંડ માંડ તાળું ખોલાવીને તે રૂમમાં ગઈ ત્યારે તેની સાસુ, દિયર સહિતના લોકોએ વાળ પકડીને દંડા અને લાતોથી માર માર્યો હતો. સાસરિયાં યુવતીને ઘસડીને બહાર લાવ્યા ત્યારે તે સામેવાળાના ઘરે ભાગી ગઈ હતી. અંતે અભયમની મદદ લેતાં તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને અંતે યુવતીએ પતિ, સસરા, દિયર, સાસુ સહિતના લોકો સામે વેજલપુર પોલીસને ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

યુવતીના લગ્નના એકાદ વર્ષ બાદ બાળક ન થતાં પતિનું મેડિકલ કરાવ્યું હતું, જેમાં તે પિતા બનવા માટે સક્ષમ ન હોવાનું તારણ આવ્યું હતું, જેથી સાસરિયાંએ આઈવીએફનું દબાણ કરતાં યુવતીએ પ્રોસેસ શરૂ કરાવી હતી. ત્રણવાર કરેલી પ્રોસેસ બાદ પરિણામ ન મળતાં સાસરિયાંએ યુવતીને દિયરના સ્પર્મથી આઈવીએફ પ્રોસેસ કરાવવા દબાણ કર્યું હતું. યુવતીએ આ બાબતે મનાઈ કરતાં પતિએ અકુદરતી સંબંધ બાધવા દબાણ કર્યું હતું. જ્યારે પરિણીતા આ સંબંધો માટે મનાઈ કરે ત્યારે પતિ તેને માનસિક શારીરિક ત્રાસ આપતો હતો. થોડા સમય પહેલાં પતિએ સૌરાષ્ટ્ર ખાતે બ્રિજના ચેકિંગ અને ટ્રેનિંગ માટે જવાનું બહાનું કર્યું હતું, જોકે એ સમયે પરિણીતાને પતિની વિદેશયાત્રાની ટિકિટ મળતાં તેણે પતિને ફોન કરતાં ફોન ઉપાડ્યો નહોતો. એ બાદ પરિણીતાના સસરાએ દવાખાને પહોંચી ગયા હતા અને પુત્રવધૂ સાથે ઝગડો કર્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# જેલમાં બંધ ઈમરાનને એક આંખે દેખાવાનું બંધ થયું: PAK પૂર્વ PMએ 85% દ્રષ્ટિ ગુમાવી

ઈસ્લામાબાદ, તા.12

પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે એક મોટી અપડેટ સામે આવી છે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે તેમની આંખની સ્થિતિને ગંભીર ગણાવીને તાત્કાલિક તબીબી તપાસનો આદેશ આપ્યો છે. કોર્ટમાં રજૂ કરાયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે ઈમરાન ખાનની જમણી આંખમાં લગભગ 85 ટકા દ્રષ્ટિ ગુમાવી દીધી છે. મુખ્ય ન્યાયાધીશ યાહ્યા આફ્રિદી અને ન્યાયાધીશ શાહિદ બિલાલ હસનની બનેલી બે સભ્યોની સુપ્રીમ કોર્ટની બેન્ચ સમક્ષ આ મામલાની સુનાવણી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન, કોર્ટે સરકારને 16 ફેબ્રુઆરી પહેલા ઈમરાન ખાનની સંપૂર્ણ આરોગ્ય તપાસ કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં આંખના નિષ્ણાત દ્વારા તપાસનો પણ સમાવેશ થાય છે.

કોર્ટ દ્વારા નિયુક્ત એમિકસ ક્યુરી, બેરિસ્ટર સલમાન સફદરે રાવલપિંડીની અદિયાલા જેલમાં ઈમરાન ખાનને મળ્યા બાદ વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલ મુજબ, ઈમરાન ખાનની જમણી આંખમાં હવે માત્ર 15 ટકા દ્રષ્ટિ બાકી છે.

મેડિકલ રિપોર્ટમાં જણાવાયું છે કે ઓક્ટોબર 2025 સુધી, ઈમરાન ખાનની બંને આંખોમાં દ્રષ્ટિ સામાન્ય હતી. આ પછી, તેમણે સતત ઝાંખી અને ધૂંધળી દ્રષ્ટિની ફરિયાદ કરવાનું શરૂ કર્યું. ઈમરાન ખાને જેલ પ્રશાસનને ઘણી વખત ફરિયાદ કરી હતી, પરંતુ પાછળથી, તેમની જમણી આંખની દ્રષ્ટિ અચાનક જ જતી રહી.

પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (PIMS)ના એક નેત્ર ચિકિત્સકે આંખમાં લોહીના ગંઠાવાની હાજરીની પુષ્ટિ કરી, જેના કારણે ગંભીર નુકસાન થયું. સારવાર દરમિયાન તેમને ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું, પરંતુ તેમ છતાં, તેમની દ્રષ્ટિનો માત્ર 15 ટકા જ બચ્યો.

જોકે, કોર્ટે 24 જાન્યુઆરીએ PIMS હોસ્પિટલમાં હાથ ધરવામાં આવેલી તબીબી પ્રક્રિયાની પુનઃપરીક્ષા માટેની વિનંતીને ફગાવી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે કોઈપણ કેદીના સ્વાસ્થ્ય માટે રાજ્ય જવાબદાર છે અને તેમની સલામતી સુનિશ્ચિત કરવી સરકારની ફરજ છે.

સુપ્રીમ કોર્ટે અધિકારીઓને ઈમરાન ખાનને તેમના પુત્રો, કાસિમ અને સુલેમાન સાથે ફોન પર વાત કરવાની મંજૂરી આપવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે તેમના અંગત ડોકટરોને પણ તેમની મુલાકાત લેવાનો આદેશ આપ્યો હતો. સુનાવણી પછી, કોર્ટ પરિસરની બહાર ભાવનાત્મક વાતાવરણ છવાઈ ગયું જ્યારે ઈમરાન ખાનની બહેન, અલીમા ખાન, તેમના સ્વાસ્થ્ય વિશેના



સમાચાર સાંભળીને રડી પડી. આ ઘટના બાદ, પાકિસ્તાની રાજકારણમાં આ બાબત પર ચર્ચા તેજ બની છે. સુનાવણી દરમિયાન પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના અનેક નેતાઓ પણ કોર્ટમાં હાજર હતા.

અગાઉ ઈમરાન ખાનની બહેનોએ મંગળવારે અડિયાલા જેલની બહાર PTI સમર્થકો સાથે પ્રદર્શન કર્યું. બહેન નૂરીન ખાનમે કહ્યું કે પરિવારને કોઈ આંખની બીમારીની અધિકૃત જાણકારી આપવામાં આવી નથી. તેમણે કહ્યું કે જો આ સાચું છે, તો પરિવારને પહેલાથી જ જાણ કરવી જોઈતી હતી. અલીમા ખાનમે પણ જેલ પ્રશાસન પર આરોપ લગાવ્યો કે ન તો પરિવારને કે ન તો કાનૂની ટીમને ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે કોઈ જાણકારી આપવામાં આવી. તેમણે સવાલ ઉઠાવ્યો કે આ સમાચાર આખરે કોણે લીક કર્યા.

PTIનો દાવો છે કે જેલમાંથી પરત ફરતી વખતે અલીમા ખાનમને પોલીસે રોકી હતી. વિપક્ષી ગઠબંધન તહરીક-એ-તહાફુઝ-એ-આઈન-એ-પાકિસ્તાને પણ આ મામલે કાર્યવાહીની માંગ કરી છે અને પરિવારને મળવાની મંજૂરી આપવા જણાવ્યું છે. PTIએ આરોપ લગાવ્યો કે સરકાર રાજકીય દુશ્મનીના કારણે એક કેદીના જીવ અને સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહી છે. પાર્ટીનો દાવો છે કે ઈમરાન ખાનની છેલ્લી મુલાકાત તેમના અંગત ડોક્ટર સાથે ઓક્ટોબર 2024માં થઈ હતી.

ત્યારબાદ, કોઈપણ પ્રકારની નિયમિત મેડિકલ તપાસની મંજૂરી આપવામાં આવી ન હતી, જ્યારે આ સંબંધમાં ઈસ્લામાબાદ હાઈકોર્ટના નિર્દેશો ઉપલબ્ધ છે. પાર્ટી અનુસાર, નિયમિત મેડિકલ ચેકઅપની અરજી ઓગસ્ટ 2025થી પેન્ડિંગ છે.

PTIએ તેને કોર્ટના આદેશોનું ખુલ્લું ઉલ્લંઘન અને મૂળભૂત માનવાધિકારોનું હનન ગણાવ્યું છે.

ઈમરાન ખાન પર 100થી વધુ કેસ ચાલી રહ્યા છે અને તેઓ ઓગસ્ટ 2023થી જેલમાં છે. ભ્રષ્ટાચારના કેસમાં તેમને 14 વર્ષની સજા સંભળાવવામાં આવી છે, જેમાં સરકારી ભેટો વેચવા અને સરકારી રહસ્યો લીક કરવા જેવા આરોપો શામેલ છે.

ઈમરાન પર આરોપ છે કે તેમણે અલ-કાદિર ટ્રસ્ટ માટે પાકિસ્તાન સરકારની અબજો રૂપિયાની જમીન સસ્તામાં વેચી દીધી હતી. આ મામલે ઈમરાનને 9 મે 2023ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર દેશમાં સેનાના અનેક મહત્વપૂર્ણ ઠેકાણાઓ પર હુમલા થયા હતા. પાકિસ્તાનના નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો (NAB)એ અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં ડિસેમ્બર 2023માં ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબી અને અન્ય 6 વ્યક્તિઓ પર કેસ દાખલ કર્યો હતો. જોકે, જ્યારે ઈમરાન વિરુદ્ધ આ કેસ દાખલ થયો, તે પહેલાથી જ તેઓ તોશાખાના કેસમાં અડિયાલા જેલમાં બંધ હતા. અમેરિકાના 28મા રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સનને પણ તેમના કાર્યકાળ દરમિયાન આંખની ગંભીર સમસ્યા થઈ હતી. તે સમયે CRVO જેવો મેડિકલ ટર્મ પ્રચલનમાં ન હતો, પરંતુ તેમની એક આંખની રોશની અચાનક ઘણી ઓછી થઈ ગઈ હતી અને રેટિનામાં બ્લીડિંગ પણ થયું હતું. આજના ડોકટરો અને મેડિકલ નિષ્ણાતો માને છે કે વુડ્રો વિલ્સનને જે સમસ્યા થઈ હતી, તે લક્ષણોના આધારે CRVO જેવી જ હતી. ખરેખર, CRVO એક તકનીકી મેડિકલ ડાયગ્નોસિસ છે. સામાન્ય ભાષામાં લોકો તેને 'આંખની નસમાં બ્લોકેજ' અથવા 'રેટિનાની નસ બંધ થઈ જવી' કહે છે. ઘણા કિસ્સાઓમાં, કાં તો રોગનું સાચું નામ સાર્વજનિક કરવામાં આવતું નથી.

# સૂટબૂટમાં સાંસદોની ધબધબાટી: તુર્કીની સંસદમાં જ એકબીજા પર તૂટી પડ્યા....

અંકારા, તા.12

તુર્કીની સંસદમાં બુધવારે એટલે કે 11 ફેબ્રુઆરીના રોજ હોબાળો મચી ગયો. કેબિનેટ ફેરબદલ વચ્ચે ન્યાય મંત્રાલયમાં એક વિવાદાસ્પદ ચહેરાની નિમણૂકને લઈને સત્તાપક્ષ અને વિપક્ષના સાંસદો સામસામે આવી ગયા. અહીં માનનીય સાંસદોએ એવું બધું જ કર્યું, જેની તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવતી નથી. સોશિયલ મીડિયા પર અત્યારે તેજીથી વાઈરલ થઈ રહેલા વીડિયોમાં બંને પક્ષના સાંસદો એકબીજાને મુક્કા અને લાત મારતા જોવા મળી રહ્યા છે. અહીં નોંધવા જેવી વાત એ હતી કે હિંસા પર માત્ર થોડા સાંસદો જ ઊતર્યા નહોતા, પરંતુ સાંસદોનું ટોળું એમાં સામેલ હતું.

સાંસદોને નાનીમોટી ઈજાઓ પહોંચી આ મારામારી દરમિયાન વિપક્ષી પાર્ટી (CHP)ના એક સાંસદના નાકમાં ઈજા થવાને કારણે લોહી પણ નીકળ્યું હતું. કેટલાકને નાનીમોટી ઈજાઓ પહોંચી હતી. હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી 15 મિનિટ માટે સ્થગિત કરવી પડી હતી, જોકે બાદમાં ભારે વિરોધ વચ્ચે પણ અકિન ગુરલેકે શપથ લીધા હતા.

સંસદમાં કેમ થયો હોબાળો? ખરેખર વિપક્ષી સાંસદોએ ઈસ્તંબુલના ચીફ પ્રોસિક્યુટર અકિન ગુરલેકને સંસદમાં નવા ન્યાયમંત્રી તરીકે શપથ લેતાં રોકવાનો પ્રયાસ કર્યો હતો. અકિન ગુરલેકની નિમણૂક તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન



દ્વારા નવા ન્યાયમંત્રી તરીકે કરવામાં આવી છે. આ જ વાત પર ગુસ્સો વધતો ગયો અને મામલો હિંસા સુધી પહોંચી ગયો. સાંસદો એકબીજાને ધક્કા અને લાત-ઘૂંસા મારતા જોવા મળ્યા હતા.

વિપક્ષ લાલચોળ થયો ઈસ્તંબુલના ચીફ પ્રોસિક્યુટર તરીકે ગુરલેકે મુખ્ય વિરોધપક્ષ, રિપબ્લિકન પીપલ્સ પાર્ટી (CHP)ના અનેક સભ્યો વિરુદ્ધ હાઈ પ્રોફાઈલ ટ્રાયલની અધ્યક્ષતા કરી હતી. તુર્કીના વિપક્ષ દ્વારા લાંબા સમયથી આ ટ્રાયલ્સને રાજકીય રીતે પ્રેરિત ગણાવવામાં આવી છે. હવે તે જ અકિન ગુરલેક ન્યાયમંત્રી તરીકે શપથ લઈ રહ્યા હતા, જેના કારણે વિપક્ષ લાલચોળ છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ એર્દોગને પૂર્વી પ્રાંત એર્ઝુરમના ગવર્નર મુસ્તફા સિફ્ટસીને દેશના નવા ગૃહમંત્રી તરીકે પણ નામાંકિત કર્યા છે.

ભ્રષ્ટાચારની તપાસમાં ધરપકડ જણાવી દઈએ કે વિપક્ષી દળ, રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના નિયંત્રણ હેઠળની નગરપાલિકાઓના સેંકડો અધિકારીઓની ભ્રષ્ટાચારની તપાસમાં ધરપકડ કરવામાં આવી છે. એમાં ઈસ્તંબુલના મેયર એકરેમ ઈમામોગ્લુ પણ સામેલ હતા, જેમને વ્યાપકપણે એર્દોગનના મુખ્ય પ્રતિસ્પર્ધી તરીકે જોવામાં આવે છે, જેમની ગયા વર્ષે ધરપકડ કરવામાં આવી હતી. સરકારનું કહેવું છે કે ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

મંત્રાલયમાં હવે ફેરફાર શા માટે? મંત્રાલયમાં હવે ફેરફાર શા માટે કરવામાં આવી રહ્યો છે, એના માટે કોઈ સત્તાવાર કારણ જણાવવામાં આવ્યું નથી, જોકે સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા સત્તાવાર રાજપત્રમાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન મંત્રીઓએ પોતાની ફરજોમાંથી મુક્ત થવા માટે વિનંતી કરાઈ હતી. તુર્કીમાં આ નવી અને વિવાદાસ્પદ નિમણૂકો એવા સમયે થઈ છે, જ્યારે તુર્કી સંભવિત બંધારણીય સુધારાઓ પર ચર્ચા કરી રહ્યું છે અને દાયકાઓથી ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના ઉદ્દેશ સાથે કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટી અથવા PKK સાથે શાંતિ પહેલ કરી રહ્યું છે.

# 10-20 લાખ રૂપિયા લો ને કેસ છોડો: એર ઈન્ડિયાની પીડિત પરિવારોને ઓફર

## અમદાવાદ પ્લેન દુર્ઘટના પર લંડનના અખબાર 'ધ ઈન્ડિપેન્ડન્ટ'ના રિપોર્ટમાં દાવો

નવી દિલ્હી, તા.12

ગુજરાતના અમદાવાદમાં 12 જૂન 2025ની બપોરે એર ઈન્ડિયાનું લંડન જતું પ્લેન અકસ્માતનો ભોગ બન્યું હતું. લંડનના અખબાર 'ધ ઈન્ડિપેન્ડન્ટ'નો એર ઈન્ડિયા પર એક રિપોર્ટ આવ્યો છે.

એ મુજબ એર ઈન્ડિયાએ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોનાં પરિવારજનોને વધારાના વળતરના બદલામાં કેસ કરવાનો અધિકાર છોડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એરલાઈન પરિવારોને વધારાના 10 લાખની અંતિમ રકમ આપીને સમજૂતીની ઓફર કરી રહી છે. કેટલાક કિસ્સાઓમાં આ રકમ 20 લાખ રૂપિયા સુધી છે.

પરિવારોએ આ શરત માનવી પડશે કે તેઓ ભવિષ્યમાં અકસ્માત સંબંધિત દાવો નહીં કરે અને તમામ કાનૂની જવાબદારીઓમાંથી કંપનીને મુક્ત કરશે. આ છૂટ કોઈપણ દેશ કે કોર્ટમાં લાગુ રહેશે.

લીગલ ટીમે વિરોધ કર્યો એર ઈન્ડિયાના આ પ્રસ્તાવનો 130 પીડિતોના પરિવારોની લીગલ ટીમે વિરોધ કર્યો છે. તેમનું કહેવું છે કે તપાસ પૂરી થઈ નથી. જવાબદારી નક્કી થઈ નથી. આવી સ્થિતિમાં કેસનો અધિકાર છોડવાનું કહેવું અયોગ્ય છે. કેટલાક ઘાયલ પરિવારોની સારવાર હજુ પણ ચાલુ છે. આ મામલે એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે એર



ઈન્ડિયા આ મુશ્કેલ પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલા દરેક પ્રભાવિત પરિવારની મદદ કરવા પ્રતિબદ્ધ છે. પ્રારંભિક વચગાળાની રકમ આપ્યા પછી અમે સુનિશ્ચિત કર્યું છે કે દરેક પરિવારને આપવામાં આવતી અંતિમ રકમ યોગ્ય અને કાયદા મુજબ હોય.

સુપ્રીમ કોર્ટે 11 ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારને વિમાન દુર્ઘટનાની તપાસના 'પ્રોસિજરલ પ્રોટોકોલ'નો રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. સરકારે માહિતી આપી હતી કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બોર્ડ (AAIB)ની તપાસ અંતિમ તબક્કામાં છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચ સમક્ષ NGO સેફ્ટી મેટર્સ વતી વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે ગંભીર અકસ્માતો માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની જરૂર હોય છે, AAIBની તપાસની નહીં.

આ મુદ્દે બેન્ચે ટિપ્પણી કરી હતી કે પહેલા AAIBની તપાસનું પરિણામ જોઈ લઈએ, ત્યાર બાદ અમે નક્કી કરીશું કે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની જરૂર છે કે નહીં.

પ્રશાંત ભૂષણે વધુમાં જણાવ્યું હતું કે 8 હજારથી વધુ પાઈલટ્સ કહી રહ્યા છે કે બોઈંગ 787 સુરક્ષિત નથી અને તેને ગ્રાઉન્ડ કરી દેવું જોઈએ. AAIB તપાસ ટીમમાં 5 સભ્યો ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)ના છે. આના જવાબમાં કેન્દ્ર અને DGCA વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કટાક્ષ કરતાં કહ્યું હતું કે પ્રશાંત ભૂષણને સંતુષ્ટ કરવાનો એકમાત્ર રસ્તો પોતે ભૂષણના નેતૃત્વમાં જ એક કમિટી બનાવવી છે. આ કેસની આગામી સુનાવણી ત્રણ અઠવાડિયાં પછી થશે.

12 જૂને અમદાવાદથી લંડન જઈ રહેલી ફ્લાઈટ AI 171 ટેક-ઓફના થોડા સમય પછી એક મેડિકલ હોસ્ટેલની ઈમારત સાથે અથડાઈ હતી. આમાં 270 લોકોનાં મોત થયાં હતાં, જેમાં 241 મુસાફરો અને ક્રૂ-મેમ્બર સામેલ હતા. માત્ર એક મુસાફર આ દુર્ઘટનામાં જીવતો બચ્યો હતો.

ફ્લાઈટરડાર24 અનુસાર, વિમાનનું છેલ્લું સિગ્નલ 190 મીટર (625 ફૂટ)ની ઊંચાઈ પર મળ્યું હતું, જે ઉડાન ભર્યાના તરત પછી આવ્યું હતું. ભારતના સિવિલ એવિએશન રેગ્યુલેટર DGCAએ જણાવ્યું હતું કે વિમાને 12 જૂનની બપોરે 1:39 વાગ્યે રનવે 23 પરથી ઉડાન ભરી હતી.

# આરોપ- ઈઝરાયલે ગાઝામાં પ્રતિબંધિત વેક્યૂમ બોમ્બ ફેંક્યા: એનાથી તાપમાન 3,500 ડિગ્રી પર પહોંચ્યું......

વોશિંગ્ટન, તા.12

ઈઝરાયલ પર ગાઝામાં 'વેક્યૂમ બોમ્બ'નો ઉપયોગ કરવાનો આરોપ લાગ્યો છે. 'ધ રેસ્ટ ઓફ ધ સ્ટોરી' નામના અહેવાલ મુજબ, આ બોમ્બ પહેલા હવામાં બળતણ જેવાં વાદળ ફેલાવે છે અને પછી એમાં આગ લગાડી દે છે. આનાથી આગનો એક વિશાળ ગોળો બને છે અને આસપાસની હવા ખેંચાઈ જવાને કારણે એક પ્રકારનું શૂન્યાવકાશ (વેક્યૂમ) સર્જાય છે.

આ ધડાકાઓને કારણે તાપમાન 3,500 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે. આ બોમ્બમાં એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમ જેવાં તત્ત્વો હોય છે, જે ગણતરીની સેકન્ડોમાં શરીરને બાળી નાખે છે.

લશ્કરી નિષ્ણાતો અને પ્રત્યક્ષદર્શીઓનું પણ કહેવું છે કે ઈઝરાયલે ત્યાં એવાં હથિયારોનો ઉપયોગ કર્યો છે, જેને 'વેક્યૂમ બોમ્બ', 'થર્મલ' અથવા 'થર્મોબેરિક' બોમ્બ કહેવામાં આવે છે. અહેવાલ મુજબ, હુમલામાં માર્યા ગયેલા ઘણા લોકોના મૃતદેહ પણ મળ્યા નથી. ગાઝાની સિવિલ ડિફેન્સ ટીમે આવા 2,842 પેલેસ્ટાઈનીનો રેકોર્ડ નોંધ્યો છે, જેમના વિશે કહેવામાં આવ્યું છે કે દફનાવવા માટે તેમનો કોઈ અંશ પણ બચ્યો નથી, જ્યારે 3,500થી વધુ લોકો હજુ પણ ગુમ છે.



અત્યારે ગાઝામાં ઔપચારિક સીઝફાયર લાગુ છે અને સમજૂતીના 100 દિવસ પૂરા થયા બાદ એ બીજા તબક્કામાં પહોંચી ચૂક્યું છે, પરંતુ તણાવ હજુ પણ યથાવત્ છે. 10 ઓક્ટોબર 2025થી અત્યારસુધીમાં 500થી વધુ પેલેસ્ટાઈનીઓનાં મોત થયાંના સમાચાર આવ્યા છે.

એક માતા, યાસમીન મહાનીએ પોતાની આપવીતી જણાવી. 10 ઓગસ્ટ 2024ના રોજ ગાઝા સિટીની અલ-તબીન સ્કૂલ પર થયેલા હુમલા બાદ તે પોતાના પુત્ર સાદને શોધી રહી હતી.

તેને ત્યાં તેના પતિ તો મળી ગયા, પરંતુ પુત્રનો કોઈ પત્તો મળ્યો નહીં. તેણે જણાવ્યું કે મસ્જિદમાં તેને જમીન પર માંસ અને લોહી પડેલું મળ્યું, પરંતુ દફનાવવા માટે પુત્રનો કોઈ અંશ પણ મળ્યો નહીં.

અલ જઝીરાના અહેવાલ મુજબ, યાસમીન જેવી હજારો માતાઓ આજે પણ પોતાનાં બાળકોને હોસ્પિટલો અને શબઘરોમાં શોધી રહી છે. આ યુદ્ધમાં મરનારાઓની સંખ્યા 72,000થી વધુ બતાવવામાં આવી રહી છે. માનવાધિકાર સંગઠનોએ ઈઝરાયલ પર યુદ્ધ અપરાધોના આરોપ લગાવ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે આવા બોમ્બનો ઉપયોગ ગીચ વસતિવાળા વિસ્તારોમાં કરવો એ ખૂબ જ ગંભીર બાબત છે.

એમકે-84 'હેમર': આશરે 900 કિલોનો બોમ્બ, જે 3,500 ડિગ્રી સુધી તાપમાન પેદા કરી શકે છે. એનું દબાણ અને ગરમી શરીરને ગંભીર નુકસાન પહોંચાડે છે. બીએલયુ-109 બંકર બસ્ટર: એ મજબૂત માળખામાં ઘૂસીને અંદર ફાટે છે અને બંધ જગ્યાઓમાં આગનો મોટો ગોળો બનાવે છે.

જીબીયુ-39: એને સચોટ નિશાન લગાવનાર ગ્લાઈડ બોમ્બ ગણાવવામાં આવ્યો છે. અલ-તબીન સ્કૂલ પર હુમલા બાદ તેના ટુકડા મળ્યા હોવાની વાત કહેવામાં આવી છે. આ હથિયારોને એરોસોલ અથવા વેક્યૂમ બોમ્બ પણ કહેવામાં આવે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એની અસર એટલી ભયાનક હોય છે કે ઈમારત બહારથી બહુ ખરાબ નથી દેખાતી, પરંતુ અંદર રહેલી દરેક વસ્તુ બળીને રાખ થઈ શકે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની બુધવારે વ્હાઈટ હાઉસમાં મુલાકાત થઈ. આ બેઠક લગભગ 2 કલાક સુધી બંધ રૂમમાં ચાલી.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું - મેં નેતન્યાહુને સ્પષ્ટ કહ્યું છે કે અમેરિકાએ ઈરાન સાથે પરમાણુ કરાર પર વાતચીત ચાલુ રાખવી જોઈએ. તેમણે લખ્યું કે બેઠક ખૂબ સારી રહી, પરંતુ કોઈ અંતિમ નિર્ણય થયો નથી. જો ઈરાન સાથે સારો કરાર થઈ શકે તો તે વધુ સારું રહેશે, પરંતુ જો ન થયો તો આગળ શું કરવું એ જોવામાં આવશે. ટ્રમ્પે એ પણ યાદ અપાવ્યું કે છેલ્લીવાર ઈરાને કરાર કર્યો ન હતો, જેના પછી અમેરિકાએ તેની પર લશ્કરી કાર્યવાહી 'ઓપરેશન મિડનાઈટ હેમર' કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે નેતન્યાહુ સાથે ગાઝાની સ્થિતિ અને ક્ષેત્રમાં શાંતિ પ્રયાસો વિશે પણ વાત કરી છે. નેતન્યાહુએ ટ્રમ્પ સાથે મુલાકાત કરતાં પહેલાં અમેરિકી વિદેશમંત્રી માર્કો રુબિયો સાથે પણ મુલાકાત કરી હતી. ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહુએ આરોપ લગાવ્યો હતો કે અમેરિકાના કારણે ઈઝરાયલના ઘણા સૈનિકો માર્યા ગયા છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલ અનુસાર તેમણે કહ્યું હતું કે હમાસ વિરુદ્ધ ગાઝા યુદ્ધ દરમિયાન હથિયારો અને ગોળા-બારૂદનો પુરવઠો રોકી દેવામાં આવ્યો હતો.નેતન્યાહુએ કહ્યું હતું કે ઈઝરાયલ પાસે જરૂરી ગોળા-બારૂદ ખતમ થઈ ગયો હતો, આ કારણે કેટલાક સૈનિકોના જીવ ગયા. જોકે તેમણે એ જણાવ્યું નહોતું કે આ કારણે કેટલા સૈનિકોનાં મોત થયાં. ઈઝરાયલી પીએમએ સીધા જ પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનનું નામ લીધું ન હતું, પરંતુ કહ્યું કે આ હથિયાર રોક ત્યારે સમાપ્ત થઈ જ્યારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા.

# હિમાચલમાં ધુમ્મસને કારણે વિઝિબિલિટી 50 મીટર, હરિયાણામાં વરસાદ: MPના 15-રાજસ્થાનના 7 શહેરોમાં તાપમાન 30°C







નવી દિલ્હી, તા.12

હિમાચલ પ્રદેશના મેદાનીય વિસ્તારોમાં બુધવારે સવારે ધુમ્મસ છવાયું હતું. બિલાસપુરમાં તેના કારણે વિઝિબિલિટી 50 મીટર અને મંડીમાં 100 મીટરથી ઓછી થઈ ગઈ હતી. જમ્મુ-કાશ્મીરમાં કેટલીક જગ્યાએ હિમવર્ષાને કારણે ઠંડી વધી ગઈ હતી. બીજી તરફ, હરિયાણાના 6 થી વધુ જિલ્લાઓમાં વરસાદ અને ઝરમર વરસાદ થયો હતો.

મધ્યપ્રદેશના 15 અને રાજસ્થાનના 7 જિલ્લાઓમાં તાપમાન 30 ડિગ્રીને પાર કરી ગયું હતું. છેલ્લા 24 કલાકમાં રાજસ્થાનના બીકાનેર, શ્રીગંગાનગર, ચુરુ, ઝુંઝુનૂ, સીકરમાં બપોરના સમયે હળવા વાદળો છવાયા હતા. ચુરુ, શ્રીગંગાનગરમાં ક્યાંક ક્યાંક હળવો વરસાદ થયો હતો.

દિલ્હીની એર ક્વોલિટી બગડીને ખૂબ જ ખરાબ કેટેગરીમાં પહોંચી ગઈ હતી. બુધવારે અહીંનો એર ક્વોલિટી ઈન્ડેક્સ 305 નોંધાયો હતો. IMDએ આગામી બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો નજીવો ઘટાડો અને ત્યારબાદ બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાનો પણ અંદાજ લગાવ્યો છે. રાજ્યમાં ઠંડીની અસર ઓછી થવા લાગી છે. દિવસ-રાતનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે. બુધવારે રાજ્યના 25 શહેરોનું તાપમાન 25 થી 31 ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. શ્રીગંગાનગર, હનુમાનગઢમાં દિવસ દરમિયાન હળવી ધુમ્મસ, વાદળોને કારણે તડકો નબળો રહ્યો. બુધવારે સૌથી વધુ તાપમાન ચિત્તોડગઢમાં નોંધાયું હતું. અહીં પારો 31 ડિગ્રી સુધી પહોંચ્યો.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે બુધવારે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેના કારણે દિવસનું તાપમાન ઘટ્યું હતું. આગામી 5 દિવસમાં પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં 2 વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થઈ રહ્યા છે. આને કારણે આગામી 3 થી 4 દિવસ સુધી ઠંડીની અસર યથાવત રહેશે. ખાસ કરીને મોડી રાત્રે અને સવારના સમયે ઠંડી રહેશે.

## તંત્રી લેખ

# વિશ્વની 4 જાયન્ટ કંપનીઓ AI પાછળ 650 અબજ ડોલર ખર્ચશે

વિશ્વભરમાં AIનો ડંકો તીવ્રતાથી વાગી રહ્યો છે ત્યારે ભારતમાં ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ યોજવાની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. ઈમ્પેક્ટ સમિટ યોજીને ભારત વિશ્વને એવો સંકેત આપવા માંગે છે કે AIની રેસમાં અમે પણ અગ્ર હરોળના દેશની સાથે ઊભા રહીને નવી ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા માગીએ છીએ. ૧૯ અને ૨૦ ફેબુરઆરી ૨૦૨૬ના રોજ દિલ્હી ખાતે ભારત મંડપમાં યોજાનાર આ સમિટમાં વિશ્વભરના નિષ્ણાતો આવશે અને ભારતનું વિઝન સમજશે. વિશ્વભરની કંપનીઓ સમિટમાં ભાગ લેવા દિલ્હી આવી રહી છે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે નામાંકિત અને જાયન્ટ કહેવાતી કંપનીઓ ટેકનોલોજી પાછળ અબજો ડોલર રોકી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નાં મોજાં ઉછાળા મારી રહ્યાં છે. કંપનીઓ તેમાં જંગી રોકાણ કરી રહી છે. ભારત સરકાર ૨૦૨૬માં આખા દેશ પાછળ જેટલો ખર્ચ કરવાની છે લગભગ એટલી જ ફાળવણી વિશ્વની ટોચની ચાર કંપનીઓ AI ની પાછળ કરવાનું આયોજન કરી ચૂકી છે. વિશ્વની ટોચની આ ચાર કંપનીઓ એટલે ગુગલ, એમેઝોન, મેટા અને માઈક્રોસોફ્ટ. AI પાછળ ૨૦૨૬માં તેઓ સંયુક્તપણે ૬૫૦ અબજ ડોલરનું આંધણ કરવા ધારે છે. હજુ અગિયાર દિવસ અગાઉ ભારત સરકારે ૨૦૨૬-૨૦૨૭નું જે બજેટ બહાર પાડયું તેનું આર્થિક કદ ૬૭૦ અબજ ડોલર હતું. આના કરતાં ફક્ત ૨૦ અબજ ડોલર ઓછી રકમ માત્ર ચાર કંપનીઓ AI પાછળ ફાળવવાની છે. શક્ય છે કે આંકડામાં દેખાતું આટલું અંતર પણ કદાચ ન રહે, કેમ કે છેલ્લાં કેટલાંક વર્ષો પર નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે નામાંકિત આઈટી કંપનીઓ ખુદના પૂર્વનિશ્ચિત બજેટ કરતાં વધુ ફાળવણી કરતી આવી છે. આ ચાર સિવાયની વિશ્વની અન્ય કંપનીઓ પણ AI પાછળ જંગી ફાળવણી કરવાની છે. ભારતના તાજા બજેટ કરતાંય વધારે મોટી રકમ ૨૦૨૬માં AI પાછળ થવાની છે.

ટેકનોલોજી સાથે સંકળાયેલી કંપનીઓ તેમના એન્યુઅલ રિઝલ્ટની સાથે આગામી વર્ષ દરમિયાન થનારી સંભવિત ફાળવણીનો પણ ઉલ્લેખ કરે છે. કેટલાક દિવસ પહેલાં ગુગલે ૨૦૨૬માં ૧૮૫ અબજ ડોલરનો ખર્ચ કરવાનો ઉલ્લેખ કર્યો હતો, ત્યારબાદ એમેઝોને ૨૦૦ અબજ ડોલર ફાળવણી કરી હોવાની ઘોષણા કરી. મેટાએ ૧૩૫ અબજ ડોલરની જાહેરાત કરી છે, તો માઈક્રોસોફ્ટ ૧૨૦ અબજ ડોલરની ફાળવણીનું આયોજન કર્યું છે.

વિશ્વની ટેકનોલોજિકલ કંપનીઓ વધુને વધુ મહત્ત્વાકાંક્ષી બની રહી છે. મોટી કંપનીઓ AI રીસર્ચમાં એકબીજાથી ચડિયાતી સાબિત થવા ઘાંઘી થઈ છે. નવાં સંશોધનો અને ઈનોવેશન માટે આ કંપનીઓ લખખૂટ નાણું ખર્ચવા તૈયાર છે. આ કંપનીઓની આંતરિક સ્પર્ધા એટલી તીવ્ર હોય છે કે નવાં સંશોધનો મારફતે પોતાના ગ્રાહકોને તેઓ કોઈ પણ રીતે જકડી રાખવા માંગે છે. ભારતના બજેટમાં ખર્ચ વિવિધ ક્ષેત્રે જેવાં કે સંરક્ષણ, ફૂડ સબસીડી, ટેકનોલોજી, વેલફેર પ્રોગ્રામ, તબીબી ઈત્યાદિ માટે ફાળવવામાં આવે છે. આ બાજુ, પેલી બિગ ફોર કંપનીઓ એકલા AI માટે ૬૫૦ અબજ ડોલર ખર્ચવાની છે. આ ચાર કંપનીઓનું AI બજેટ વિકસિત દેશ ગણાતા સ્વીડન સહીતના બીજા ઘણા દેશોના જીડીપી કરતાં પણ વધુ છે. સ્વીડનનો જીડીપી ૬૨૦ અબજ ડોલર જેટલો છે. વાત માત્ર ટોચની ચાર કંપનીઓ પૂરતી સીમિત નથી. ટેકનોલોજી ક્ષેત્રે પ્રવૃત્ત બીજી કેટલીય કંપનીઓ AI પાછળ ખૂબ બધું નાણું રોકવાની છે. AI જોબ્સ આંચકી પણ રહ્યું છે અને નવી જોબ વધુ પગારો સાથે ઊભી પણ કરી રહ્યું છે. એક તરફ કંપનીઓ નોકરીઓની છટણી કરી રહી છે, તો બીજી તરફ AI પાછળ કરોડો ડોલર રોકી રહી છે. ગયા વર્ષે માઈક્રોસોફ્ટે ૯,૦૦૦ તો એમેઝોને ૧૬,૦૦૦ લોકોની નોકરી આંચકી લીધી હતી. AI હજુય એક નવું ક્ષેત્ર છે.

**1973માં પણ ચૂંટણીઓમાં ભયાનક હિંસા થઈ હતી. તે વખતે શેખ મુજીબુર રહમાનની સરકાર સત્તામાં આવી હતી. તે સમયે અવામી લીગનો દબદબો રહ્યો હતો. ત્યારબાદ 1975માં શેખ મુજીબુરની હત્યા કરવામાં આવી અને સૈન્ય દ્વારા બળવો કરવામાં આવ્યો અને સત્તા પલટો કરી દેવાયો : બાંગ્લાદેશ પીસ ઓબ્ઝર્વેટરીના મતે 1991માં બાંગ્લાદેશમાં ચૂંટણી ટાણે વ્યાપક રાજકીય હિંસા થઈ હતી. તેમાં અંદાજે 50 લોકોનાં મોત થયા હતા. 2014માં જે ચૂંટણી થઈ તેને સૌથી વિવાદિત ચૂંટણી માનવામાં આવે છે. આ ચૂંટણી દરમિયાન 142 લોકોનાં મોત થયા હતા. તે અત્યાર સુધીની સૌથી વધારે હિંસક ચૂંટણી હતી**

# બાંગ્લાદેશ ચૂંટણી અને રાજકીય રક્તપાત વચ્ચે જૂનો સંબંધ

## 71માં આઝાદી મેળવનાર બાંગ્લાદેશમાં 1975થી માંડીને 2018 સુધીની ચૂંટણીઓમાં કાયમ રાજકીય હિંસા થઈ છે



બાંગ્લાદેશમાં આજે ચૂંટણી યોજાવાની છે. બહુચર્ચિત અને જેની ઘણા સમયથી રાહ જોવાતી હતી તેવી બાંગ્લાદેશની ચૂંટણી હજી પણ ચર્ચામાં જ છે. તેનું સૌથી મોટું કારણ છે કે અહીંયા ભયાનક હિંસા ચાલી રહી છે. બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલાં રાજકીય હિંસા અને કટ્ટરવાદી રાજકીય હિંસાનો દોર ચાલી રહ્યો છે. વચગાળાની સરકારના પ્રમુખ મોહમ્મદ યુનુસ સ્થિતિ કાબુ કરવામાં સદંતર નિષ્ફળ ગયા છે. આ પહેલાં પણ બાંગ્લાદેશમાં ઘણા સમયથી હિંચા ચાલતી આવી છે અને અનેક નિર્દોષોની હત્યા થતી રહી છે. તાજેતરમાં રાજકીય હિંસા અને રક્તપાતના કિસ્સા વધી ગયા છે. જાણકારોના મતે છેલ્લાં ૪૮ કલાકમાં બાંગ્લાદેશમાં ૪૦થી વધારે જગ્યાઓએ રાજકીય હિંસા ફેલાઈ હતી. જેમાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલો છે.

હવે તેને નિયતી ગણો કે પછી દુર્ભાગ્ય પણ બાંગ્લાદેશમાં ચૂંટણી ટાણે થતી રાજકીય હિંસા કોઈ નવી બાબત નથી. ઉલ્લેખનીય છે કે, અહીંયા રાજકીય હિંસા જ નવી બાબત નથી. ૧૯૭૧માં બાંગ્લાદેશે જ્યારે પાકિસ્તાન પાસેથી આઝાદી મેળવી ત્યારે પણ મોટાપાયે હિંસા થઈ હતી. આઝાદી પહેલાં પાકિસ્તાને નરસંહાર કર્યો હતો. ત્યારબાદ બાંગ્લાદેશ મુક્ત થઈ ગયું પણ હિંસાએ બાંગ્લાદેશને છોડયું નથી. તે બાંગ્લાદેશના રાજકારણનો પડછાયો બનીને જ રહી છે. બાંગ્લાદેશમાં ૧૯૭૫માં થયેલી ચૂંટણીથી શરૂ કરીને ૨૦૧૮ અને હાલમાં ૨૦૨૬માં પણ મોટા પ્રમાણમાં રાજકીય હિંસા જોવા મળી હતી. તેમાંય ખાસ કરીને ૧૯૭૫, ૧૯૯૧, ૨૦૦૮, ૨૦૧૪, ૨૦૧૮ એવા વર્ષો રહ્યા હતા જેણે સમગ્ર દેશ અને દુનિયાને ચિંતામાં મુકી દીધા હતા. અહીંયા ભયાનક સ્તરે રાજકીય રક્તપાત થયો હતો.

તાજેતરની જ વાત કરીએ તો, બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલા જ કટ્ટરવાદીઓ બેફામ બન્યા છે અને ખુલ્લેઆમ હિન્દુઓની હત્યા કરવા લાગ્યા છે. કેટલાક વિસ્તારોમાં હિન્દુઓ વિરોધી હિંસાની ઘટનાઓ સામે આવી રહી છે. બાંગ્લાદેશના મયમનસિંહ વિસ્તારમાં બોગર બાઝારમાં સોમવારે રાત્રે ૬૨ વર્ષીય હિન્દુ સુસેનચંદ્ર સરકારની હત્યા કરી દેવામાં આવી હતી. તે ઉપરાંત તેના લાખો રૂપિયા પણ લુંટી લેવાયા હતા. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર દૂર થઈ તે પછી યોજાનારી આ ચૂંટણીમાં બાંગ્લાદેશની સર્જક પાર્ટી આવામી લીગને ચૂંટણીમાંથી બહાર રખાયા પછી આ પહેલી ચૂંટણી છે. તેવામાં ધાર્મિક લઘુમતીઓ સામે હિંસા વધી છે.

ઉલ્લેખનીય છે કે, બીજી એક ઘટનાને કારણે પણ રાજકીય વાતાવરણ તંગ થઈ ગયું છે. અહેવાલો પ્રમાણે એક કાર્યક્રમ દરમિયાન મતદાતાઓને પૈસા વહેંચવામાં આવ્યા હોવાની વાત ફેલાઈ હતી. આ આરોપો વચ્ચે બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી અને જમાત-એ-ઈસ્લામીના કાર્યકર્તાઓ વચ્ચે હિંસા ફેલાઈ હતી. કહેવાય છે કે, બીએનપીના કાર્યકર્તાઓ કાર્યક્રમના સ્થળે પહોંચ્યા હતા અને ત્યારબાદ ત્યાં જમાતના સમર્થકો પણ ભેગા થવા લાગ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે વિખવાદ થયો અને તે કાર્યક્રમ સ્થળથી ફેલાતો ફેલાતો જાહેર રસ્તાઓ સુધી વિસ્તરી ગયો અને હિંચાના કારણે મામલો ગરમાઈ ગયો. મોડી રાત સુધી પથ્થરમારો, હિંસા અને તોડફોડનો ક્રમ ચાલતો રહ્યો જેમાં ૪૦થી વધારે લોકોને ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે. આ સિવાય બાંગુરા જિલ્લામાં બીએનપીના એક નેતાની આંખ ફોડીને બહાર કાઢી લેવાની ઘટના પણ સામે આવી છે.

બાંગ્લાદેશના ઈતિહાસ ઉપર નજર કરીએ તો તેનું રાજકારણ અને તેની ચૂંટણીઓના પાયામાં જ હિંસા રહેલી છે. ૧૯૭૧ની હિંસા અને ભયાનક રક્તપાત બાદ ૧૯૭૩માં પણ ચૂંટણીઓમાં ભયાનક હિંસા થઈ હતી. તે વખતે શેખ મુજીબુર રહમાનની સરકાર સત્તામાં આવી હતી. તે સમયે અવામી લીગનો દબદબો રહ્યો હતો. ત્યારબાદ ૧૯૭૫માં શેખ મુજીબુરની હત્યા કરવામાં આવી અને સૈન્ય દ્વારા બળવો કરવામાં આવ્યો અને સત્તા પલટો કરી દેવાયો.

તે સમેય પણ મોટાપાયે હિંસા થઈ હતી. દેશમાં લશ્કરી શાસન આવી ગયું અને તેમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાંગ્લાદેશની સેનાના દબાણમાં ૧૯૭૯માં ચૂંટણી યોજાઈહ તી. તે સમયે ઝિયા-ઉર-રહેમાનની આગેવાનીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી ચૂંટણી જીતી હતી.

બીએનપી સત્તામાં આવતા જ બાંગ્લાદેશમાં કટ્ટર રાષ્ટ્રવાદ અને ઈસ્લામિક ઓળખને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. તે સમયે પણ સેનાની અસર તો વ્યાપક પ્રમાણમાં જોવા મળી જ હતી. ૧૯૮૧માં ઝિયા ઉર રહેમાનની પણ હત્યા કરવામાં આવી અને હિંસા ફેલાવા લાગી. ત્યારે પણ બાંગ્લાદેશની સેનાએ બળપ્રયોગ કર્યો અને સત્તા પોતાના હાથમાં લઈ લીધી. તે સમયે આર્મી ચીફ હુસૈન મોહમ્મદ ઈરશાદે માર્શલ લો લાગુ કરીને સત્તા આંચકી લીધી હતી. બાંગ્લાદેશમાં ત્યારબાદ રાજકીય સફરની વાત કરીએ તો ૧૯૯૧ની ચૂંટણીમાં દેશનું ભવિષ્ય નક્કી કરનારી બે મહિલા નેતાઓની એન્ટ્રી થઈ. એક તરફ અવામી લીગનું નેતૃત્ત્વ શેખ હસીનાના હાથમાં આવ્યું. તે શેખ મુજીબુર રહમાનની પુત્રી હતા. બીજી તરફ ઝિયા ઉપર રહેમાનની પત્ની ખાલિદા ઝિયાએ બીએનપીની કમાન પોતાના હાથમાં લીધી. બંને મહિલા નેતાઓ દ્વારા સક્રિય રીતે વિપક્ષી રાજકીય દબાણ ઊભા કર્યા અને બાંગ્લાદેશમાં સૈન્ય સત્તાનો અંત આવ્યો. ત્યારબાદ ખાલિદા અને હસીના વચ્ચે સત્તાની સાઠમારી શરૂ થઈ ગઈ.

૧૯૯૧માં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી સત્તામાં આવી અને ખાલિદા ઝિયા દેશના પહેલા વડા પ્રધાન બન્યા. બાંગ્લાદેશ પીસ ઓબ્ઝર્વેટરીના મતે ૧૯૯૧માં બાંગ્લાદેશમાં ચૂંટણી ટાણે વ્યાપક રાજકીય હિંસા થઈ હતી. તેમાં અંદાજે ૫૦ લોકોનાં મોત થયા હતા. આ ઉપરાંત અનેક લોકોને ઈજા થઈ હતી. ત્યારપછી ૧૯૯૬ની ચૂંટણીમાં શેખ હસીના દેશના વડા પ્રધાન બન્યા અને અવામી લીગ સત્તામાં આવી. ત્યારબાદ ૨૦૦૧માં ખાલિદા ફરીથી ચૂંટાયા અને ૨૦૦૮માં શેખ હસીના સત્તા ઉપર પરત આવ્યા. આમ બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતા વચ્ચે સત્તા સતત બદલાતીર હી અને સાથે સાથે રાજકીય હિંસાનો દૌર પણ અવિરત ચાલતો રહ્યો.

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૮ની ચૂંટણીમાં પણ રાજકીય હિંસા દરમિયાન ૨૧ લોકોનાં મોત થયા હતા. લોકશાહીના દાવા વચ્ચે રાજકીય અને સામાજિક ધ્રુવીકરણ, લઘુમતીઓ ઉપર હુમલા, રાજકીય રક્તપાતની ઘટનાઓમાં વ્યાપક વધારો થયો હતો. તેમ છતાં સેનાના નેતૃત્વમાં થયેલી આ ચૂંટણીમાં બાંગ્લાદેશના ઈતિહાસમાં સૌથી ઓછી રાજકીય હિંસા થઈ હતી અને ઓછા લોકોનાં મોત થયા હતા. આ ચૂંટણીમાં શેખ હસીના મજબૂત રીતે સત્તામાં આવ્યા. આ ઉપરાંત તેમણે તત્કાલિન નાના રાજકીય પક્ષો સાથે ગઠબંધન કરીને એક મજબૂત રાજકીય જોડાણ ઊભું કરી લીધું. ધીમે ધીમે બાંગ્લાદેશના રાજકારણમાં ખાલિદાનો પ્રભાવ ઘટા લાગ્યો.

નોંધનીય છે કે, ૨૦૧૪માં જે ચૂંટણી થઈ તેને સૌથી વિવાદિત ચૂંટણી માનવામાં આવે છે. આ ચૂંટણી દરમિયાન ૧૪૨ લોકોનાં મોત થયા હતા. તે અત્યાર સુધીની સૌથી વધારે હિંસક ચૂંટણી હતી. આ ચૂંટણી દરમિયાન બીએનપી અને જમાત દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. મતદાનના દિવસ પણ ૨૧ લોકોનાં મોત થયા હતા.

આ ઉપરાંત ૪૦૦ મતદાન કેન્દ્રો ઉપર મતદાન રોકવું પડયું હતું. ૧૫૦થી વધારે મતદાન કેન્દ્રો ઉપર તોડફોડ અને આગચંપી કરવામાં આવી હતી. યુએન દ્વારા પણ ૨૦૧૮માં થયેલી ચૂંટણીમાં ૪૭ જેટલી હિંસક ઘટનાઓ નોંધવામાં આવી હતી. આ દરમિયાન ૮ લોકોનાં મોત થયા હતા અને ૫૬૦થી વધુ લોકોને ઈજા થઈ હતી. બાંગ્લાદેશમાં ૨૦૨૪ દરમિયાન પણ રાજકીય હિંસા જોવા મળી. આ દરમિયાન શેખ હસીનાની સરકારનું પતન થયું હતું.

મહત્ત્વની વાત એ છે કે, ૨૦૨૬ની ચૂંટણી એ પહેલી ચૂંટણી છે જેમાં શેખ હસીનાની ગેરહાજરી જોવા મળી છે. આ ઉપરાંત શેખ હસીનાની પાર્ટી ઉપર પણ ચૂંટણી લડવા સામે પ્રતિબંધ મુકાયેલો છે. ખાલિદા ઝિયાનું પણ અવસાન થઈ ગયું છે અને તેમનો દકીરો તારિક રહમાન બીએનપીનું સુકાન સંભાળી રહ્યો છે. આ ચૂંટણીમાં પણ ભયાનક હિંસા જોવા મળી રહી છે.

બાંગ્લાદેશમાં વર્તમાન સમયની વાત કરીએ તો હિંસા વ્યાપક સ્તરે વકરેલી છે. છેલ્લાં બે દિવસમાં જ ૬૦થી વધારે હિંસક ઘટનાઓ જોવા મળી છે. તેમાં પાંચસોથી વધારે લોકોને ઈજા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમાં સૌથી મોટી ઘટના શનિવારે બની હતી. તેમાં ચાર જિલ્લામાં બીએનપીના સમર્થકો અને અન્ય પક્ષના સમર્થકો વચ્ચે રાજકીય હિંસા થઈ હતી. તેમાં ૧૦૦થીવધુ લોકોને ઈજા થઈ હતી. આ ઉપરાંત રાજકીય હત્યાની વાત કરીએ તો છેલ્લાં દસ દિવસમાં રાજકીય હિંસામાં ચાર લોકોનાં મોત થયાના અહેવાલો છે. ગંભીર બાબત એવી છે કે, બાંગ્લાદેશમાં છેલ્લાં પંદર મહિનાથી રાજકીય હિંસા ચાલી રહી છે. અહીંયા રાજકીય અને ધાર્મિક કટ્ટરવાદ એ હદે વધ્યો છે કે, હિંસક ઘટનાઓમાં મોટાપાયે વધારો થયો છે. છેલ્લાં પંદર મહિનામાં ૨૦૦થી વધુ લોકોની હત્યા કરવામાં આવી છે જ્યારે ૧૧,૩૦૦થી વધારને ઈજા થઈ છે. હ્યુમનરાઈટ્સ એજન્સીનો અહેવાલ જણાવે છે કે, ઓગસ્ટ ૨૦૨૪માં રાજકીય વિવાદ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ૩૫૦થી વધુ લોકોની હત્યા કરવામાં આવી છે જ્યારે ૧૫,૦૦૦થી વધારે લોકોને ઈજા પહોંચી છે. અહેવાલો પ્રમાણે ૧૧ ડિસેમ્બર ૨૦૨૫માં બાંગ્લાદેશમાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવી ત્યારથી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં બે મહિનામાં જ ૧૬૫ જેટલી રાજકીય હિંસાઓની ઘટનાઓ નોંધાઈ છે. બીજી આઘાતજનક બાબત એ છે કે અહીંયા છેલ્લાં ૧૭ મહિનામાં રાજકીય અને ધાર્મિક હિંસાની ૪૧૩ ઘટનાઓ નોંધાઈ છે. આ ઘટનામાં ૨૯૦નાં મોત થાય છે. જાણકારોના મતે આ મોતમાંથી ૧૮૦ લોકોનાં મોત મોબ લિન્ચિંગ થકી થયા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત ચૂંટણી જાહેર થયાના સમયગાળામાં ૬૫ મકાનો, ૧૭ મંદિરો અને ૬૩ મૂર્તિઓ તોડવાની ઘટનાઓ બની છે. આ ઉપરાંત ૧૫થી વધારે હિન્દુઓની જાહેરમાં હત્યા કરવાની ઘટનાઓ બની છે.

# પીઓકે બાબતે અમેરિકાનો યુટર્ન



ભારતની વિદેશનીતિ ફરીથી એક વખત વામણી પુરવાર થઈ છે. થોડા દિવસો પહેલા અમેરિકાએ ભારતના એક નકશાનો ઉપયોગ કર્યો હતો જેમાં પીઓકે અને અક્સાયી ચીનને ભારતનો ભાગ બતાવ્યા હતા. આ બાબતે ભારતવાસીઓ ખુશ થયા હતા, પરંતુ થોડા કલાકોમાં જ પાકિસ્તાને શું ખેલ કર્યો કે અમેરિકાના સત્તાધીશોએ ભારતના નકશામાંથી પીઓકે અને અક્સાયી ચીન દુર કર્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટીવ (યુએસટીઆર) આ નકશો એની પોસ્ટ પર મૂક્યો હતો. હવે યુએસટીઆરએ યુટર્ન લઈ લીધો છે. એમ કહેવાય છે કે પાકિસ્તાને કોઈપણ રીતે યુએસટીઆર પર દબાણ લાવીને પોતાનું ધાર્યું કરાવ્યું છે. રાજકીય નીરિક્ષકો કહી રહ્યા છે કે યુએસટીઆરએ યુટર્ન માર્યો હોવા છતાં ભારતના વિદેશ મંત્રાલયની ચૂપકીદી આઘાતજનક છે.

સુપ્રિમ કોર્ટે ચીફ ઈન્ફોર્મેશન કમીશનર (સીઆઈસી) અને ઈન્ફોર્મેશન કમિશનરોની નિમણૂક બાબતે વિરોધ પક્ષના નેતાની અસહમતીની નોટ જાહેર કરવાનો ઈન્કાર કરી દીધો છે. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્યા બાગચી અને જસ્ટીસ એનવી અંજારઈની બેન્ચે આરટીઆઈ એક્ટીવીસ્ટ અંજલી ભારદ્વાજ તરફથી એડવોકેટ પ્રશાંત ભૂષણએ કરેલી દલીલ સ્વિકારી નહોતી. પ્રશાંત ભૂષણનું કહેવું હતું કે વિરોધપક્ષના નેતાની અસહમતીનું કારણ જાહેર કરવામાં આવે. ભૂષણે કહ્યું હતું કે લોકોને જાણવાનો હક્ક છે કે કમિટીમાં વિરોધપક્ષના નેતાએ અસહમતી શા માટે બતાવી હતી. સીજેઆઈએ એવી ટીપ્પણી કરી હતી કે, કોર્ટ એવી આશા નહી રાખી શકે કે ભારત સરકાર અયોગ્ય વ્યક્તિઓની નિમણૂક કરશે. સીજેઆઈનું કહેવું હતું કે, કમિટીમાં નિમણૂક માટે યોગ્ય માણસોની જ પસંદગી થાય છે.

આરએસએસના કાર્યક્રમમાં ફિલ્મસ્ટાર સલમાન ખાનની હાજરીને કારણે સંજય રાઉતે કેટલાક નિવેદનો આપ્યા હતા. રાઉતે કહ્યું હતું કે સલમાન ખાન કયારથી આરએસએસના સ્વયંસેવક બની ગયા? આ બાબતે મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેએ વળતો જવાબ આપ્યો હતો. શિંદેએ કહ્યું હતું કે, મોહન ભાગવતના કાર્યક્રમમાં સલમાન ખાને જઈને કઈ ખોટુ કર્યું નથી. સલમાન ભારતના નાગરીક છે અને અમારી સંસ્કૃતિને માને છે. આ બાબતે રાજકારણ થવું જોઈએ નહીં. એકનાથ શિંદેએ કહ્યું હતું કે, 'આરએસએસના કાર્યક્રમમાં સલમાન ખાને જવું જોઈએ કે નહીં જવું જોઈએ એ વળી કેવો સવાલ છે. શું સલમાન ખાન ભારતીય નાગરીક નથી? તેઓ ગણપતી ભગવાનને પોતાના ઘરે બેસાડે છે અને તમામ વિધિ કરે છે.'

ભૂતપૂર્વ સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવણેના અપ્રકાશિત પુસ્તક વિશે શરૂ થયેલો વિવાદ હજી અટક્યો નથી. સંરક્ષણ મંત્રાલયની મંજૂરી વગર કઈ રીતે પુસ્તક પ્રકાશિત થયું એની તપાસ દિલ્હીની પોલીસ કરી રહી છે. પોલીસે એફઆઈઆર પણ દાખલ કરી છે. પ્રકાશક કંપની પેંગ્વીન ઈન્ડિયાએ ખુલાસો આપ્યો છે કે એમણે આ પુસ્તક પ્રકાશિત કર્યું નથી. આ બાબતે નરવણેએ પણ પેંગ્વીનની વાત સાથે સહમતી બતાવી છે. રાહુલ ગાંધીએ આડકતરી રીતે કહ્યું હતું કે ક્યાતો પ્રકાશક જૂઠુ બોલે છે ક્યાં તો જનરલ નરવણે. ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કહ્યું હતું કે હવે જ્યારે બંનેના નિવેદનો આવી ગયા છે ત્યારે સાફ થઈ ગયું છે કે જૂઠુ કોણ બોલે છે. રાહુલ ગાંધીએ જે નરવણેનું ૨૦૨૩માં કરેલું ટ્વીટ બતાવ્યું હતું તે અન્ય પુસ્તક માટે હોવાનું કહેવાય છે.

સચીન તેંડુલકરના પુત્ર અર્જૂન અને સાનિયા ચંડોકના લગ્ન પાંચમી માર્ચે મુંબઈમાં થવાના છે. ૨૦૨૫ના ઓગસ્ટ મહિનામાં બંનેની સગાઈ થઈ હતી. સાનિયા ચંડોક ગ્રૈવીસ ગુરપના ચેરમેન રવિ ઘઈની પૌત્રી છે અને અર્જૂનની બહેન સારા તેંડુલકરની મિત્ર છે. હોસ્પિટિલીટી અને ફુડ વર્લ્ડમાં ઘઈ પરિવારનું નામ જાણીતું છે. એમનું ઈન્ટરકોન્ટીનેન્ટલ હોટલ ગુરપ છે જેની મલ્ટીનેશનલ વેલ્યુ ૧૮.૪૩ બિલિયન ડોલર (૧.૬ લાખ કરોડ રૂપિયા) છે. એમની મુંબઈમાં ઈન્ટરકોન્ટીનેટલ હોટલ છે અને કુટુંબ જાણીતી આઈસક્રીમ બ્રાન્ડ બુરકલીન કેમરીના માલિક છે. સાનિયા જોકે મુંબઈમાં મિસ્ટર પોઝ પેટ સ્પા એન્ડ સ્ટોર એલએલપીની પાર્ટનર અને ડિરેક્ટર છે. આ એક નાનકડું સાહસ છે જે પશુઓ માટે સ્કીનકેર, ગ્રુમીંગ અને એને લગતી બીજી પ્રોડક્ટ્સ બનાવે છે.

કમિશનખોરીના આક્ષેપમાં ફસાયેલા આઈએએસ અધિકારી અભિષેક પ્રકાશને મોટી રાહત મળી છે. એમની સામે દાખલ થયેલી ચાર્જશીટ અલ્હાબાદ હાઈકોર્ટે કાઢી નાખી છે. ચાર્જશીટ રદ થવાને કારણે હવે અભિષેક પ્રકાશ ફરીથી નોકરી પર જોડાઈ શકશે. અભિષેક પ્રકાશ જ્યારે ઈન્વેસ્ટ યુપીના સીઈઓ હતા ત્યારે એમના પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે એક પ્રોજેક્ટ અપાવવા માટે એમણે પાંચ ટકા કમિશન માગ્યુ હતું. આ બાબતે અભિષેક પ્રકાશના નજીકના ગણાતા નિકાંત જૈનનું નામ ચર્ચામાં આવ્યું હતું. ગોમતી નગર પોલીસ સ્ટેશનમાં સોલર કંપનીના અધિકારી વિશ્વજીત દાસે એફઆઈઆર દાખલ કરાવી હતી. એફઆઈઆર દાખલ થયા પછી ઉત્તર પ્રદેશની એસટીએફે નિકાંત જૈનની ધરપકડ કરીને એમને જેલમાં મોકલી આપ્યા હતા. સમગ્ર કિસ્સાની તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી હતી.

થોડા દિવસો પહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એસઆઈઆર વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાં જઈને જાતે દલીલો કરી હતી. દેશના ઈતિહાસમાં પહેલી વખત કોઈ મુખ્યમંત્રીએ સુપ્રિમ કોર્ટમાં જાતે જઈને દલીલ કરી હોવાથી આ કિસ્સો ચર્ચાસ્પદ બન્યો હતો. સુપ્રિમ કોર્ટમાં મમતા બેનર્જીએ દલીલ કરી એ માટે સુપ્રિમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. અખિલ ભારત હિન્દુ મહાસભાના ઉપપ્રમુખ સતિષકુમાર અગ્રવાલે આ અરજી દાખલ કરી હતી. સુપ્રિમ કોર્ટ જોકે આ અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરીને અરજી કરનારની કડક ટીકા કરી હતી. સીજેઆઈ સૂર્યકાંતે અરજી કરનારને કહ્યુ હતું કે, આ બાબતે રાજનીતિ નહી કરે. આમા ખોટુ શું છે. બંધારણમાં વિશ્વાસ અને ભરોસો અમે બતાવ્યો છે. આ કોઈ એવી બાબત નથી કે કોર્ટે એમાં દખલ કરવી પડે.

# જ્ઞાનનો વરસાદ જ્યાં પણ પડી રહ્યો હોય, ત્યાં ભીંજાતા રહો! દરેક વ્યક્તિ કંઈકને કંઈક શીખવે છે, બસ શીખતા રહો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

હર હર મહાદેવ..ના ગગનભદી નાદથી શિવાલયો ગુંજી ઉઠશે. ભવનાથનો મેળો શરૂ થઇ ગયો છે..એક દિવસ,એક યુવાન માણસે એક વૃદ્ધ માણસને તેમના બગીચામાં એક નાના છોડને પાણી આપતા જોયો. તે યુવાન માણસે પૂછ્યું, 'તમે આટલી મહેનત કેમ કરો છો? આ છોડ હજુ નાનો છે,તેનાથી તમને શું મળશે?'

વૃદ્ધ માણસે હસીને કહ્યું,'હું આ છોડને પાણી આપી રહ્યોછુંજેથી હું મોટો થઈને તેના ફળો ખાઈ શકું.'યુવાને આશ્ચર્ય સાથે કહ્યું, 'પણ તમે વૃદ્ધ છો, તમારી પાસે વધુ સમય બાકી નથી!'વૃદ્ધ માણસે કહ્યું,'હું આ છોડ મારા માટે નહીં,પણ મારા બાળકો અને પૌત્રો માટે વાવી રહ્યો છું. તેઓ તેના ફળો ખાશે અને મને યાદ કરશે.'યુવાન માણસ આ સમજી ગયો અને તેણે પોતાના જીવનમાં એવું કંઈક કરવાનું નક્કી કર્યું જે બીજાઓને લાભ આપે.કનૈયાની વાંસળી સાંભળી ગોપી ઓ સહજ સમાધિનો અનુભવ કરે છે.શ્રીકૃષ્ણકથાનું વર્ણનકરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે. ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવ વાનો પ્રયત્ન કર્યો નથી. તેમની તો હાલતાં-ચાલતાં, સૂતાં- બેસતાં સર્વત્ર, સર્વકાળે સમાધિ જ લાગેલી રહે છે. તેઓને આપો આપ સમાધિ લાગે છે.આ ભોગી શરીર યોગા ભ્યાસ કરી શકે નહીં.ભોગીયોગી થવા જાય તો યોગી થવાને બદલે રોગી થઈ જાય. યોગનું પહેલું સાધન છે બ્રહ્મચર્ય.એ બ્રહ્મ ચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાંપડે પણ શ્રીકૃષ્ણકથા એવી છેકે, જેથી અનાયાસે જગત ભૂલાય છે. જગતમાં રહીને જગતને ભૂલવું છે. એનું એકમાત્ર સાધન શ્રીકૃષ્ણકથા છે. પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે. પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે. સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે. શ્રીકૃષ્ણકથાનો એ ચમત્કાર છે.

મોટા મોટા જ્ઞાની મહાત્માઓને બીક હતી કે,સાત દિવસમાં તે કેવી રીતે મુક્તિ મળે?પણ શુક દેવજી મહારાજ એવી ચતુરીથી, ધીરેધીરે રાજાના મનનેઅનાસક્ત બનાવી શ્રીકૃષ્ણપ્રેમમાં તન્મય કરે છે. સાત દિવસમાં રાજાનું જ્ઞાન વધે છે, ભક્તિ વધે છે, વૈરાગ્ય વધે છે અને શ્રીકૃષ્ણકથા માં રાજા તન્મય બની મુક્તિ પામે છે.

એકલા રાજાને માટે જ તે શક્ય છે એવું નથી. આપણા સૌના માટે તે શક્ય છે. રાજાએ જેવો પ્રયત્ન કર્યો તેવો આપણે સૌએ કરવો જોઈએ.ચરી પાળવાની શરત પાળીએ તો દવા અસર કરે જ. શ્રીકૃષ્ણકથાએ ભવસાગરના દુઃખોમાંથી છૂટવાની એક માત્ર ઔષધિ છે.

યોગીઓ આંખો બંધ કરીને જગતને ભૂલવાનો પ્રયત્ન કરે છે, પણ જગત ભૂલાતું નથી. તેમને એ અઘરું લાગે છે. બીજી બાજુ ગોપીઓની એવી હાલત છે કે, તેઓ જગતને યાદ કરવા માગે તો યાદ કરી શકતી નથી. તો આ બેમાં સાધના કોની ચડિયાતી ઠરી? ગોપીઓની જ.

શ્રીકૃષ્ણપ્રેમનું આ કૌતુક છે. મનમાં વિરોધ ન રાખો, વાસના ન રાખો. વિરોધ અને વાસના નિરોધમાં વિઘ્ન કરે છે. તેના વિનાશથી જ મનનો નિરોધ થાય છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન રાખો.તેમ જગત ના ભોગપદાર્થો ભોગવવાની વાસના ન રાખો.નિરોધ થાય છે. અનાયાસે જીવને મુક્તિ મળે છે. શ્રીકૃષ્ણ લીલામાં અનાયાસે મનનો નિરોધ થાય છે.

ઘડીભર માની લો કે,આ સંસાર સુંદર છે. તો આ સુંદર સંસારને બનાવનારો કેટલો સુંદર હશે તેનો કોઈ દિવસ વિચાર કર્યો છે? મનુષ્ય સૌંદર્ય જોવા માટે કાશ્મીર વગેરે સ્થળોએ જાય છે પણ ત્યાં જવાની કંઈ જ જરૂર નથી,કારણ કે ખરું સૌંદર્ય અંતર માં છે,ઈશ્વરમાં છે.તે સૌંદર્ય જોવા પ્રયત્ન કરો.

પરમાત્માના કોઈ પણ સ્વરૂપ સાથે તન્મય થાઓ તો તમને મુક્તિ મળશે. ભાગવત એમ કહેતું નથી કે, ફક્ત શ્રીકૃષ્ણમાં જ તન્મય થાઓ. ઈશ્વરના કોઈ પણ સ્વરૂપમાં તન્મય થાઓ. તમને ગમે તે ઈશ્વરનું સ્વરૂપ તમે અપનાવો.એકાંત અનન્ય ભક્તિ રાખો અને અન્યને અંશરૂપ માની તેને વંદન કરો.આ પ્રમાણે બીજા માં અંશાત્મક પ્રેમ રાખો તો પછી ભક્તિમાં રાગદ્વેષ આવશે નહીં, તે જ અનન્ય ભક્તિ છે.અનન્ય ભક્તિ એવું નથી કહેતી કે બીજા ને તુચ્છ કરવા.

સ્ત્રીનો સોળ આની પ્રેમ પોતાના પતિમાં હોય છે,પણ પતિનાં બીજાં સગાંઓમાં તે અંશાત્મક પ્રેમ રાખી તેમની સેવા પણ કરે છે. બીજા તરફ પ્રેમ રાખે છે, તેથી તેના પતિ પરના પ્રેમમાં કશી ન્યૂનતા આવતી નથી. તેવું જ અનન્ય ભક્તિનું છે.

શ્રીકૃષ્ણ કથા અનાયાસે મુક્તિ આપનારી છે.મુક્તિ આત્માને મળતી નથી. આત્માને મુક્ત થવાનો કોઈ પ્રશ્ન જ નથી. આત્મા સદા મુક્ત છે.આત્મા પરમાત્માનો અંશ છે તેથી આત્માનું બંધન કાલ્પનિક છે. આત્માને બંધન છે જ નહીં. કેટલાક આત્મા-પરમાત્માને એક માને છે. કેટલાક આત્માને પરમાત્માનો અંશ માને છે. તેઓ અંશઅંશી ભાવમાં માને છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે, જીવલોકમાં મારો જ અંશ છે, એટલે કે જીવ ઈશ્વરનો અંશ છે. આ વિશે શંકર સ્વામી કહે છે કે, જીવ ઈશ્વરના અંશ જેવો છે, પણ અંશ નથી. જીવ ઈશ્વરનો અંશ ન હોઈ શકે, કારણ કે ઈશ્વરના ટુકડા થઈ શકે નહીં, પરંતુ આત્મા અને પરમાત્મા એક જ છે. ઘડામાંનું આકાશ કે વ્યાપક આકાશ-મહાકાશ એક જ છે, પરંતુ ઘડાની ઉપાધિ છે તેથી અંશાઅંશી ભાવ ભાસે છે. તેવી રીતે જીવ અને પરમાત્મામાં ભેદ નથી. એક મણ ખાંડમાંથી એક તોલો ખાંડ લો તો તે એક મણ ખાંડ નહીં રહે. ગુલાબના ફૂલમાંથી કોઈ એક પાંખડી લઈ લો તો તેના સ્વરૂપનો ભંગ થશે, તે અખંડ ફૂલ નહીં કહેવાય. તે જ પ્રમાણે જીવ જુદો અંશ હોય તો અંશી ઈશ્વર અખંડ રહે નહીં, પણ ઈશ્વર તો નિત્ય છે, અખંડ છે. તેના ટુકડા થઈ શકે નહીં.

આમ તત્ત્વદૃષ્ટિથી જીવ ઈશ્વરનો અંશ છે એ બરાબર નથી. પણ ઉપાસનામાં અંશઅંશીનો ભેદ છે. વ્યવહારમાં અંશઅંશીનો ભેદ છે. બિંદુઓનો સાગર છે, પણ બિંદુ એ સાગર નથી.

રામાનુજાચાર્ય વગેરે આચાર્યો માને છે કે, આત્મા અંશ છે અને પરમાત્મા અંશી છે.બીજા આચાર્યો વળી કહે છે કે, જીવ બદ્ધ દશામાં ઈશ્વરનો અંશ છે અને મુક્ત દશામાં અંશી છે. આમ અંશઅંશીના ભેદમાં તેઓ માને છે પણ તેઓ અંશઅંશીને એક જ સમજેછે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# હેર સલૂનમાં દારૂની મહેફિલનો પર્દાફાશ: મુરલીધર કોમ્પ્લેક્સમાં હેર સલૂનમાંથી 4 શખ્સને દારૂની મહેફિલ માણતા ઝડપાયા....

**વડોદરા, તા.12**

વડોદરા શહેરના લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મુરલીધર કોમ્પ્લેક્સમાં આવેલ હેર સલૂનમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી અને દારૂની મહેફિલ માણી રહેલા 4 શખસોને લક્ષ્મીપુરા પોલીસે ઝડપી પાડ્યા છે અને આ મામલે તપાસ શરૂ કરી છે. આરોપીઓમાં એક સલૂનનો માલિક અને ત્રણ કર્મચારી છે.




લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. ડી. ચૌધરીના સીધા નિર્દેશ હેઠળ પોલીસ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન તેમને બાતમી મળી કે વુડા ચાર રસ્તા પાસે આવેલા મુરલીધર કોમ્પ્લેક્સમાં સ્થિત ગાયત્રી હેર સલૂનમાં કેટલાક લોકો અંદર બેઠા દારૂની મહેફિલ માણી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તપાસમાં જોવા મળ્યું કે, મુરલીધર કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ગાયત્રી હેર સલૂનમાં ચાર વ્યક્તિઓ બેઠી હતી અને પ્રાથમિક દૃષ્ટિએ દારૂ પીવાની મહેફિલ ચાલી રહી હતી. પોલીસે તમામ ચારેય આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડ્યા હતા અને આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

પકડાયેલા આરોપીઓમાં જીગ્નેશભાઈ ભગવાનદાસ વાળંદ (42 વર્ષ, હેર સલૂન ધંધો, રહેઠાણ: મકાન નં. 196, આશીર્વાદનગર, બાપુની દરગાહ પાસે, ગોરવા, વડોદરા), હર્ષદભાઈ બાબુભાઈ લિંબાચીયા (40 વર્ષ, હેર સલૂન ધંધો, રહેઠાણ: 06/353, નાલંદા પાર્ક, જુના હાઉસિંગ બોર્ડના મકાન, ગોરવા, વડોદરા), ચિરાગભાઈ ગોવિંદભાઈ લિંબાચીયા (39 વર્ષ, હેર સલૂન ધંધો, રહેઠાણ: સી/41, વ્રજવિહાર સોસાયટી, લક્ષ્મીપુરા રોડ, ગોત્રી, વડોદરા) અને અનિરુધ્ધભાઈ ગૌતમભાઈ વાળંદ (25 વર્ષ, હેર સલૂન ધંધો, રહેઠાણ: અંકોડીયાગામ, ગ્રામ પંચાયત પાસે, અંકોડીયા, તા-જી. વડોદરા)નો સમાવેશ થાય છે.

પોલીસે ઘટનાસ્થળેથી મુદ્દામાલ તરીકે માસ્ટર બ્લેન્ડર સિગ્નેચર વ્હિસ્કી 750 મિ.લી. (અડધી ભરેલી), ઓલ સિઝન ગોલ્ડન કલેક્શન રિઝર્વ વ્હિસ્કી 750 મિ.લી. (અડધી ભરેલી), બડવાઈઝર મેગ્નમ બીયરના 4 ટીન (એક સીલબંધ અને ત્રણ અડધા ભરેલા) તથા 4 મોબાઈલ ફોન જપ્ત કર્યા છે.

# સુરત મ્યુ. કમિશનર નાગરાજનની ઓચિંતી ઝોન મુલાકાત: ટ્રાફિકને નડતરરૂપ BRTS સ્ટેન્ડ હટાવવા સ્થળ પરથી જ આપ્યો આદેશ....

**સુરત, તા.12**

સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન હાલમાં શહેરની વ્યવસ્થા સુધારવા માટે સતત સક્રિય દેખાઈ રહ્યા છે. રાંદેર ઝોનની મુલાકાત લીધાના બીજા જ દિવસે આજે વહેલી સવારે 8 કલાકે તેઓ અચાનક અઠવા ઝોનના વિવિધ વિસ્તારોમાં પહોંચી ગયા હતા. કમિશનરને અચાનક જોતા જ ઝોનના અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. કમિશનરે પીપલોદ ખાતે આવેલા હળપતિવાસની મુલાકાત લીધી હતી. તેમણે વિસ્તારમાં ગંદકી અને સાફ-સફાઈના અભાવને ગંભીરતાથી લીધો હતો. સ્થળ પર હાજર રહીને તેમણે સફાઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું અને અધિકારીઓને તાકીદ કરી હતી કે, સ્લમ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ અને સ્વચ્છતા બાબતે કોઈ બાંધછોડ કરવામાં ન આવે.



પીપલોદ પાસે આવેલા હળપતિવાસ અને તેની પાસે આવેલા નાઈટ બજારમાં જર્જરિત હાલતમાં પડેલા ટોયલેટ બ્લોકને પુનઃ શરૂ કરવા સુચના આપી હતી. આ સિવાય નાઈટ બજારમાં પહેલા માળ પર આવેલ હોલ ઘણા સમયથી ખાલી પડી છે, જેને વૈકલ્પિક ઉપયોગમાં લઈ શકાય તે દિશામાં પણ વહીવટી તંત્રને નિર્દેશ કર્યો હતો, જેને લઈને આગામી દિવસોમાં હોલને ડે કિચન કે યોગા સેન્ટર જેવી સુવિધા માટે ભાડે આપવાની કવાયત હાથ ધરાઈ શકે છે. ખાસ કરીને નાઈટ બજારમાં પાર્કિંગમાં લાઈટના અભાવે મોડી રાત સુધી દારૂડિયાનું ન્યુસન્સ થઈ ગયું હોવાનું ધ્યાને આવતા તેઓએ પાર્કિંગ એરિયામાં જરૂરિયાત મુજબ લાઈટની વ્યવસ્થા કરવાની પણ તંત્રને સૂચના આપી હતી.

24 કલાક ટ્રાફિકથી ધમધમતા પીપલોદ વિસ્તારમાં બિગ બજાર પાસે બીઆરટીએસ બસ સ્ટેન્ડ ના કારણે ટ્રાફિક જામની સમસ્યા વિકરાળ બનતી હોય છે. સ્થાનિક કોર્પોરેટર વ્રજેશ ઉનડકટ દ્વારા ટ્રાફિક પોલીસના હકારાત્મક અભિપ્રાય સાથે બીઆરટીએસ બસ સ્ટેન્ડ હટાવવાની રજૂઆત કરી હતી. જો કે, આ અંગે વહીવટી તંત્ર દ્વારા કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી. આજે કમિશનર નાગરાજન ની મુલાકાત સમયે કોર્પોરેટર વ્રજેશ ઉનડકટ દ્વારા આ સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી. તેથી આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવા કમિશનરે અધિકારીઓને સૂચના આપી હતી.

# ભાવનગર RTOની LED લાઈટ લગાવનારા ચાલકો સામે લાલ આંખ

## 450થી વધુ અનધિકૃત LED લાઈટવાળા વાહનચાલકો પાસેથી 5 લાખથી વધુનો દંડ વસૂલાયો



**ભાવનગર, તા.12**

શહેરમાં અને જિલ્લામાં વાહનોમાં લગાડવામાં આવતી અનધિકૃત LED લાઈટોને કારણે વધતા અકસ્માતોને રોકવા માટે ભાવનગર આર.ટી.ઓ. (RTO) વિભાગ દ્વારા કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે આ ડ્રાઈવ અંતર્ગત છેલ્લા દોઢ મહિનામાં 450થી વધુ વાહનચાલકોને રૂપિયા 5 લાખ જેટલો દંડ ફટકારી વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી, આગામી સમયમાં પણ આ ઝુંબેશ શરૂ રહેશે. ભાવનગર RTO ખાતે ફરજ બજાવતા સહાયક મોટર વાહન નિરી ક્ષ ક એમ.ટી. મકવાણાએ વિ ગતો આપતા જણાવ્યું હતું કે, 1 જાન્યુઆરી 2026 થી આજ દિન સુધી અંદાજિત 477 જેટલા કેસ કરવામાં આવ્યા છે, જેની સા મે રૂપિયા 5 લાખ જેટલો દંડ ફટકારવામાં આવ્યો છે, તેમજ વાહ નો માં કંપની ફિટિંગ સિવાય ની જે મોડિફાઈડ LED લાઈટો લગાવ વા માં આવે છે, તે કાયદા વિરુ દ્ધ વાહનના મૂળ ફિચર્સમાં ફેરફાર કરવા બદલ કલમ 182 હેઠળ રૂ.5,000નો દંડ, કલમ 190 મુજબ રોડ સેફ્ટીના નિયમોના ભંગ બદલ રૂ. 1 ,000નો દંડ, આમ, નિયમ નો ભંગ કરનાર વાહનચાલ કે કુ લ રૂ.6,000 થી વધુનો દંડ ભોગવવો પડી શકે છે.

એમ.ટી. મ ક વાણાએ નાગરિકોને ન મ્ર અપીલ કરતા જણાવ્યું હતું કે, 'બહારથી ટેસ્ટિંગ ઓથોરિટી ની માન્યતા વગરની LED લાઈટો લગાવવાનું ટાળો,આ લાઈટોની તીવ્રતાને કારણે સામેથી આવતા વાહન ચાલકોની આંખો અંજાઈ જાય છે, જેનાથી ગંભીર અકસ્માત થવાનો ભય રહે છે. આ માત્ર નિયમભંગ નથી, પરંતુ જાન-માલના નુકસાન અને મૃત્યુનું કારણ પણ બની શકે છે.

## ખેડા જિલ્લામાં ૬૯ પરીક્ષા કેન્દ્રો ખાતે કુલ ૪૭,૬૧૧ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

# પરીક્ષાના સુચારું આયોજન માટે 2560 થી વધુ કર્મયોગીઓને પરીક્ષાના કામમાં નિયુક્ત

## તમામ 173 પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરા તેનાત- સીસીટીવી ફૂટેજ નિરીક્ષણ ટીમ કરશે સતત નિરીક્ષણ

**નડિયાદ, તા.12**

ખેડા સહિત સમગ્ર ગુજરાતમાં તા. ૨૬-૦૨-૨૦૨૬ થી ૧૮-૦૩-૨૦૨૬ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ યોજાશે. ખેડા જિલ્લામાં બોર્ડ પરીક્ષાની આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં ૧૭૩ પરીક્ષા સ્થળોના ૬૯ પરીક્ષા કેન્દ્રોમાં રહેલા ૧૭૧૧ બ્લોક ખાતે કુલ ૪૭,૬૧૧ પરીક્ષાર્થીઓ બોર્ડની પરીક્ષા આપનાર છે. જેમાં, ધોરણ ૧૦માં ૪૫ કેન્દ્રો ખાતે ૨૯,૭૨૪ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૮ કેન્દ્રો ખાતે ૧૫,૪૪૫ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૦૬ કેન્દ્રો ખાતે ૨૪૪૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે.

પરીક્ષાના સુચારું આયોજન માટે ૧૭૩૦ બ્લોક સુપરવાઈઝર, ૧૭૩ સ્થળ સંચાલકો, ૧૭૩ વહીવટી કર્મચારીઓ અને ૧૭૩ ઝોનલ પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા સંકલન સમિતિના વર્ગ ૦૧ અને વર્ગ ૦૨ અધિકારીઓ સહિત કુલ ૨૫૬૦ થી વધુ કર્મયોગીઓને પરીક્ષામાં કાર્યરત કરવામાં આવ્યા છે.

સમગ્ર પરીક્ષાનું ચુસ્ત મોનિટરિંગ કરવા માટે તમામ ૧૭૩ પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવ્યા છે. જેનું સીસીટીવી ફૂટેજ નિરીક્ષણ ટીમ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વિશેષ સુવિધાઓના ભાગરૂપે લહિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે.



બોર્ડની પરીક્ષા સંદર્ભમાં વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો માટે શિક્ષણ વિભાગ દ્વારા ૨૫-૦૨-૨૦૨૬ થી ૧૯-૦૩-૨૦૨૬ સુધી સવારે ૦૭ થી રાત્રે ૦૮ કલાક સુધી કંટ્રોલરૂમ અને હેલ્પલાઈન નંબર કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમ પાળી સવારે ૦૭ થી બપોરે ૦૨ કલાક સુધી નિકુંજભાઈ પ્રજાપતિને મોબાઈલ નંબર ૯૬૬૨૬૯૦૧૪૩ ઉપર તથા દ્વિતીય પાળી બપોરે ૦૨ કલાક થી સાંજે ૦૮ કલાક સુધી નરેન્દ્રભાઈ પટેલને મોબાઈલ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત સારથી હેલ્પલાઈન વ્હોટસએપ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર (૨૪*૭) કલાક સંપર્ક કરી શકાશે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના માનસિક તણાવના સંદર્ભમાં વિશેષ રૂપે કાઉન્સેલિંગ આપવામાં આવશે. જેના માટે આર.પી સુમેરાને ૮૧૬૦૧૨૭૨૧૧, ડો. રીતેશ પટેલને ૯૭૨૭૬૨૨૯૭૦, ભૂમિબેન જોશીને ૯૭૩૭૯૦૧૭૧૩ અને ડો. ધર્મેશ મોદીને ૯૪૨૬૫૭૯૯૭૦ ઉપર સંપર્ક કરી શકાશે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ બોર્ડના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦, જીવન આસ્થા હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૩૩૩૦, સ્ટેટ કંટ્રોલરૂમ નંબર ૯૯૦૯૦૩૮૭૬૮ અને જિલ્લા કંટ્રોલરૂમ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર સંપર્ક કરી શકશે.

પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું. બાકીના દિવસોએ પરિક્ષા શરૂ થવાના ૨૦ મિનિટ અગાઉ હાજર રહેવું. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતું કોઈ પણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન, ડિજિટલ ઘડિયાળ જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ કે પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ છે. માત્ર ધોરણ ૧૨ના પરીક્ષાર્થીઓ સાદુ કેલ્ક્યુલેટર સાથે લઈ જઈ શકશે.

જો પરીક્ષાર્થી પાસે પરીક્ષા દરમિયાન નિરીક્ષણ તપાસમાં કોઈ પણ સાહિત્ય મળશે તો તેમની સામે ગેરરીતીનો કેસ નોંધવામાં આવશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા ખંડમાં પ્રવેશિકા સિવાય કોઈ પણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય પરીક્ષાર્થી પાસેથી મળશે તો ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે તેને પૂરતા પુરાવા માનવામાં આવશે જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

પરીક્ષાનું સુચારું આયોજન સુનિશ્ચિત કરવા રાજ્ય સ્તરે શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજાના અધ્યક્ષ સ્થાને વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મિલિંદ તોરવણે તેમજ બોર્ડના અધ્યક્ષ સહિતના મહાનુભાવોએ વિવિધ જિલ્લાઓની તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી હતી. આ વીસીમાં ખેડા જિલ્લા તરફથી મહાનગરપાલિકા કમિશનર જી. એચ. સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, નિવાસી અધિક કલેકટર જે.બી દેસાઈ, જિલ્લા શિક્ષણ અધિકારી કલ્પેશ રાવલ સહિત પરીક્ષા સમિતિના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા આંગણવાડી-આશા વર્કર બહેનો હડતાળ પર: નવા મજૂર કાયદાના વિરોધમાં અને સમાન વેતનની માંગ સાથે કામગીરીનો બહિષ્કાર.....

**નડિયાદ, તા.12**

ખેડા જિલ્લાની આંગણવાડી અને આશા વર્કર બહેનો દેશવ્યાપી હડતાળમાં જોડાઈ છે. નવા મજૂર કાયદાના વિરોધમાં અને સમાન વેતનની માંગ સાથે તેમણે કામગીરીનો બહિષ્કાર કર્યો છે.

ગુજરાતમાં અંદાજે 1.40 લાખ આંગણવાડી અને આશા વર્કર બહેનો લાંબા સમયથી પગાર વધારા સહિતની માંગણીઓ કરી રહી છે. આ આંદોલનના ભાગરૂપે, ખેડા જિલ્લાની બહેનોએ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું. તેમણે મોંઘવારીના સમયમાં ઓછું વેતન હોવાથી તાત્કાલિક પગાર વધારાની માંગ કરી છે.



આ આંદોલન પાછળનું એક મુખ્ય કારણ ગુજરાત હાઈકોર્ટના આદેશનું પાલન ન થવું છે. ઓગસ્ટ મહિનામાં હાઈકોર્ટે સરકારને છ મહિનામાં આંગણવાડી બહેનોના પગાર વધારા અંગે નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. જોકે, અત્યાર સુધી આ દિશામાં કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી, જેના કારણે બહેનોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

હાઈકોર્ટે આપેલી છ મહિનાની મુદત આગામી 20 ફેબ્રુઆરીએ પૂરી થાય છે. 16 ફેબ્રુઆરીએ ગુજરાત સરકારનું બજેટ રજૂ થવાનું છે. આશા વર્કર બહેનોની માંગ છે કે, બજેટમાં તેમના પગાર વધારાની સત્તાવાર જાહેરાત કરવામાં આવે, જેથી તેમને ન્યાય મળી શકે.

પગાર વધારા ઉપરાંત, આ બહેનોએ કેન્દ્ર સરકારના નવા મજૂર કાયદાઓનો પણ વિરોધ કર્યો છે. તેમનું માનવું છે કે આ કાયદાઓથી કામદારો અને પાયાના સ્તરે કામ કરતી મહિલા કર્મચારીઓના અધિકારોનું હનન થઈ રહ્યું છે.

ખેડા જિલ્લાની આશા વર્કર અને આંગણવાડી કાર્યકરોએ ચેતવણી આપી છે કે જો બજેટમાં કે નિર્ધારિત સમયમર્યાદામાં તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બનશે.

# સરકારી હોસ્પિટલમાં ગંદકી જોઇ કલેક્ટરે મામલતદાર- સીઓને બોલાવતા ટીમ મોકલી

**આણંદ, તા.12**

આંકલાવની સરકારી હોસ્પિટલ અને નગરપાલિકાના વિસ્તારમાં કલેક્ટરે અચાનક મુલાકાત લેતા સ્થાનિક વહીવટી તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો હતો.



કલેક્ટર જ્યારે સરકારી હોસ્પિટલ પહોંચ્યા ત્યારે સ્ટાફની અનિયમિતતા અને સમયસર ગેરહાજરી જોઈને તેઓ અત્યંત નારાજ થયા હતા. હોસ્પિટલ જેવી સંવેદનશીલ જગ્યાએ સ્ટાફની આવી બેદરકારી બદલ કલેક્ટરે કડક વલણ અપનાવ્યું હતું.

આ ઉપરાંત, હોસ્પિટલની બહાર જ ગંદકીના ગંજ અને શૌચાલયની અસ્વચ્છતા જોઈને તેઓએ નગરપાલિકાના તંત્ર સામે લાલ આંખ કરી હતી અને કર્મચારીઓને સફાઈ બાબતે આકરી ટકોર કરી હતી.

વહીવટી તંત્રની શિથિલતા ત્યારે વધુ સ્પષ્ટ થઈ જ્યારે કલેક્ટરે મામલતદાર અને ચીફ ઓફિસરને તાત્કાલિક ઘટનાસ્થળે બોલાવ્યા હોવા છતાં તેઓ હાજર થઈ શક્યા ન હતા. આ ઉચ્ચ અધિકારીઓના બદલે તેમની કચેરીનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો, જેને લઈને કલેક્ટરે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

જાહેર સુવિધાઓ અને સ્વચ્છતા બાબતે દાખવવામાં આવેલી આ ઘોર બેદરકારીને પગલે કલેક્ટરે જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને પોતાની ફરજ પ્રત્યે સભાન રહેવા અને વ્યવસ્થામાં તાત્કાલિક સુધારો લાવવા કડક સૂચનાઓ આપી છે.

# કાનપુરથી સગીરાનું અપહરણ કરી સુરત આવ્યો ને પકડાયો: સુરત રેલવે પોલીસે ઉત્તરપ્રદેશથી અપહરણ કરાયેલી સગીરાને છોડાવી

**સુરત, તા.12**

રેલવે સ્ટેશનોને ગુનામુક્ત બનાવવા માટે શરૂ કરાયેલા 'મિશન સેફ સ્ટેશન' અંતર્ગત સુરત રેલવે પોલીસની શી-ટીમને મોટી સફળતા મળી છે. ઉત્તરપ્રદેશના કાનપુરથી અપહરણ કરી લવાયેલી 16 વર્ષીય સગીરાને સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પરથી હેમખેમ છોડાવી લેવામાં આવી છે, જ્યારે સગીરાને લલચાવી-ફોસલાવી ભગાડી લાવનાર આરોપી યુવકની પણ ધરપકડ કરી યુપી પોલીસને સોંપવામાં આવ્યો હતો.



સુરત રેલવે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ શી-ટીમ સ્ટેશન પર પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પ્લેટફોર્મ નંબર-1ના વેઈટિંગ એરિયામાં એક યુવક અને સગીરા શંકાસ્પદ હાલતમાં બેઠેલા જણાતા ટીમે પૂછપરછ શરૂ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપી વિકાસ બાબુરામ પાસવાને (રહે. કાનપુર) પોતાની ઓળખ છુપાવવા માટે સગીરા તેની બહેન હોવાનું જણાવી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસને શંકા જતાં બંનેની સઘન પૂછપરછ કરવામાં આવી હતી. અંતે તેઓનો ભાંડો ફૂટી ગયો હતો. બંનેએ કબૂલાત કરતા જણાવ્યું હતું કે, બંને વચ્ચે બે વર્ષ પહેલા ફેસબુકના માધ્યમથી ઓળખાણ થઈ હતી. સગીરાના પરિવારે તેના લગ્ન અન્ય જગ્યાએ નક્કી કરતા. ગત 30 જાન્યુઆરીના રોજ આરોપી તેને લગ્નની લાલચ આપી કાનપુરથી ભગાડી લાવ્યો હતો. કાનપુરના સાઢ પોલીસ સ્ટેશનમાં આ અંગે અપહરણનો ગુનો પણ નોંધાયો હતો.

સુરત રેલવે પોલીસે તાત્કાલિક કાનપુર પોલીસનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, આરોપીનું લોકેશન ગુજરાતમાં ટ્રેસ થઈ રહ્યું હતું અને એક ટીમ તપાસમાં પણ હતી. આ દરમિયાન સુરત શી-ટીમે સતર્કતા દાખવી બંનેને ઝડપી પાડ્યા હતા. કાનપુરથી આવેલા પી.એસ.આઈ. હલીમખાન અને ટીમની હાજરીમાં તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી, સગીરા અને આરોપીનો કબજો યુપી પોલીસને સોંપવામાં આવ્યો છે.

# સેવાલિયા સ્વામિનારાયણ મંદિર બહાર મહિલાનો મૃતદેહ મળ્યો: હત્યાની આશંકા

**નડિયાદ, તા.12**

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સેવાલિયા ગામે વહેલી સવારે સ્વામિનારાયણ મંદિર બહારથી એક 33 વર્ષીય મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.



પોલીસ તપાસમાં મૃતક મહિલાની ઓળખ પૂજાબેન પટેલ (ઉંમર 33 વર્ષ) તરીકે થઈ છે. તેમના પતિ થર્મલ પાવર સ્ટેશનમાં ફરજ બજાવે છે. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો અને પરિચિતો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

ઘટનાસ્થળની સ્થિતિ અને મૃતદેહની હાલત જોતાં પ્રાથમિક દૃષ્ટિએ આ હત્યાનો મામલો હોવાનું અનુમાન છે. એવી આશંકા છે કે, અજાણ્યા શખ્સોએ મહિલાની અન્ય કોઈ સ્થળે હત્યા કરી પુરાવાનો નાશ કરવાના ઈરાદે મૃતદેહને મંદિર પાસેના રોડ પર ફેંકી દીધો હશે.

ઘટનાની જાણ થતાં જ સેવાલિયા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે પ્રાથમિક પંચનામું કરી મૃતદેહનો કબજો મેળવ્યો હતો. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ અને સમય સ્પષ્ટ થશે.

આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે તપાસ તેજ કરી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની સાથે સ્થાનિક લોકોની પૂછપરછ પણ શરૂ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રથમ દૃષ્ટિએ આ હત્યા જ જણાતી હોવાથી ગુનેગારો સુધી પહોંચવા માટે વિવિધ દિશાઓમાં તપાસ હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા એક શંકાસ્પદ વ્યક્તિને નજરકેદ કર્યો છે. હાલ પોલીસ દ્વારા તેની ઝીણવટભરી પૂછપરછ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં જ આ રહસ્યમયી મૃત્યુ પાછળનું સત્ય બહાર આવે તેવી શક્યતા છે.

# ચાલુ મેચમાં અમ્પાયર સાથે માથાકૂટ કરવી ભારે પડી! ICCએ સ્ટાર ખેલાડીને ફટકાર્યો દંડ

**નવી દિલ્હી, તા.12**

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલા T20 વર્લ્ડ કપ 2026ના હાઈ-વોલ્ટેજ મુકાબલામાં સાઉથ આફ્રિકા સામે હાર્યા બાદ અફઘાનિસ્તાનની મુશ્કેલીઓ વધી છે. એક તરફ અફઘાની ટીમ વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજમાંથી બહાર થવાની અણી પર છે, તો બીજી તરફ ટીમના સિનિયર ઓલરાઉન્ડર મોહમ્મદ નબી પર ICCએ શિસ્તભંગ બદલ દંડ ફટકાર્યો છે.



આ ઘટના અફઘાનિસ્તાનની ઈનિંગની 14મી ઓવર દરમિયાન બની હતી. દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર લુંગી એન્ગિડીએ હાથમાં પહેરેલા રિસ્ટબેન્ડ (કાંડા પરના બેન્ડ) ને લઈને મોહમ્મદ નબીએ વાંધો ઉઠાવ્યો હતો. આ મુદ્દે નબીએ અમ્પાયરો સાથે લાંબી દલીલબાજી કરી હતી, જેને ICCએ અમ્પાયરના નિર્દેશોનું ઉલ્લંઘન માન્યું છે.

મોહમ્મદ નબીને ICC આચાર સંહિતાના લેવલ-1 ના ઉલ્લંઘન માટે દોષી ઠેરવવામાં આવ્યા છે અને તેમની મેચ ફીના 15 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. નબીના શિસ્ત રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. છેલ્લા 24 મહિનામાં નબીનો આ પ્રથમ ગુનો છે. નબીએ મેચ રેફરી ડેવિડ ગિલ્બર્ટ સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી લીધી છે, તેથી કોઈ ઔપચારિક સુનાવણીની જરૂર પડી નથી.

અમદાવાદના મેદાન પર રમાયેલો આ મુકાબલો અત્યંત નાટકીય રહ્યો હતો. સ્કોર ટાઈ થયા બાદ મેચ ડબલ સુપર ઓવર સુધી ખેંચાઈ હતી, જેમાં સાઉથ આફ્રિકાનો વિજય થયો હતો. આ હાર સાથે અફઘાનિસ્તાન માટે સેમીફાઈનલની રાહ અત્યંત મુશ્કેલ બની ગઈ છે. હવે અફઘાનિસ્તાને તેની બાકીની બંને ગ્રુપ મેચો મોટા માર્જિનથી જીતવી પડશે. સેમીફાઈનલમાં પહોંચવા માટે અન્ય ટીમોના પરિણામો પર પણ નિર્ભર રહેવું પડશે.

મેદાન પરના અમ્પાયર જયરામન મદનગોપાલ અને શરફુદૌલા ઈબ્ને શાહિદ તેમજ થર્ડ અમ્પાયર નિતિન મેનન દ્વારા આ ફરિયાદ કરવામાં આવી હતી. નિયમ મુજબ, લેવલ-1 ના ઉલ્લંઘનમાં મહત્તમ 50 ટકા દંડની જોગવાઈ છે, પરંતુ નબીની ભૂલ જોતા 15 ટકા દંડ નક્કી કરાયો છે.

# T20 કે IPL નહીં... વનડે વર્લ્ડકપ જ સર્વોચ્ચ! રોહિત શર્માએ 2027માં ભારતને ચેમ્પિયન બનાવવા લીધો સંકલ્પ

**નવી દિલ્હી, તા.12**

ટીમ ઈન્ડિયાને T20 વર્લ્ડ કપ 2024 અને ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં વિજય અપાવનાર રોહિત શર્માને વનડે વર્લ્ડ કપ 2023ની ફાઈનલમાં હારવાનું દુ:ખ હજું પણ છે. અમદાવાદમાં ઓસ્ટ્રેલિયાના હાથે મળેલી હારથી તે ટ્રોફી તેના માટે અધૂરા સ્વપ્ન સમાન બની ગઈ છે. હવે રોહિત ખુલ્લેઆમ કહી રહ્યો છે કે, તેનું આગામી લક્ષ્ય માત્ર રમવાનું નથી, પણ જીતવાનું છે. રોહિતે 2027માં ભારતને ચેમ્પિયન બનાવવાનો સંકલ્પ લીધો છે. ICCના એક કાર્યક્રમમાં રોહિતે સ્પષ્ટ કરી દીધું છે કે, '2027 મારા કરિયરનું મોટું મિશન હશે. હું 50 ઓવરનો વર્લ્ડ કપ જોઈને મોટો થયો છું. તે જ સૌથી મોટો મંચ હતો. મને ખરેખર તે ટ્રોફી જોઈએ છે અને હું તેના માટે સંપૂર્ણ તાકાત



લગાવી દઈશ. હું ત્યાં જઈને મારા દેશ માટે વર્લ્ડ કપ જીતવા માંગુ છું.' રોહિત શર્માનું આ નિવેદન દર્શાવે છે કે તેના માટે આ માત્ર એક ટુર્નામેન્ટ નથી, પરંતુ એક અધૂરી કહાનીનો બીજો અધ્યાય છે.

T20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધા બાદ ઘણા લોકોએ માની લીધું હતું કે, 2027 સુધી રોહિતની સફર મુશ્કેલ હશે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓમાં તેણે પોતાની ફિટનેસ પર શાનદાર કામ કર્યું, વજન ઘટાડ્યું અને નવી એનર્જી સાથે મેદાનમાં પરત ફર્યો. ભલે તેણે ન્યૂઝીલેન્ડ સામે રન ન બનાવ્યા હોય, પરંતુ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સામેની તેની બેટિંગે તેને ફરીથી યાદ અપાવ્યું કે મોટા મંચનો ખેલાડી હજુ પણ જીવંત છે.

રોહિત માત્ર ઈરાદાથી જ નહીં પણ આંકડાથી પણ દમદાર છે. તેણે 282 વનડેમાં 11,577 રન બનાવ્યા છે અને તેમાં 33 સદી અને 61 અડધી સદી સામેલ છે. આ આંકડા જણાવે છે કે શા માટે તેની ગણતરી વિશ્વના સૌથી ખતરનાક ઓપનરોમાં થાય છે. જો ફિટનેસ સાથે આપે તો 2027માં તેનો અનુભવ ટીમ માટે સોનું સાબિત થઈ શકે છે. રોહિતની વાત પરથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે તૈયારીઓ હમણાથી જ શરૂ થઈ ગઈ છે. ટાર્ગેટ માત્ર ભાગ લેવાનો જ નથી, પરંતુ ટ્રોફી ઉઠાવવીને અધૂરુ સ્વપ્ન પૂર્ણ કરવાનો છે.

# અભિષેક બાદ ટીમ ઈન્ડિયાનો વધુ એક સ્ટાર ઈન્જર્ડ, બુમરાહના યોર્કરથી તરફડી ખાતો પડ્યો

**નવી દિલ્હી, તા.12**

ભારતીય ટીમ બુધવાર, 11 ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં T20 વર્લ્ડ કપ 2026ની તેની બીજી લીગ મેચ માટે તૈયારી કરી રહી હતી. સાંજે 6 વાગ્યાની આસપાસ ભારતીય ખેલાડીઓ નેટ્સમાં ઉતર્યા હતા. હંમેશની જેમ ટોપ ઓર્ડરના બેટ્સમેનોએ પહેલા બેટિંગ કરવાની હતી. જેમાં ઈશાન કિશન સૌથી પહેલા નેટ્સમાં જોવા મળ્યો હતો.



અભ્યાસ દરમિયાન ઈશાન શાનદાર ફોર્મમાં જણાતો હતો, પરંતુ ત્યારબાદ જસપ્રીત બુમરાહના એક 'લેઝર ગાઈડેડ મિસાઈલ' જેવા યોર્કરે ઈશાન કિશનને ઈજાગ્રસ્ત કર્યો હતો. બુમરાહનો યોર્કર ઈશાનના ડાબા પગમાં વાગ્યો અને તે ફસડાઈ પડ્યો હતો. તત્કાલ તેણે નેટ્સમાં બેટ છોડી અને પેડ ઉતારીને જમીન પર બેસી ગયો હતો. જોકે, ફિઝિયોએ તરત જ તેની તપાસ કરી અને થોડી વાર પછી તે પોતાના પગ પર લંગડાતો જોવા મળ્યો હતો.

ભારતીય છાવણી માટે આ ક્ષણ ચિંતાજનક હતી, કારણ કે એક ઓપનર પહેલાથી જ બીમાર છે અને બીજો ફોર્મમાં નથી. જોકે, રાહતની વાત એ રહી કે, ઈશાન થોડી વાર પછી ફરીથી નેટ્સમાં જોવા મળ્યો અને ત્યારબાદ મેદાનની બહાર ગયો.

બીજી તરફ, જસપ્રીત બુમરાહે સતત બીજા દિવસે જોરદાર બોલિંગ પ્રેક્ટિસ કરી હતી. બીમારીના કારણે તે અમેરિકા સામેની પ્રથમ મેચ રમી શક્યો નહોતો, પરંતુ ગુરુવારે નામિબિયા સામે તેનું રમવું નિશ્ચિત જણાય છે. રવિવારે કોલંબોમાં પાકિસ્તાન સામે રમાનારી મેચની તૈયારી માટે આ મેચ ખૂબ મહત્વની છે.

ખરાબ ફોર્મને કારણે પ્લેઈંગ ઈલેવનની બહાર રહેલા સંજુ સેમસનને અભિષેક શર્માની ગેરહાજરીમાં તક મળી શકે છે. અભિષેક શર્મા પેટમાં ઈન્ફેક્શનને કારણે બે દિવસ હોસ્પિટલમાં હતો. જોકે તેને બુધવારે રજા આપી દેવામાં આવી છે, પણ રિકવરી માટે સમય લાગી શકે તેમ હોવાથી તે નામિબિયા સામેની મેચ ગુમાવી શકે છે. આ જ કારણ હતું કે સંજુ સેમસન નેટ્સમાં બેટિંગ કરવા માટે સૌથી પહેલા આવનારા ખેલાડીઓમાં સામેલ હતો.

# ભારત સામે મેચ પહેલા જ નામિબિયાના કેપ્ટને મૂક્યો ભેદભાવનો આરોપ, જાણો શું છે મામલો?

**નવી દિલ્હી, તા.12**

T20 વર્લ્ડ કપ 2026 માં ભારત અને નામિબિયા વચ્ચે ગુરુવારે રમાનારી મેચ પહેલા વિવાદ સામે આવ્યો છે. નામિબિયાની ટીમના કેપ્ટન ગેરહાર્ડ ઈરાસ્મસએ પ્રેક્ટિસ સેશનના સમય ફાળવણી અંગે આયોજકો સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કેપ્ટનનો આરોપ છે કે, ભારત જેવી મોટી ટીમ સામેની મહત્વની મેચ પહેલા નામિબિયાને એક પણ વાર 'નાઈટ ટ્રેનિંગ' કરવાનો મોકો આપવામાં આવ્યો નથી.



નામિબિયાએ મંગળવારે તેની પ્રથમ લીગ મેચ નીધરલેન્ડ સામે સવારે 11 વાગ્યે રમી હતી. હવે ગુરુવાર, 12 ફેબ્રુઆરીએ તેઓ ભારત સામે સાંજે 7 વાગ્યાથી ફ્લડ લાઈટ્સમાં રમવાના છે. ઈરાસ્મસના જણાવ્યા અનુસાર, ભારત સામેની મેચની તૈયારી માટે તેમને માત્ર બપોરે 2 થી 5 વાગ્યાનો ટ્રેનિંગ સ્લોટ અપાયો હતો. જ્યારે ભારતને સાંજે 6 થી 9 વાગ્યાનો 'પ્રાઈમ સ્લોટ' આપવામાં આવ્યો હતો.

ઈરાસ્મસે આશ્ચર્ય વ્યક્ત કરતા જણાવ્યું કે, 'બુધવારે સાંજે જ્યારે ભારત પ્રેક્ટિસ કરી રહ્યું હતું, ત્યારે કેનેડાની ટીમ પણ ત્યાં હાજર હતી. નવાઈની વાત એ છે કે, કેનેડાની મેચ શુક્રવારે બપોરે 3 વાગ્યે છે, તેમ છતાં તેમને રાત્રે ફ્લડ લાઈટ્સમાં પ્રેક્ટિસ કરવાની તક મળી. બીજી તરફ અમારે રાત્રે મેચ રમવાની છે પણ અમને લાઈટ્સ હેઠળ પ્રેક્ટિસ કરવા ન દીધી.'

મેચની પૂર્વ સંધ્યાએ પત્રકારો સાથે વાત કરતા કેપ્ટને કહ્યું કે, 'મને નથી ખબર કે આવું કેમ કરવામાં આવ્યું. ભારતને રાત્રિના બે પ્રેક્ટિસ સેશન મળ્યા અને કેનેડા પણ લાઈટ્સ હેઠળ પ્રેક્ટિસ કરી રહ્યું છે. તમે જે સમજવું હોય તે સમજો, પણ અમે મેદાન પર જઈને અમારા 'નામિબિયન અંદાજ'માં પૂરી તાકાતથી લડીશું.'

કેપ્ટને વધુમાં ઉમેર્યું કે, 'નામિબિયામાં અમારી પાસે ફ્લડ લાઈટ્સ વાળા સ્ટેડિયમ નથી. જે ખેલાડીઓ IPL અથવા અન્ય લીગમાં નથી રમ્યા, તેમના માટે સીધા જ લાઈટ્સ નીચે રમવું પડકારજનક હોય છે. આવી સ્થિતિમાં ઓછામાં ઓછું એક સેશન તો મળવું જોઈતું હતું.' આમ, ભારત સામેની આ એકમાત્ર 'ડે-નાઈટ' મેચ પહેલા પ્રેક્ટિસ ન મળતા નામિબિયન છાવણીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# 'ટૉક્સિક' બાદ કિયારા અડવાણીને અશ્વિનીરૂપે જાણે નવું અમૃત મળ્યું



## આવનારી ફિલ્મ માટે કિયારા અડવાણીએ જાણીતી ફિલ્મમેકર અશ્વિની અય્યર તિવારી સાથે હાથ મિલાવ્યો છે

**મુંબઈ, તા.12**

કિયારા અડવાણી હાલમાં પોતાની આવનારી ફિલ્મ 'ટૉક્સિક'ને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન હવે કિયારાના ખાતામાં એક વધુ નવી ફિલ્મ ઉમેરાઈ ગઈ છે. આ આવનારી ફિલ્મ માટે કિયારા અડવાણીએ જાણીતી ફિલ્મમેકર અશ્વિની અય્યર તિવારી સાથે હાથ મિલાવ્યો છે. બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણી છેલ્લે 'વૉર 2'માં નજર આવી હતી, પરંતુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ બતાવી શકી નહોતી. ત્યારબાદ હવે કિયારા સાઉથના સુપરસ્ટાર યશની પેન-ઈન્ડિયા ફિલ્મ 'ટૉક્સિક'માં જોવા મળશે. તાજેતરમાં જ આ ફિલ્મમાંથી કિયારા અડવાણીનો ફર્સ્ટ લુક સામે આવ્યો હતો, જેને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા મળી હતી. એ વચ્ચે હવે કિયારા અડવાણીના હાથ એક નવી ફિલ્મ પણ લાગી છે. કિયારા જલ્દી જ 'નિલ બટ્ટે સન્નાટા'ની દિગ્દર્શિકા અશ્વિની અય્યર તિવારીની આવનારી ફિલ્મમાં નજર આવી શકે છે. કિયારા અડવાણી ટૂંક સમયમાં 'નિલ બટ્ટે સન્નાટા'નું દિગ્દર્શન કરનાર અશ્વિની અય્યર તિવારીની આવનારી ફિલ્મમાં કામ કરતી જોવા મળશે. અશ્વિની પોતાની સંવેદનશીલ અને પાત્રકેન્દ્રિત કહાનીઓ માટે જાણીતી છે. કિયારા અને અશ્વિની વચ્ચે આ પહેલું સહયોગ હશે; આ પહેલાં બંનેએ ક્યારેય કોઈ ફિલ્મમાં સાથે કામ કર્યું નથી. અશ્વિની અય્યર તિવારીના દિગ્દર્શનમાં બની રહેલી આ આવનારી ફિલ્મમાં કિયારા અડવાણી મુખ્ય ભૂમિકા ભજવશે. અશ્વિની અય્યર તિવારી મહિલાઓ પર આધારિત કહાનીઓ અને યાદગાર ફિલ્મો બનાવવા માટે જાણીતી રહી છે. આવા સમયે તેમની આગામી ફિલ્મ સાથે કિયારા અડવાણીનું નામ જોડાતા જ ફેન્સમાં ઉત્સાહ વધી ગયો છે.

# ASSIનું 'મન હવા...' શક્તિ, સત્ય, સંકલ્પથી ભાવનાને ઉત્તેજિત કરે છે

**મુંબઈ, તા.12**

આગામી ફિલ્મ ASSI ના મન હવા એક ભાવનાત્મક છતાં ઉત્તેજક ટ્રેક છે જે આ ઝડપી ગતિવાળા તપાસ કોર્ટરૂમ નાટકની ભાવનાને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે જે અસ્વસ્થતાપૂર્ણ પ્રશ્નો પૂછવાની હિંમત કરે છે. કુમારના હૃદયસ્પર્શી ગીતો સાથે રોચક કોહલી દ્વારા રચિત, અને મોહિત ચૌહાણ, પરંપરા ટંડન અને રોચક કોહલીના ઉત્તેજક અવાજો દ્વારા જીવંત કરાયેલ, આ ગીત વિશ્વ સામે ટક્કર આપવા માટે જરૂરી આંતરિક શક્તિ અને શાંત હિંમતને કેદ કરે છે. મન હવા ભય પર સ્થિતિસ્થાપકતા, મૌન પર સત્ય અને સમાધાન પર પ્રતીતિ પસંદ કરવા વિશે છે. તે હૃદયને નરમાશથી ઉત્તેજીત કરે છે જ્યારે સંકલ્પની ભાવના જગાડે છે, જેનાથી તમે તમારા માટે અને તમે જે માનો છો તેના માટે લડવા માટે સશક્ત અનુભવો છો, ભલે ગમે તે હોય.



ગીતકાર અનુભવ સિંહા વિશે વાત કરતાં, અનુભવે કહ્યું, "મન હવા માત્ર એક ગીત નથી, તે ASSI ના ભાવનાત્મક ધબકારા છે. સત્યને પડકારતી અને અસ્વસ્થતાનો સામનો કરતી વાર્તામાં, આ ટ્રેક બોલવાની, ઉભા થવાની અને બધી મુશ્કેલીઓ સામે ટકી રહેવાની હિંમતનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે આપણે પ્રામાણિકતા અને સ્થિતિસ્થાપકતા સાથે દુનિયાનો સામનો કરવાનું પસંદ કરીએ છીએ ત્યારે તે આપણી અંદર રહેલી શક્તિની ઉજવણી કરે છે."

તાપસી પન્નુ અભિનીત, ASSI માં કાની કુશ્રુતિ, રેવતી, મનોજ પાહવા, કુમુદ મિશ્રા અને મોહમ્મદ ઝીશાન અયુબ છે, જેમાં નસીરુદ્દીન શાહ, સુપ્રિયા પાઠક અને સીમા પાહવા ખાસ ભૂમિકાઓ ભજવે છે, જે ફિલ્મની રોમાંચક ઊંડાણને વધુ ઉન્નત કરે છે.

ગુલશન કુમાર અને ટી-સિરીઝ ASSI રજૂ કરે છે, જે બનારસ મીડિયા વર્ક્સનું નિર્માણ છે, જેનું નિર્દેશન અનુભવ સિંહા દ્વારા કરવામાં આવ્યું છે અને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર અને અનુભવ સિંહા દ્વારા નિર્મિત છે. આ ફિલ્મ 20 ફેબ્રુઆરી 2026 ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં ખાસ રિલીઝ થશે.

# દિગ્દર્શકની હકાલપટ્ટી થતાં તમન્નાની રાગિણી એમએમએસ થ્રી રખડી પડી



**દિગ્દર્શક સાહિર રઝાએ ફિલ્મનાં શૂટિંગ માટે ટાઈમ જ ન આપ્યોઃ ફિલ્મ હાલ મુલત્વી**

**મુંબઈ, તા.12**

તમન્ના ભાટિયાની ફિલ્મ 'રાગિણી એમએમએસ થ્રી' અટકી પડી છે. ફિલ્મ માટે દિગ્દર્શક તરીકે સાહિર રઝાની પસંદગી કરાઈ હતી. પરંતુ, કહેવાય છે કે સાહિર રઝાએ આ પ્રોજેક્ટ માટે ટાઈમ જ આપ્યો ન હતો. આથી તેને દિગ્દર્શક તરીકે પાણીચું અપાયું છે અને ફિલ્મ હાલ મુલત્વી રાખી દેવામાં આવી છે. એકતા કપૂરની આ બહુચર્ચિત ફ્રેન્ચાઈઝીમાં તમન્નાને જોવા ઈચ્છતા ચાહકો નિરાશ થઈ ગયા છે. સાહિર રઝા હાલ એક ઓટીટી શો હોસ્ટ કરી રહ્યો છે. તેના કારણે તે ફિલ્મ દિગ્દર્શન માટે સમય ફાળવી શક્યો ન હતો. હવે એકતા કપૂર તેના સ્થાને નવા ડાયરેક્ટરને શોધી રહી છે. જોકે, આ પ્રક્રિયામાં કેટલો સમય લાગશે તે નક્કી નથી. આથી, હાલ પૂરતી તો આ ફિલ્મ ઠપ જ થઈ ગઈ છે.

# મહાકુંભથી વાયરલ થયેલી મોનાલિસાની પહેલી ફિલ્મનું ટીઝર જાહેર થયું....

**મુંબઈ, તા.12**

મહાકુંભથી વાયરલ થયેલી મોનાલિસા ટૂંક સમયમાં સિનેમાના પડદા પર નજર આવનાર છે. તેમની પહેલી ફિલ્મનું ટીઝર જાહેર થઈ ગયું છે. ફિલ્મનું નામ છે 'ધ ડાયરી ઓફ મણિપુર'. આ ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ પણ મોનાલિસાએ શેર કર્યો છે.

મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસા અભિનિત પહેલી ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર' નું ટીઝર મંગળવારે પ્રયાગરાજમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. ફિલ્મના ડિરેક્ટર સનોજ મિશ્રાએ ફિલ્મની સંપૂર્ણ ટીમ અને કલાકારો સાથે એક ખાનગી હોટેલમાં ટીઝર રિલીઝ કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે ફિલ્મની શરૂઆત પ્રયાગરાજની ધરતી પરથી થઈ હતી, તેથી તેનું ટીઝર પણ અહીં જ રિલીઝ કરવામાં આવ્યું છે. સનોજ મિશ્રાએ કહ્યું કે 'ધ ડાયરી ઓફ મણિપુર' લગભગ એક વર્ષમાં 10 કરોડ રૂપિયાના બજેટમાં તૈયાર કરવામાં આવી છે. આ એક લવ સ્ટોરી છે, જેમાં મુખ્ય



ભૂમિકામાં મોનાલિસા અને પ્રયાગરાજના અભિનેતા અભિષેક તિવારી છે. સનોજ મિશ્રાએ વધુમાં જણાવ્યું કે આ ફિલ્મ તેમનું એક સ્વપ્ન સાકાર થવા સમાન છે. ફિલ્મના નિર્માણ દરમિયાન અનેક મુશ્કેલીઓ આવી, તેમ છતાં ફિલ્મ લગભગ પૂર્ણ થઈ ચૂકી છે અને એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં રિલીઝ થવાની પૂરી શક્યતા છે.

તેમણે જણાવ્યું કે અઢી કલાક લાંબી આ ફિલ્મમાં ચારથી પાંચ ગીતો પણ સામેલ છે, જે દર્શકોનું ભરપૂર મનોરંજન કરશે. આ લવ સ્ટોરી દેશની રાજધાની દિલ્હીથી ઉત્તર પૂર્વના મણિપુરને જોડે છે. ફિલ્મનું શૂટિંગ મણિપુરમાં કરવામાં આવ્યું છે, જ્યારે 5 ટકા શૂટિંગ નેપાળમાં અને લગભગ 80 ટકા શૂટિંગ ઉત્તરાખંડમાં પૂર્ણ થયું છે.

# સેન્સેક્સ 559 પોઈન્ટ ઘટીને 83,675 પર બંધ: નિફ્ટી પણ 147 પોઈન્ટ ઘટીને બંધ થયો....




મુંબઈ, તા.12

શેરબજારમાં એટલે કે 12 ફેબ્રુઆરીએ ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ 400 પોઈન્ટના ઘટાડા સાથે 83,850 પર ટ્રેડ થઈ રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં 100 પોઈન્ટનો ઘટાડો થયો છે, તે 25,850 પર ટ્રેડ થઈ રહ્યો છે.

IT, મીડિયા અને ઓટો શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે. નિફ્ટી IT ઈન્ડેક્સ 3%થી વધુ નીચે છે. જ્યારે મીડિયા ઈન્ડેક્સમાં 1% અને ઓટોમાં 0.30%નો ઘટાડો થયો છે.

દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 2.60% ઉપર 5,495 પર કારોબાર કરી રહ્યો છે. જ્યારે જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ફ્લેટ છે. તે 57,605ના સ્તરે આવી ગયો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.84% ઘટીને 27,036 પર છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.12% ઉપર 4,137ના સ્તરે કારોબાર કરી રહ્યો છે.

11 ફેબ્રુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.13% ઘટીને 50,121 પર બંધ થયો. નાસ્ડેક 0.16% ઘટીને 23,066 અને S&P 500 6,941 પર ફ્લેટ બંધ થયો.

વિદેશી રોકાણકારો (FII) એ 11 ફેબ્રુઆરીના રોજ 944 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (DII)એ 126 કરોડ રૂપિયાના શેર વેચ્યા.

આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 5,913 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ પણ 3,945 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026 માં FIIsએ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

કેન્દ્ર સરકારની મહારત્ન કંપની, ભેલનો 'ઓફર ફોર સેલ' આજે, 12 ફેબ્રુઆરીના રોજ રિટેલ રોકાણકારો માટે ખુલ્યો છે. સરકાર આ યોજના દ્વારા કંપનીમાં તેનો 3% હિસ્સો વેચી રહી છે, જેમાં ગ્રીનશૂ વિકલ્પ દ્વારા વધારાનો 2% હિસ્સો વેચવાનો વિકલ્પ પણ છે.

ગઈકાલે, 11 ફેબ્રુઆરીના રોજ શેરબજાર ફ્લેટ કારોબાર રહ્યો. સેન્સેક્સ 40 પોઈન્ટ ઘટીને 84,234 પર બંધ થયો. નિફ્ટી 19 પોઈન્ટ વધીને 25,954 પર બંધ થયો.

ઓટો અને હેલ્થકેર શેરોમાં ખરીદી કરવામાં આવી હતી, જ્યારે આઈટી અને ખાનગી બેંકના શેરોમાં વેચાણ થયું હતું. સેન્સેક્સના 30 માંથી 16 શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટીમાં 50 માંથી 26 શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

# ચાંદી 5,835 ઘટી, કિંમત ₹2.61 લાખ પ્રતિ કિલો થઈ: સોનું ₹1,175 ઘટીને ₹1.56 લાખ પર આવ્યું



નવી દિલ્હી, તા.12

સોના-ચાંદીના ભાવમાં આજે 12 ફેબ્રુઆરીએ ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, એક કિલો ચાંદીની કિંમત 5,835 રૂપિયા ઘટીને 2,60,614 રૂપિયા થઈ ગઈ છે. આ પહેલા બુધવારે ચાંદીની કિંમત 2,66,449 રૂપિયા પ્રતિ કિલો હતી.

જ્યારે, આજે 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 1,175 રૂપિયા ઘટીને 1,56,147 રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલા બુધવારે તે 1,57,322 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. ઝવેરી બજારમાં 29 જાન્યુઆરીએ સોનું 1,76,121 રૂપિયા અને ચાંદી 3,85,933 રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ હતા.

આ વર્ષે અત્યાર સુધી સોનાની કિંમત 22,952 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,56,147 રૂપિયા થઈ ગયું છે.

જ્યારે, ચાંદી 30,194 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હવે 2,60,614 રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે.

2025માં સોનું 57 હજાર રૂપિયા (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ રૂપિયા (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86,017 રૂપિયાની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# ગોલ્ડ લોનમાં વધારો છતાં બેંકિંગ સિસ્ટમમાં ચિંતાનું કારણ નથી : RBI

## ગોલ્ડ લોન માટે LTV રેશિયો ઓછો, જોકે લોનની રકમના આધારે 85 ટકા સુધીની મહત્તમ મર્યાદા




અમદાવાદ, તા.12

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ શુક્રવારે જણાવ્યું હતું કે બેંકો અસુરક્ષિત લોનથી સોનાની કોલેટરલ પર ધિરાણ તરફ વળી ગઈ છે, જેના કારણે સોનાની લોનમાં વધારો થયો છે. જોકે, વર્તમાન બેંકિંગ સિસ્ટમમાં આ વધારો ચિંતાનું કારણ નથી.

રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું હતું કે અમે બધા પોર્ટફોલિયોની સમીક્ષા કરી રહ્યા છીએ, જેમાં ગોલ્ડ લોન, એમએસએમઈ લોન અને વ્યક્તિગત લોન સહિત તમામ શ્રેણીઓનો સમાવેશ થાય છે. બધી શ્રેણીઓમાં સંપત્તિની ગુણવત્તામાં સુધારો થતો દેખાય છે, અને ડિફોલ્ટ ઓછા છે. તેથી, ચિંતાનું કોઈ કારણ નથી. ગોલ્ડ લોન માટે LTV (લોન-ટુ-વેલ્યુ) રેશિયો ઘણો ઓછો છે, જોકે લોનની રકમના આધારે ૮૫ ટકા સુધીની મહત્તમ મર્યાદા સ્થાપિત કરી છે. પરંતુ બેંકો લોન-ટુ-વેલ્યુ રેશિયોનું પાલન કરી રહી છે, અને એનબીએફસીએ બેંકો સાથે મળીને તેને ખૂબ જ નીચા સ્તરે જાળવી રાખ્યું છે. રિઝર્વ બેંકના તાજેતરના ડેટા અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫માં સોનાના દાગીના સામે લોન વાષક ધોરણે ૧૨૭.૬ ટકા વધીને ૩.૮૨ લાખ કરોડ થઈ હતી, જે ડિસેમ્બર ૨૦૨૫ માં વાર્ષિક ધોરણે ૮૪.૬ ટકા હતી. આ મુખ્યત્વે સોનાના ભાવમાં વધારો થવાને કારણે છે. ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં સોનાના ભાવમાં વાર્ષિક ધોરણે આશરે ૮૦ ટકાનો વધારો થયો છે.

# બાંગ્લાદેશ તરફ અમેરિકાના ઝુકાવથી ટેક્સટાઈલ નિકાસકારો સામે પડકાર

## અમેરિકાની ઓફરથી બાંગ્લાદેશ ખાતે ભારતની રૂની નિકાસ ઘટવા ચિંતા વ્યકત કરાઈ



મુંબઈ, તા.12

અમેરિકા દ્વારા બાંગલાદેશના ચોક્કસ પ્રકારના ગારમેન્ટસ પર શૂન્ય ટેરિફ લાગુ કરવાના નિર્ણયથી ભારતના ટેકસટાઈલ ક્ષેત્ર સામે નવેસરથી પડકારો ઊભા થયા છે. દેશના ટેકસટાઈલ ક્ષેત્ર સામે નિકાસ બજારમાં બાંગલાદેશ એક મોટો હરિફ છે. અમેરિકાએ ભારત પરના ટેરિફ ઘટાડી ૧૮ ટકા કરવાની કરેલી જાહેરાત બાદ ટેકસટાઈલ ક્ષેત્રએ રાહતનો દમ લીધો હતો જે ટૂંકજીવી નિવડયો હોવાનું હાલમાં જણાય છે.

બાંગલાદેશના માલસામાન પરના ટેરિફને ૨૦ ટકા પરથી ઘટાડી ૧૯ ટકા કરાયો છે. પરંતુ અમેરિકાના રૂનો ઉપયોગ કરી ટેકસટાઈલ તથા એપરલ પ્રોડકટસના ઉત્પાદન પર શૂન્ય ટકા ટેરિફની અમેરિકા તથા બાંગલાદેશ વચ્ચે કરાર થયાનું પ્રાપ્ત અહેવાલો જણાવે છે.

ભારત તથા બાંગલાદેશ વચ્ચે ટેરિફનો તફાવત હવે ઘટી એક ટકા જ રહ્યો છે. અમેરિકાના શૂન્ય ટેરિફની ઓફર ઉપરાંત બાંગલાદેશ દ્વારા જો અમેરિકાના રૂની આયાત વધશે તો ભારતના રૂની બાંગલાદેશ ખાતે નિકાસ પર અસર પડશે એમ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીના સુત્રોએ ચિંતા વ્યકત કરતા જણાવ્યું હતું.

નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારત ખાતેથી બાંગલાદેશમાં કોટન યાર્ન, ફેબ્રિક્સ, મેડ અપ્સ તથા હેન્ડલુમ પ્રોડકટસની નિકાસનો આંક ૨.૩૯ અબજ ડોલર રહ્યો હતો. મૂલ્યની દ્રષ્ટિએ સદર પ્રોડકટસની નિકાસનો આ આંક સૌથી ઊંચો રહ્યો હતો. કયા માલસામાન પર શૂન્ય ડયૂટી લાગુ થશે તે અંગેની અંતિમ રૂપરેખા હજુ તૈયાર થઈ નથી.


ભારતના ટેકસટાઈલ પ્રોડકટસ પર રેસિપ્રોકલ ડયૂટી ૫૦ ટકા પરથી ઘટાડી ૧૮ ટકા કરાઈ છે. ભારતને શૂન્ય ડયૂટી જેવી કોઈ ઓફર પ્રાપ્ત થઈ નહીં હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ભારતની ટેકસટાઈલ નિકાસને ટેકો મળી રહે માટે આવાજ પ્રકારના કન્સેસન મળે તે જરૂરી હોવાનું તિરુપુર એકસપોર્ટર્સ' એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું.

કોટન ટેકસટાઈલ તથા નિટવેર માટે તિરુપુર ભારતનું સૌથી મોટું ઉત્પાદન મથક છે. અમેરિકાના રૂ દ્વારા ભારતમાં ગારમેન્ટસના ઉત્પાદનથી દેશના ખેડૂતોને નુકસાન નહીં પહોંચે એવો એસોસિએશન વતિ દાવો કરયો છે. ભારતને પણ આવા કન્સેસન મળી રહે તે માટે સરકારે અમેરિકા સમક્ષ આ મુદ્દો ઉઠાવવો જોઈએ તેવી તેમણે માગણી કરી હતી.

એપ્રિલ થી નવેમ્બર, ૨૦૨૫ સુધી અમેરિકા ખાતે બાંગલાદેશની ગારમેન્ટ નિકાસ ૭.૬૦ અબજ ડોલર રહી હતી જ્યારે ભારત માટે આ આંક ૩.૨૬ અબજ ડોલર રહ્યો હતો.

# ભારત રશિયા નહીં હવે અમેરિકા પાસેથી વધુ તેલ ખરીદશે: દાવો- સરકારી કંપનીઓને અમેરિકી ક્રૂડ લેવા જણાવ્યું....




નવી દિલ્હી, તા.12

ભારત સરકારે દેશની સરકારી તેલ રિફાઈનરી કંપનીઓને કહ્યું છે કે તેઓ હવે અમેરિકા અને વેનેઝુએલા પાસેથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદવા પર વિચાર કરે. અમેરિકી મીડિયા બ્લૂમબર્ગે પોતાના રિપોર્ટમાં આ દાવો કર્યો છે.

બ્લૂમબર્ગ અનુસાર, અમેરિકા સાથે થયેલી તાજેતરની ટ્રેડ ડીલ પછી ભારત સરકારે આ વિનંતી કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ ટ્રેડ ડીલની જાહેરાત દરમિયાન કહ્યું હતું કે ભારતે રશિયન તેલની આયાત સંપૂર્ણપણે બંધ કરવાનું વચન આપ્યું છે.

સરકારે કંપનીઓને કહ્યું છે કે જ્યારે પણ ટેન્ડર દ્વારા સ્પોટ માર્કેટમાંથી તેલ ખરીદે, તો અમેરિકી તેલને પ્રાથમિકતા આપે. સરકારે વેનેઝુએલાના ક્રૂડ ઓઈલને લઈને પણ આવી વિનંતી કરી છે. જોકે, વેનેઝુએલાનું તેલ વેપારીઓ સાથે ખાનગી વાતચીત દ્વારા મંગાવવામાં આવશે.

અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ભારત વેપાર કરારના ભાગરૂપે રશિયન ક્રૂડ ઓઈલ લેવાનું બંધ કરવા સંમત થયું છે. જોકે, ભારતે અત્યાર સુધી જાહેરમાં આ દાવા પર સીધો કોઈ જવાબ આપ્યો નથી. ભારતનું કહેવું છે કે તે તેના તેલના સ્ત્રોતોમાં વિવિધતા લાવી રહ્યું છે અને દેશની ઊર્જા સુરક્ષા તેની સૌથી મોટી પ્રાથમિકતા છે.

નિષ્ણાતોનું કહેવું છે કે ભારતીય રિફાઈનરીઓ માટે અમેરિકી અને વેનેઝુએલાનું તેલ મોટા પાયે લેવું એટલું સરળ નથી. તેના બે મુખ્ય કારણો છે:

રિફાઈનિંગ ક્ષમતા: ભારતની મોટાભાગની રિફાઈનરીઓ 'મીડિયમ ક્રૂડ'ના હિસાબે બનેલી છે, જ્યારે અમેરિકી તેલ 'લાઈટ અને સ્વીટ' એટલે કે ઓછો સલ્ફરવાળું હોય છે. તેને પ્રોસેસ કરવું ભારતીય યુનિટ્સ માટે સંપૂર્ણપણે અનુકૂળ નથી.

ખર્ચ અને નૂર: અમેરિકાથી ભારતનું અંતર ઘણું વધારે છે. વધતા ફ્રેટ રેટ્સ (નૂર)ના કારણે ત્યાંથી તેલ મંગાવવું મોંઘું પડે છે. તેની સરખામણીમાં કઝાકિસ્તાન અને પશ્ચિમ આફ્રિકાથી તેલ મંગાવવું સસ્તું અને નજીક પડે છે.

તાજેતરમાં સરકારી કંપનીઓ જેવી કે IOC, BPCL અને HPCL એ વેનેઝુએલા પાસેથી લગભગ 40 લાખ બેરલ તેલ ખરીદ્યું છે. નિકોલસ માદુરો સરકાર પર અમેરિકી નિયંત્રણ પછી હવે વિટોલ અને ટ્રેફિગુરા જેવી મોટી કંપનીઓ વેનેઝુએલાના તેલનું માર્કેટિંગ કરી રહી છે. ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપની રિલાયન્સે પણ 2025 ના મધ્ય પછી પ્રથમ વખત વેનેઝુએલા પાસેથી તેલનો જથ્થો ખરીદ્યો છે.

ભારતીય રિફાઈનર્સ દર વર્ષે અમેરિકાથી લગભગ 4 લાખ બેરલ પ્રતિદિન તેલ લઈ શકે છે. આ ગયા વર્ષના 2.25 લાખ બેરલ પ્રતિદિનની સરખામણીમાં ઘણું વધારે હશે. જોકે, આ કિંમત અને રશિયા સાથેના રાજદ્વારી સંબંધો પર નિર્ભર છે. હાલમાં પેટ્રોલિયમ મંત્રાલય અને સરકારી તેલ કંપનીઓએ આ મામલે સત્તાવાર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. અમેરિકાએ 2019માં વેનેઝુએલા પર પ્રતિબંધો લગાવ્યા હતા. આ કારણે ભારત સહિત ઘણા દેશોએ વેનેઝુએલાનું તેલ ખરીદવાનું બંધ કરી દીધું હતું. વેનેઝુએલા પેટ્રોલિયમ નિકાસ કરતા દેશો (OPEC) નો સભ્ય છે. તેની પાસે વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે, પરંતુ તે વૈશ્વિક સપ્લાયનો લગભગ 1% જ પૂરો પાડે છે. અમેરિકાએ થોડા સમય માટે (2023-2024માં) વેનેઝુએલા પરના પ્રતિબંધો આંશિક રીતે હળવા કર્યા, જેના કારણે ભારતે ફરીથી વેનેઝુએલા પાસેથી તેલ ખરીદ્યું. 2024માં ભારતની આયાત સરેરાશ 63,000 થી 1 લાખ બેરલ પ્રતિદિન સુધી પહોંચી ગઈ. 2025માં વેનેઝુએલાથી ભારતની તેલ આયાત વધીને લગભગ 1.41 અબજ ડોલર સુધી પહોંચી ગઈ. મે 2025માં અમેરિકાએ ફરી એકવાર વેનેઝુએલાના તેલ પર કડકાઈ વધારી દીધી.

# રિટેલ રોકાણકારોનું શેરહોલ્ડિંગ ચાર વર્ષના તળિયે

## DIIનું હોલ્ડિંગ વધીને 18.72% ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ : મ્યુચ્યુઅલ ફંડ્સમાં રૂ. 1.1 લાખ કરોડનો ચોખ્ખો રોકાણ પ્રવાહ

અમદાવાદ, તા.11

વધતી જતી અસ્થિરતા અને નબળા ભૂતકાળના વળતરે વ્યક્તિગત રોકાણકારોની મનોભાવનાને અસર કરી છે. સ્થાનિક શેરબજારમાં રિટેલ રોકાણકારોનો સીધો હિસ્સો બહુ-વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો છે. જો કે, તેઓએ મ્યુચ્યુઅલ ફંડ દ્વારા પરોક્ષ રીતે ઈક્વિટીમાં તેમની બચતનું રોકાણ કરવાનું ચાલુ રાખ્યું હતું. વ્યક્તિગત સ્તરે સીધા રોકાણના મૂલ્યમાં ઘટાડાનું કારણ સ્મોલ- અને મિડ-કેપ શેરોમાં તીવ્ર ઘટાડો હોવાનું બજારના જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું. પ્રાઈમ ડેટાબેઝના ડેટા અનુસાર, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (એમએસઈ) પર સૂચિબદ્ધ કંપનીઓના કુલ બજાર મૂડીકરણમાં રિટેલ રોકાણકારોનો હિસ્સો ચાર વર્ષના નીચલા સ્તરે ૭.૨૫% પર આવી ગયો હતો. રિટેલ રોકાણકારો એવા લોકોનો ઉલ્લેખ કરે છે જેમની પાસે એક જ કંપનીમાં રૂા. ૨ લાખ સુધીના શેર છે. એક જ કંપનીમાં રૂા. ૨ લાખથી વધુ મૂલ્યના શેર ધરાવતા શ્રીમંત રોકાણકારો (HNIs) ની હાજરીમાં પણ ઘટાડો થયો, જે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૨.૦૯% થી ઘટીને ૨.૦૩% થઈ ગયો. પરિણામે, રિટેલ અને શ્રીમંત રોકાણકારોની કુલ માલિકી ત્રણ વર્ષના નીચલા સ્તરે ૯.૨૮% ઉતરી આવી છે. બજાર નિષ્ણાતોએ વ્યક્તિગત સ્તરે સીધા રોકાણના મૂલ્યમાં ઘટાડાનું કારણ સ્મોલ- અને મિડ-કેપ શેરોમાં તીવ્ર ઘટાડો ગણાવ્યો છે. નિફ્ટી હાલમાં જાન્યુઆરી ૨૦૨૬ ના તેના બંધ ઉચ્ચ સ્તરથી માત્ર ૧.૮% દૂર છે, જ્યારે નિફ્ટી સ્મોલ કેપ ઈન્ડેક્સ ૧૧.૬% દૂર છે. વ્યાપક બજારમાં ઘટાડાને કારણે, ૨૦૨૫માં રિટેલ રોકાણકારો રૂા. ૧,૭૧૪ કરોડના ચોખ્ખા વેચાણકર્તા હતા, જે ૨૦૨૪ માં રૂા. ૧.૬૭ લાખ કરોડની ચોખ્ખી ખરીદી હતી. ગયા વર્ષે ૧૨ મહિનામાંથી સાત મહિનામાં રિટેલ રોકાણકારો ચોખ્ખા વેચાણકર્તા હતા. સ્મોલ અને મિડ-કેપ સેગમેન્ટમાં કેટલાક શેરોમાં ૨૦% થી ૫૦% સુધીનો ઘટાડો થયો છે. વ્યક્તિગત રોકાણકારો સામાન્ય રીતે આ સેગમેન્ટમાં વધુ રોકાણ ધરાવે છે. છેલ્લા એક વર્ષમાં, ટોચના ૨૫૦ શેરોમાં બજાર મૂડીકરણમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે, જ્યારે મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં બજાર મૂડીકરણમાં ઘટાડો વધુ સ્પષ્ટ થયો છે. આગામી ક્વાર્ટરમાં રિટેલ અને HNI શેરહોલ્ડિંગનું મૂલ્ય પુનઃપ્રાપ્ત થઈ શકે છે કારણ કે ભારત-યુએસ વેપાર કરારને પગલે સ્મોલ-અને મિડ-કેપ સેગમેન્ટમાં મૂલ્યાંકન ઓછું થયું છે અને બજાર ભાવનામાં સુધારો થયો છે. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) નું હોલ્ડિંગ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ૧૮.૨૮% થી વધીને ૧૮.૭૨% ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યું હતું, જેને ક્વાર્ટર દરમિયાન ?૨.૧ લાખ કરોડના ચોખ્ખા રોકાણો દ્વારા ટેકો મળ્યો હતો.

# ઈલોન મસ્કની AI કંપની ચંદ્ર પર ફેક્ટરી બનાવશે: વર્ષના અંત સુધીમાં કોડિંગની જરૂરિયાત સમાપ્ત થશે

વોશિંગ્ટન, તા.12

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્ક ચંદ્ર પર AI સેટેલાઈટ ફેક્ટરી બનાવશે. મસ્કે જણાવ્યું કે તેઓ આના દ્વારા સૂર્યની ઊર્જા કેપ્ચર કરવા માંગે છે. મસ્કે પોતાની AI કંપની XAIની ઈન્ટર્નલ મીટિંગનો 45 મિનિટનો વીડિયો પોસ્ટ કર્યો, જેમાં આ માહિતી સામે આવી છે. મસ્ક સૂર્યની કુલ ઊર્જાનો 1% હિસ્સો વાપરવા માંગે છે. સાંભળવામાં આ 1% નાનો લાગે છે, પરંતુ તે આજની દુનિયાની કુલ ઊર્જા કરતાં પણ લાખો ગણો વધારે હશે. મસ્કનું માનવું છે કે અંતરિક્ષમાં આપણે એકલા નથી. તેઓ બીજા ગ્રહો પર એલિયન્સના નિશાન અને ત્યાં ક્યારેક રહેલી જૂની સભ્યતાઓના અવશેષો (ખંડેર) શોધવા માંગે છે.

આ માટે ચંદ્ર પર ફેક્ટરીઓ લગાવવામાં આવશે જે AI સેટેલાઈટ્સ બનાવશે. ત્યાં એક 'માસ ડ્રાઈવર' (એક પ્રકારનું ઈલેક્ટ્રોમેગ્નેટિક લોન્ચર) હશે જે સેટેલાઈટ્સને અંતરિક્ષમાં છોડશે.

મસ્ક મુજબ, આના દ્વારા એવા AI ક્લસ્ટર બનાવી શકાય છે જે સૂર્યની કુલ ઊર્જાના મોટા હિસ્સાને કેપ્ચર કરી શકે અને બીજી ગેલેક્સી સુધી વિસ્તરી શકે. મીટિંગમાં મસ્કે જણાવ્યું કે કંપનીમાંથી ઘણા જૂના કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા છે. આમાં કંપનીની શરૂઆત કરનાર ફાઉન્ડિંગ ટીમના સભ્યો પણ સામેલ છે.

xAI ની શરૂઆત કરનાર 12 મુખ્ય સભ્યોમાંથી હવે ફક્ત અડધા જ મસ્ક સાથે રહ્યા છે. મસ્કે તેને કંપનીના 'ઓર્ગેનાઈઝેશનલ સ્ટ્રક્ચર'માં ફેરફારનું નામ આપ્યું છે. મેક્રોહાર્ડ પ્રોજેક્ટ: તે કમ્પ્યુટર સિમ્યુલેશનથી લઈને સંપૂર્ણ કંપનીઓની મોડેલિંગ કરશે. તેનો ઉદ્દેશ્ય AI દ્વારા રોકેટ એન્જિન સુધી ડિઝાઈન કરવાનો છે.

આ પ્રોજેક્ટ માત્ર સામાન્ય સોફ્ટવેર જ નહીં બનાવે, પરંતુ સંપૂર્ણ કંપનીઓનું 'ડિજિટલ સિમ્યુલેશન' તૈયાર કરશે. તેનો અર્થ એ છે કે AI એક કંપનીના દરેક વિભાગ, સપ્લાય ચેઈન અને બિઝનેસ નિર્ણયોનું કમ્પ્યુટર મોડેલ બનાવશે. આનાથી કોઈપણ મોટા નિર્ણયને વાસ્તવમાં લાગુ કરતા પહેલા AI પર ટેસ્ટ કરી શકાશે કે તેનું પરિણામ શું આવશે.

મેક્રોહાર્ડનો એક મોટો લક્ષ્ય AI દ્વારા જટિલ મશીનો ડિઝાઈન કરવાનો છે. આ AI એટલું એડવાન્સ હશે કે તે પોતે જ રોકેટના એન્જિન અને તેના પાટ્ર્સની ડિઝાઈન તૈયાર કરશે, જેનાથી માનવીય ભૂલની શક્યતા સમાપ્ત થઈ જશે અને કામની ગતિ અનેક ગણી વધી જશે. હવે AI મોડેલ્સ કોઈપણ સમસ્યાને એક અનુભવી એન્જિનિયરની જેમ સમજે છે. જો પ્રોગ્રામમાં કોઈ ભૂલ આવે છે.

# અકાસા એરના કો-ફાઉન્ડર પ્રવીણ અય્યરનું રાજીનામું: 30 એપ્રિલે પદ છોડશે, આનંદ શ્રીનિવાસન નવા ચીફ કમર્શિયલ ઓફિસર બનશે




નવી દિલ્હી, તા.11

અકાસા એરના સહ-સ્થાપક અને ચીફ કોમર્શિયલ ઓફિસર (CCO) પ્રવીણ અય્યરે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેઓ 30 એપ્રિલ 2026 સુધી કંપની સાથે રહેશે જેથી નવી લીડરશિપને જવાબદારી સોંપવામાં મદદ કરી શકે. તેમની જગ્યાએ હવે આનંદ શ્રીનિવાસનને નવા CCO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પ્રવીણ અય્યર અકાસાની શરૂઆતની કોર ટીમનો ભાગ હતા અને તેમણે એરલાઈનની કોમર્શિયલ સ્ટ્રેટેજી બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

અકાસા એરમાં છેલ્લા કેટલાક મહિનામાં આ બીજું મોટું રાજીનામું છે. આ પહેલા ઓક્ટોબર 2025માં કંપનીના ઈન્ટરનેશનલ ઓપરેશન્સના વડા અને સહ-સ્થાપક નીલુ ખત્રીએ પણ રાજીનામું આપ્યું હતું.

પ્રવીણ અય્યર એરલાઈનની એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય પણ હતા અને તેમને એવિએશન સેક્ટરનો 20 વર્ષથી વધુનો અનુભવ છે. અકાસા પહેલા તેઓ જેટ એરવેઝ અને કતાર એરવેઝ જેવી મોટી કંપનીઓમાં સિનિયર પદો પર કામ કરી ચૂક્યા છે.

આનંદ સંભાળશે કોમર્શિયલ ટીમની કમાન પ્રવીણના ગયા પછી આનંદ શ્રીનિવાસન હવે કોમર્શિયલ ટીમની જવાબદારી સંભાળશે. આનંદ હાલમાં કંપનીમાં ચીફ ઈન્ફોર્મેશન ઓફિસર (CIO)ના પદ પર છે. CEO વિનય દુબેએ આ બદલાવ પર કહ્યું કે આનંદ શરૂઆતથી જ અકાસાની ટીમનો ભાગ રહ્યા છે.

તેમની પાસે ટેકનોલોજી અને કોમર્શિયલ સ્ટ્રેટેજીનું ઉત્તમ કોમ્બિનેશન છે, જે એરલાઈનના આગામી તબક્કા માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે. આનંદના CCO બન્યા પછી હવે IT વિભાગની જવાબદારી ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર (CFO) અંકુર ગોયલને સોંપવામાં આવી છે. એરલાઈને એક સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું કે પ્રવીણે પોતાના અંગત જીવનની નવી સફર શરૂ કરવા માટે આ નિર્ણય લીધો છે. CEO વિનય દુબેએ કહ્યું, 'પ્રવીણે માત્ર અકાસાના કોમર્શિયલ વિઝનને જ તૈયાર નથી કર્યું, પરંતુ એરલાઈનનો પાયો નાખવામાં પણ મોટી મદદ કરી. શરૂઆતના વર્ષોમાં તેમના નેતૃત્વ અને વિઝન માટે અમે તેમના આભારી છીએ.'

પ્રવીણ અય્યરે તેમના રાજીનામા પર કહ્યું, 'અકાસા એરનો પ્રવાસ મારા માટે ખૂબ જ સંતોષજનક રહ્યો છે. મને ગર્વ છે કે અમે આટલા ઓછા સમયમાં આટલી મોટી સિદ્ધિઓ હાંસલ કરી. એરલાઈન હવે તેના વિકાસના આગલા તબક્કા માટે સંપૂર્ણપણે તૈયાર છે.


પશ્ચિમ રેલવે
અમદાવાદ ડિવિઝન

કમિન્સ બનાવવા માટે ડી ચેક કીટ માટેના સ્પેર્સ

પક્ષિક ટેન્ડર જાહેરાત, ભારતના રાષ્ટ્રપતિ વતી સિનિયર ડીએમએમ અમદાવાદ સામગ્રીના પુરવઠા માટે નીચેના ઇલેક્ટ્રોનિક ઓપન ટેન્ડરને આમંત્રણ આપે છે: **અનુ નં (1); સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન:** કમિન્સ બનાવટ માટે ડી ચેક કીટ માટેના સ્પેર્સ; **જથ્થો:** 08 સેટ; **ટેન્ડર સમાપ્તિ તારીખ:** 16.03.2026; ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ADI-273

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# 7.97 કરોડના ગાંજા સાથે ભાઈ-બહેન ઝડપાયા: યુવતીએ ગાંજાની તસ્કરી માટે રાજસ્થાનના યુવકોની ફૌજ તૈયાર કરી

**અમદાવાદ, તા.12**

અમદાવાદ SOGએ બેંગકોકથી અમદાવાદ સુધી ગાંજાની સિન્ડીકેટ ચલાવતી ચેનલનો પર્દાફાશ કર્યો છે. SOGએ 7.97 કરોડના હાઈબ્રીડ ગાંજા સાથે ભાઈ-બહેનની ધરપકડ કરી હતી. યુવતીએ ડ્રગ્સ માફીયાના કહેવાથી ગાંજાની તસ્કરી માટે ચાર રાજસ્થાનના યુવકોની ફૌજ તૈયાર કરી હતી અને જાન્યુઆરીમાં તેમને ગાંજો લેવા માટે પણ મોકલ્યા હતા. ગાંજાની ખેપમાં મુંબઈ એરપોર્ટ પરથી એક યુવક ઝડપાયો હતો જ્યારે ત્રણ લોકો કરોડો રુપિયાનો માલ લઈને બહાર નીકળી ગયા હતા.

SOGના હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહને બાતમી મળી હતી કે જીયા ઉર્ફે જેશીકા પ્રજાપતિ અને ચેતન પ્રજાપતિએ મીલન અને અમરાન જોશી નામના શખ્સો પાસેથી થાઈલેન્ડથી ગાંજો મંગાવ્યો છે. બંને શખ્સોએ ગાંજો લઈને જીયા અને ચેતનને આપ્યો હતો અને તે વેગેનાર કારમાં ચિલોડાથી એરપોર્ટ તરફ જવાના છે. બાતમીના આધારે SOGની ટીમ વોચમાં હતી ત્યારે એક વેગેનાર કાર આવી હતી. SOGએ તેને કોર્ડન કરી લીધી હતી અને યુવક અને યુવતીને બહાર ઉતરવા માટે કહ્યું હતું.

કાર ચલાવનાર યુવકનું નામ ચેતન સુભાષચંદ્ર પ્રજાપતિ છે અને તે મુળ રાજસ્થાનના રાજસમદ જીલ્લા નાથદ્વારા તાલુકાના ગુંજોલ ગામનો રહેવાસી છે. ચેતનની બાજુમાં જીયા ઉર્ફે જેશીકા કાલુરામ પ્રજાપતિ બેઠી હતી, જે ગાંજાની હેરફેરની માસ્ટરમાઈન્ડ છે. જીયા નોબલનગર કોતરપુર વોટર વર્કસની પાસે આવેલા ઘનશ્યામનગરમાં રહે છે.

SOGએ જીયા અને ચેતનની અંગજડતી કરી હતી, પરંતુ તેમની પાસે માત્ર મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ બાદ SOGએ કારની ઝડતી કરતા તેમાથી ત્રણ થેલા મળી આવ્યા હતા જેને વારાફરથી ખોલીને જોતા કેટલાક પાર્સલ હતા. પાર્સલમાં ભુખરા રંગની વનસ્પતિ હતી.



SOGએ બંનેને વનસ્પતિ મામલે પૂછતા તેમણે હાઈબ્રીડ ગાંજો હોવાની કબૂલાત કરી હતી. બંનેની અટકાયત કરીને તેમને SOGની વડી કચેરીએ લઈને આવ્યા હતા.SOGએ તરત જ એફએસએલના અધિકારીઓને જાણ કરી દીધી હતી. FSLએ આવીને વનસ્પતિનું પરિક્ષણ કર્યુ હતું અને બાદમાં તે હાઈબ્રીડ ગાંજો હોવાનું સામે આવ્યુ હતું. SOGએ વજનકાંટાથી વનસ્પતિનું વજન કરતા તે 22.780 કિલો હોવાનું સામે આવ્યુ હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ગાંજાની કિંમત 7.97 કરોડ રૂપિયા થાય છે. FSLના રીપોર્ટ બાદ SOGએ બંનેની પૂછપરછ શરુ કરી હતી.

જીયા પ્રજાપતિ નવેમ્બર 2025માં બેંગકોક ગઈ હતી જ્યા તેની મુલાકાત મિલન વઘાસિયા (રહે, સુરત) સાથે થઈ હતી. બંને વચ્ચે મિત્રતા થયા બાદ જીયા બેંગકોકથી અમદાવાદ આવવા માટે નીકળી હતી ત્યારે મિલને તેની મુલાકાત અરમાન જોશી સાથે કરાવી હતી. અમરાન જોશી અમદાવાદનો જ રહેવાસી છે. અરમાને જીયાને બેંગકોકથી હાઈબ્રીડ ગાંજાની તસ્કરી કરવાની ઓફર આપી હતી, પરંતુ જીયાએ ઓફરને ફગાવી દીધી હતી.

અરમાને જીયાને કહ્યુ હતું કે તું મને એવા માણસો આપ કે બેંગકોકથી ગાંજો લઈને આવી શકે. અમરાને જીયાને માણસો ગોઠવી આપવાના બદલામાં કમીશન આપવાની પણ વાત કરી હતી. જીયા અરમાનની લાલચમાં આવી ગઈ હતી અને તેણે પોતાના કૌટુંબીક ભાઈ ચેતન પ્રજાપતિને ડ્રગ્સની હેરફેર માટે સામેલ કર્યો હતો.

જીયા અને ચેતને મળીને રાજસ્થાનના નાથદ્વારામાં રહેતા ગોપાલ સોલંકી, ઉમેશ સોલંકી તથા પ્રશાંત કલાલ અને ભુવનેશ બુનકરને બેંગકોક જવા માટે તૈયાર કર્યા હતા. ચારેય જણા ગાંજો લઈને આવે તો જીયાને કમીશન મળશે તેવી વાત અરમાને કરી હતી.

જાન્યુઆરી 2026માં ચારેયને બેંગકોક મોકલ્યા હતા જ્યારે મુંબઈ એરપોર્ટ ખાતે ભુવનેશ ગાંજા સાથે ઝડપાયો હતો. આ સિવાય બીજા ત્રણેય મિત્રો ગાંજો એરપોર્ટની બહાર લાવવામાં સફળ થઈ ગયા હતા. ભુવનેશ જેલમાં હોવાથી જીયા અને ચેતને ગાંજાનો જથ્થો તેમની પાસે રાખ્યો હતો. બંને આ ગાંજો વેચવા માટે નીકળ્યા હતા ત્યારે SOGએ બાતમીના આધારે તેમની ધરપકડ કરી છે. SOGએ 7.97 કરોડના જથ્થા સાથે ભાઈ-બહેનની ધરપકડ કરી છે જ્યારે બીજા લોકોની શોધખોળ માટે કાર્યવાહી હાથ ધરી છે. SOGએ ચેતન, જીયા, મિલ, અરમાન, ગોપાલ, ઉમેશ, પ્રશાંત અને ભુવનેશ વિરૂદ્ધ ક્રાઈમ બ્રાંચમાં ગુનો દાખલ કર્યો છે.

# ઈન્ચાર્જ DGPએ અમદાવાદમાં મિલકત સંબંધી ગુના અને ટ્રાફિકની સમસ્યા મુદ્દે વ્યક્ત કરી ચિંતા

**અમદાવાદ, તા.12**



અમદાવાદ પોલીસ કમિશનર ઓફિસે આજે (12મી ફેબ્રુઆરી) રીજનલ ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. જેમાં અમદાવાદ પોલીસ કમિશનર, ગાંધીનગર અને અમદાવાદ રેન્જ IG, JCP અને DCP સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કોન્ફરન્સમાં વધતા વાહનવ્યવહારને કારણે થતી ટ્રાફિક સમસ્યાઓ દૂર કરવા અને સાયબર ફ્રોડ ઘટાડવા સહિતની બાબતો પર ચર્ચા થઈ હતી.

ઈન્ચાર્જ DGP કે.એલ.એન રાવએ જણાવ્યું કે, 'આ કોન્ફરન્સમાં વર્ષ 2025ના ક્રાઈમ પ્રોફાઈલ અને જાન્યુઆરી 2026ના ગુનાખોરીના આંકડાઓનું એનાલિસિસ કરવામાં આવ્યું છે. અમદાવાદમાં ગંભીર પ્રકારના ગુનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે, પરંતુ તેની સામે પોલીસ દ્વારા ગુનાઓના ડિટેક્શનમાં પણ વધારો જોવા મળ્યો છે. મિલકત સંબંધિત ગુનાઓમાં ડિટેક્શન રેટ હજુ વધુ સુધારવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવા માટે 'નેત્રમ' અને ત્રિનેત્રમ પ્રોજેક્ટ હેઠળ ટૂંક સમયમાં જ સમગ્ર ગુજરાતમાં સીસીટીવી કવરેજ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી છે.'

સાયબર ફ્રોડ અંગે તેમણે જણાવ્યું હતું કે, 'સિનિયર સિટીઝન્સ સાયબર ફ્રોડના ગુનાઓનો વધુ ભોગ બનતા હોવાથી તેમનામાં જાગૃતિ ફેલાવવામાં આવશે. સાયબર એક્સપર્ટ્સ અને બેન્ક અધિકારીઓના સંકલનથી મ્યુલ એકાઉન્ટ્સ અંગે કેમ્પેન કરશે. નાર્કોટિક્સ માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત, પોલીસને વધુ સક્ષમ બનાવવા માટે પ્રથમ તબક્કામાં 9,000 જવાનોની ભરતી પૂર્ણ થઈ છે અને બીજા તબક્કાની ભરતી પ્રક્રિયા પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે.'

# 26 ફેબ્રુઆરીએ નગરદેવી માતા ભદ્રકાળીની નગરયાત્રા: 5થી 7 હજાર લોકો માટે ભંડારાનું આયોજન

**અમદાવાદ, તા.12**

અમદાવાદ શહેરની આરાધ્ય દેવી નગરદેવી શ્રી ભદ્રકાળી માતાજીની બીજી નગર યાત્રા 26મી ફેબ્રુઆરીના રોજ ભવ્ય રીતે યોજાવાની છે. નગરદેવી ભદ્રકાળી માતાજી મંદિરના ટ્રસ્ટી શશીકાંત તિવારીએ આ અંગે માહિતી આપી હતી. આ વખતે આ યાત્રાની ખાસિયત એ રહેશે કે, આ વખતે ખાડિયા અને રાયપુર વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવશે. યાત્રાનો પ્રારંભ સવારે 7 વાગ્યે માતાજીના ગર્ભગૃહમાંથી ચલિત મૂર્તિને રથમાં બિરાજમાન કરવાથી થશે. આ નગરયાત્રામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવી શકે તેવી શક્યતા છે. તેમના હસ્તે યાત્રાનો પ્રારંભ થઈ શકે તેવી શક્યતા છે.




નગરયાત્રાનો રૂટ શહેરના ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોને આવરી લેતો રહેશે. ત્રણ દરવાજા ખાતે અખંડ દીવાના દર્શન માટે રથ બે મિનિટ માટે રોકાશે. માણેકનાથ બાબાના મંદિરે માતાજીની આરતી યોજાશે. રતનપોળ અને ખાડિયા ચાર રસ્તા પાસે પાંચ મિનિટનો વિરામ રહેશે. આગળ રાયપુર ચકલા સ્થિત ચક્રેશ્વર મહાદેવ મંદિરે આરતી અને દર્શન થશે, જ્યારે ઢાળની પોળ ખાતે પાંચ મિનિટ રોકાણ રહેશે. મ્યુનિસિપલ કોઠા ખાતે કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા માતાજીની આરતી કરવામાં આવશે. યાત્રા જગન્નાથ મંદિર પહોંચશે, જ્યાં નગરદેવી નગરદેવતાના દ્વારે જઈ આરતી થશે. ત્યારબાદ રિવરફ્રન્ટ સ્થિત મહાલક્ષ્મી મંદિરે સાબરમતી માતાની આરતી સાથે 20 મિનિટનો વિરામ રાખવામાં આવ્યો છે. વસંત ચોક સ્થિત ગણેશ મંદિરે આરતી બાદ યાત્રા બહુચરાજી મંદિરે પહોંચશે. અંતે યાત્રા નિજ મંદિરે પરત ફરશે અને ત્યાં 15 મિનિટનો નાનકડો હવન યોજાશે. નગરયાત્રા દરમિયાન 500 કિલો બુંદીનો પ્રસાદ ભક્તોમાં વહેંચવામાં આવશે. યાત્રાના સમાપન પ્રસંગે 5થી 7 હજાર લોકો માટે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લાડુ અને ફૂલવડી પ્રસાદરૂપે પીરસાશે. આ નગરયાત્રાને લઈને શહેરના ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# રાજસ્થાનમાં એન્કાઉન્ટરના ડર લાગતા અમન બચ્ચા અમદાવાદ આવ્યો

## ગુનાહિત નેટવર્ક શરૂ કરવા વેપન, ડ્રગ્સ અને જમીન દલાલને મળ્યો, 2-3 ટાર્ગેટ પણ નક્કી કરી લીધા હતા

**અમદાવાદ, તા.12**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના કુખ્યાત અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ કરી હતી.અમન રાજસ્થાનના 20થી વધુ ગંભીર ગુનાનો આરોપી છે.અમનને રાજસ્થાનમાં હવે ગેંગ ચલાવતા એન્કાઉન્ટર થાય તેવો ડર હતો જેના કારણે અમદાવાદમાં નેટવર્ક શરૂ કરવા માટે આવ્યો હતો. અમન, લોરેન્સ બિશ્નોઈના સંપર્કમાં હતો.બે દિવસમાં અમન નવી ગેંગ શરૂ કરવા માટે અલગ અલગ ડીલરને મળ્યો પણ હતો અને બે ત્રણ ટાર્ગેટ પણ નક્કી કર્યા હતા.જોકે ક્રાઈમ બ્રાન્ચે કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ ધરપકડ કરી લીધી છે.




અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ આઈ.એન ઘાસુરા અને તેમની ટીમે 10 ફેબ્રુઆરીની વહેલી સવારે રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રવિ ગોદારા ગેંગના અમન ઉર્ફે બચ્ચાની ધરપકડ કરી હતી. અમનની સાથે તેનો સાગરિત સુહેબ પણ ઝડપાયો હતો.આ બંને બે દિવસથી અમદાવાદમાં આવ્યા હતા.અમન અમદાવાદમાંથી પોતાનું નવું નેટવર્ક શરૂ કરી અહીંથી જ નેટવર્ક ચલાવવા માટે આવ્યો હતો.

નવું નેટવર્ક ઊભું કરવા માટે અમન અમદાવાદમાં વેપન ડીલર, ડ્રગ્સ ડીલર અને જમીન દલાલને મળ્યો હતો.અમદાવાદમાં જમીનનું મોટાપાયે કામકાજ શરૂ કરવાનો પણ અમનનો પ્લાન હતો. અમદાવાદમાંથી જ નવા છોકરાઓ ગેંગ માટે કામ કરે તેની પણ શોધખોળ કરતો હતો,આ માટે કેટલાક લોકોને પણ મળ્યો હતો. અમનના સગા અમદાવાદમાં રહે છે તેમની પણ હાલ તપાસ ચાલી રહી છે. અમન છેલ્લા 6 વર્ષથી જેલમાં હતો.એક મહિના અગાઉ જ તે જામીન પર બહાર આવ્યો છે.અમન જેલમાં હતો ત્યારે પણ નેટવર્ક ચાલુ જ હતું.અમનની ગેંગના કેટલાક લોકો દ્વારા અમનના નામના ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી લોકો પાસેથી ખંડણી લેવામાં આવતી હતી.અમન લોરેન્સ બિશનોઈના પણ સંપર્કમાં હતો.

અમન અમદાવાદમાં બે દિવસ રોકાયો ત્યારે જેને મળ્યો તે તમામની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમને કોઈ ડીલ કરી છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.અમન અમદાવાદમાં કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ તો કરી લીધી છે પરંતુ હાલ તે જેના સંપર્કમાં હતો તેની તપાસ ચાલી રહી છે જે પૂર્ણ થતા અનેક મોટા ખુલાસા થઈ શકે છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વાસણા વેજલપુર રોડ પરથી રાજસ્થાનની કુખ્યાત ગેંગના અમન ઉર્ફે બચ્ચા અને સુહેબ ઉર્ફે ચિન્ટુ પઠાણની ધરપકડ કરી છે. બંનેને પકડવા ક્રાઈમ બ્રાન્ચનું 7 કલાક સુધી ઓપરેશન ચાલ્યું હતું. જેમાં ગેંગસ્ટરને એક પીઆઈ સહિત 6 પોલીસકર્મીની ટીમે ઝડપી પાડ્યા હતા. હાલ બંનેને કોટા પોલીસને સોંપવામાં આવ્યા છે.

ક્રાઈમ બ્રાન્ચે રવિ ગોદારા ગેંગના 2 કુખ્યાત ગેંગસ્ટરને ક્રેટામાંથી કોલર પકડીને બહાર કાઢ્યા ને પોલીસ વાનમાં બેસાડ્યા. રાજસ્થાનમા ગેંગ બાદ અમદાવાદને ગેંગ ચલાવવા પસંદ કર્યું હતું.

# ઈસ્કોન મંદિર પાસે GSTVની ઓફિસ પાછળના ગોડાઉનમાં આગ

## ફાયર વિભાગની 8 ગાડીએ આગ કાબૂમાં લીધી, ફેબ્રિકેશનના કામને કારણે આગ લાગી હોવાનું અનુમાન

**અમદાવાદ, તા.12**

ઈસ્કોન મંદિર પાસે આવેલી GS ટીવીની ઓફિસ પાછળ આવેલા વ્હીલ ચેરના ગોડાઉનમાં આગ લાગી છે. જેને પગલે ફાયર વિભાગની 8 ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી હતી. ફેબ્રિકેશનને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષથી અહીં વ્હીલચેરમાંથી ગાડી બનાવવાની કામગીરી કરવામાં આવી રહી હતી.



ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરેએ જણાવ્યું કે, GSTV પાસે આગ લાગવા અંગે મેસેજ મળ્યો હતો. કોઈને ઈજા થઈ નથી. તુરંત જ ફાયર વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી હતી. 40 જવાનોએ આગ કાબૂમાં મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. વ્હીલચેરનું કામ કરવા માટે ફેબ્રિકેશનનું કામ ચાલી રહ્યું હતું. પ્રાથમિક તપાસમાં ફેબ્રિકેશનને કારણે આગ લાગી હોય એવું બની શકે છે. ધૂમાડો ખૂબ હોવાથી વેન્ટિલેશનનું કામ કરવામાં આવ્યું હતું.

# પતિએ પત્નીની વર્ષોની બચત પર હાથફેરો કર્યો: LIC એજન્ટ સાથે મળી કરિયાણાના વેપારીએ પત્નીની ખોટી સહીઓ કરી 17.46 લાખ રૂપિયા પડાવ્યા

**સુરત, તા.12**

સુરતના અઠવા પોલીસે પત્ની સાથે 17.46 લાખની છેતરપિંડી આચરનાર આરોપી પતિ મનીષ પ્રેમચંદ શાહની ધરપકડ કરી લીધી છે. કરિયાણાની દુકાન ચલાવતા મનીષે પોતાની જ પત્ની મોનિકાબેનની LIC પોલિસીમાં બોગસ સહીઓ કરી પૈસા હડપ કર્યા હતા. પત્ની દ્વારા ફરિયાદ નોંધાવ્યાના ટૂંક સમયમાં જ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીની ધરપકડ કરી છે.

ધરપકડ કરાયેલા આરોપી મનીષે પૂછપરછમાં કબૂલાત કરી છે કે તેણે વર્ષ 2021માં આ આખું ષડયંત્ર રચ્યું હતું. પત્નીની જાણ બહાર તેણે LICના ફોર્મમાં નોમિની તરીકે રહેલા પિતાના નામ પર વ્હાઈટનર ફેરવી દીધું હતું અને પત્નીની સહીની નકલ કરી પોતાનું નામ ચઢાવી દીધું હતું. પોલીસે આરોપીના કબ્જામાંથી છેતરપિંડીમાં વપરાયેલા દસ્તાવેજોની તપાસ હાથ ધરી છે, જેમાં તેની સંડોવણીના સ્પષ્ટ પુરાવા મળી આવ્યા છે.



આ બનાવની વિગત મુજબ, આરોપીએ માત્ર નોમિનીમાં ફેરફાર જ નહોતો કર્યો, પરંતુ બેંકના જોડિયા ખાતાનો કેન્સલ ચેક આપીને પત્નીના હકની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. અઠવા પોલીસે આરોપી પતિ વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને બનાવટી દસ્તાવેજો બનાવવાના ગુના હેઠળ કડક કાર્યવાહી કરી છે. આરોપીની ધરપકડ થતા જ આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય શખ્સોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

હાલમાં પોલીસ આરોપી પતિના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી રહી છે. જેથી એ જાણી શકાય કે LIC ઓફિસના કયા કર્મચારીએ તેને આ કૌભાંડમાં મદદ કરી હતી. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આ કેસમાં સાક્ષી તરીકે સહી કરનાર જયેશ શાહ અને વર્ષ 2021માં કાર્યરત LICના લોન સેક્શનના અધિકારીની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. પત્નીની પરસેવાની કમાણી પર તરાપ મારનાર પતિ હવે કાયદાકીય સકંજામાં ફસાયો છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

